અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૦ ડિસેમ્બર ૨૦૨૪, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૧, માગશર વદ ૫

વર્ષ : ૧૬
અંક : ૧૬૯

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ભાજપે રાહુલ ગાંધી વિરુદ્ધ સંસદ માર્ગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી

# રાહુલ ગાંધી પર ધક્કો મારવાનો આરોપ, ભાજપના સાંસદ પ્રતાપ સારંગી ઈજાગ્રસ્ત

## ભાજપના સાંસદે લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધી પર મોટો આરોપ લગાવતા કહ્યું કે તેમના ધક્કાથી હું પડી ગયો અને મારા માથામાં ઈજા થઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ભારતીય જનતા પાર્ટીના સાંસદ પ્રતાપ સારંગી ઈજાગ્રસ્ત થઈ ગયા છે. ભાજપના સાંસદ સારંગીનો દાવો છે કે રાહુલ ગાંધીના ધક્કાથી તેઓ ઈજાગ્રસ્ત થયા છે. તેમને હાલ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. ભાજપ આ મામલે રાહુલ ગાંધી વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરાવી શકે છે. સારંગીએ કહ્યું કે હું સીડીઓ પર ઊભો હતો. રાહુલ ગાંધીએ એક સાંસદને ધક્કો માર્યો અને તે સાંસદ મારા પર પડ્યા. જેનાથી હું પડી ગયો અને ઈજાગ્રસ્ત થયો. કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ અને પ્રહ્લાદ જોશી રામ મનોહર લોહિયા હોસ્પિટલ પહોંચી ગયા છે. પ્રતાપ સારંગીના હાલચાલ જાણવા તેઓ હોસ્પિટલ પહોંચ્યા છે. સંસદ પરિસરમાં ભાજપના સાંસદ સાથે ધક્કામુક્કીની જાણકારી પીએમ મોદીને આપવામાં આવી છે. ભાજપના પ્રવક્તા સંબિત પાત્રા પણ રામ મનોહર લોહિયા હોસ્પિટલ પહોંચ્યા અને હાલચાલ જાણ્યા. હોસ્પિટલમાંથી બહાર આવ્યા બાદ પાત્રાએ જણાવ્યું કે હાલ પ્રતાપ સારંગી અને મુકેશ રાજપૂત આઈસીયુમાં છે. બંનેનું ખુબ લોહી વહી ગયું છે. તેઓ ડોક્ટરોની નિગરાણી હેઠળ છે. સંસદમાં દબાણ અને ખેંચાણને લઈને હવે રાજકારણ વધુ ઉગ્ર બન્યુ છે. ભાજપે રાહુલ ગાંધી પર તેના સાંસદોને ધક્કો મારવાનો અને ધક્કામુક્કા કરવાનો આરોપ લગાવ્યો છે, જેમાં બે સાંસદો ઘાયલ થયા છે અને હૉસ્પિટલમાં દાખલ છે. મહિલા સાંસદે રાહુલ ગાંધી પર પણ આરોપ લગાવ્યા છે. આ ધક્કામુક્કી ઘટના અંગે ભાજપ અને કોંગ્રેસ બંનેએ સંસદ માર્ગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ભાજપે પોતાની ફરિયાદમાં રાહુલ ગાંધી પર હત્યાના પ્રયાસનો આરોપ પણ લગાવ્યો છે. ભાજપે રાહુલ ગાંધી વિરુદ્ધ સંસદ માર્ગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ પછી બીજેપી સાંસદ અનુરાગ ઠાકુરે કહ્યું કે, તેમને કાયદાનું ઉલ્લંઘન કરવાની આદત છે. તેમની ઝપાઝપીમાં, બે સાંસદો નીચે પડી ગયા અને ઘાયલ થયા, હત્યાના પ્રયાસની કલમો હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. બીએનએસની કલમ ૧૦૯ હેઠળ ફરિયાદ આપવામાં આવી છે. આ ઘટના બાદ પણ રાહુલ ગાંધીનો અહંકાર તૂટ્યો ન હતો અને તેઓ સાંસદોને મળ્યા વગર જ નીકળી ગયા હતા. રાહુલ ગાંધી પોતાને કાયદાથી ઉપર માને છે. જ્યારે કોંગ્રેસે પણ ફરિયાદ નોંધાવી ત્યારે ઠાકુરે કહ્યું કે, ઉલટા ચોર કોટવાલ કો ડાંટે. આ એ જ રાહુલ ગાંધી છે જે પોતાની જ સરકારના વટહુકમને ફાડી નાખે છે.



### રાહુલ ગાંધી ઉપર મહિલા સાંસદને ધક્કો મારવાનો આરોપ

સંસદની બહાર આજે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ધક્કામુક્કીને લઈને વિવાદ વધ્યો છે. હવે ભાજપે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી પર મહિલા સાંસદને ધક્કો મારવાનો આરોપ લગાવ્યો છે. આ ઉપરાંત રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે કહ્યું હતું કે, મને મહિલા સાંસદ તરફથી ફરિયાદ મળી છે. મહિલા સાંસદ રડતી મારી પાસે આવ્યા હતા. અહેવાલો અનુસાર, નાગાલેન્ડના સાંસદ ફાંગનોન કોન્યાકે ધોક્કો લાગ્યાનો આરોપ લગાવ્યો હતો. આ મામલે રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે જણાવ્યું હતું કે, મહિલા સાંસદ રડતાં રડતાં મારી પાસે આવ્યા હતા. તેમણે મને લેખિત ફરિયાદ કરી છે. તે ભારે આઘાતમાં હતી.



### ભાજપના સાંસદ અમને અંદર જતા રોકી રહ્યા હતા

ગુરુવારે સંસદમાં હોબાળો થતાં વાતાવરણ ગરમાયું છે. વિપક્ષના નેતા રાહુલ ગાંધી પર ભાજપના સાંસદ પ્રતાપ ચંદ્ર સારંગીને જમીન પર ધક્કો દેવાનો આરોપ લાગ્યો હતો. જોકે, રાહુલે સ્પષ્ટતા કરી હતી કે, અમને અંદર જતા અટકાવવામાં આવ્યા હતા અને ત્યાં અમને ધક્કો મારવામાં આવ્યો હતો. રાહુલ ગાંધીએ સ્પષ્ટતા કરતા કહ્યું કે, અમે મકર દ્વારથી સંસદની અંદર જઈ રહ્યા હતા. ભાજપના લોકો ત્યાં ઉભા હતા અને તેમને અંદર જતા રોક્યા હતા. સ્થળ પર ધક્કામુક્કી થઈ હતી અને લોકો નીચે પડી ગયા હતા. આ લોકો બંધારણ પર હુમલો કરી રહ્યા છે અને આંબેડકરનું અપમાન કરી રહ્યા છે. મુખ્ય મુદ્દો એ છે કે, તેઓ બંધારણ પર હુમલો કરી રહ્યા છે. રાહુલે ભાજપના સાંસદો પર તેમને એન્ટ્રી ગેટ પર રોકવાનો આરોપ લગાવ્યો છે.

### અમિત શાહને બચાવવા માટેનું કાવતરું છે : પ્રિયંકા

સંસદમાં થયેલી ધક્કામુક્કી કાંડ પર વાયનાડથી લોકસભા સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ વળતો પ્રહાર કર્યો છે. પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું કે, 'આ અમિત શાહને બચાવવાનું કાવતરું છે. શાહની વાતોમાં અસલી ભાવના નીકળી ગઈ. હું ભાજપના સાંસદને ચેલેન્જ આપું છું કે, અહીં ઊભા રહીને જય ભીમ બોલે.' ગુરુવારે સવારે સંસદ પરિસરમાં વિરોધ-પ્રદર્શન દરમિયાન ભાજપના બે સાંસદ પ્રતાપ સારંગી અને મુકેશ રાજપૂતને ઈજા થઈ હતી. ભાજપે દાવો કર્યો કે, રાહુલ ગાંધીના ધક્કાથી બંને સાંસદોને ઈજા થઈ. જોકે, કોંગ્રેસે તેને નકારતા વળતો પ્રહાર કર્યો અને ભાજપ પર આરોપ લગાવ્યો કે, તેઓએ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને ધક્કો માર્યો, જ્યારબાદ તે જમીન પર પડી ગયા અને તેમને ઈજા થઈ.

### કોંગ્રેસના સાંસદોએ પણ નોંધાવી પોલીસ ફરિયાદ

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના ડો. આંબેડકર મુદ્દે સંસદમાં આપેલા નિવેદન પર રાજકારણ ગરમાયું છે. હવે આ મામલે આજે ભાજપ અને કોંગ્રેસ બંને આક્રમક મૂડમાં દેખાયા હતા અને જેના દ્રશ્યો સંસદના પ્રાંગણમાં જ સામે આવ્યા હતા. જ્યાં ભાજપ અને કોંગ્રેસના સાંસદો વચ્ચે ધક્કામુક્કી થઈ હતી. એવામાં હવે આ મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો છે. મહિલા સાંસદો સહિત કોંગ્રેસના સાંસદોનું એક પ્રતિનિધિમંડળ ભાજપ વિરુદ્ધ ફરિયાદ કરવા સંસદ માર્ગ પોલીસ સ્ટેશન પહોંચ્યું હતું. જ્યાં તેમણે લેખિત ફરિયાદ આપી હતી. ભાજપનો આરોપ છે કે રાહુલ ગાંધીએ બીજેપી સાંસદને ધક્કો માર્યો હતો. આ પછી તેઓ સાંસદ પ્રતાપ સારંગી પર પડ્યા હતા. જેમાં પ્રતાપ સારંગી અને મુકેશ રાજપૂત ઘાયલ થયા હતા. બંને સાંસદો હોસ્પિટલમાં દાખલ છે.

### રાજ્યસભા અધ્યક્ષ ધનખડ સામેનો અવિશ્વાસ પ્રસ્તાવ રદ

રાજ્યસભાના અધ્યક્ષ અને ઉપ રાષ્ટ્રપતિ જગદીપ ધનખડની સામે વિપક્ષના અવિશ્વાસ પ્રસ્તાવની નોટિસ રદ કરવામાં આવી છે. ત્યારબાદ તેની પાછળનું કારણ છે કે, અવિશ્વાસ પ્રસ્તાવની નોટિસ ઓછામાં ઓછા ૧૪ દિવસ પહેલાં આપવી જરૂરી છે, જે આપવામાં નહતી આવી. તેથી, રાજ્યસભાના ઉપાધ્યક્ષે ટેક્નિકલ આધારે વિપક્ષના આ પ્રસ્તાવને રદ પ્રસ્તાવ રદ કરી દીધો છે. આ સાથે જ વિપક્ષનો દાવ ચાલી ન શક્યો. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ઉપાધ્યક્ષ હરિવંશે નિર્ણય સંભળાવતા કહ્યું કે, આ પ્રસ્તાવ બીજા સૌથી મોટા બંધારણીય પદ પર બેઠેલા વ્યક્તિની સામે એક નેરેટિવ બનાવવા માટે લાવવામાં આવ્યો હતો. ઉપાધ્યક્ષ હરિવંશે અસ્વીકૃતિનું કારણ જણાવતા કહ્યું કે, ૧૪ દિવસની નોટિસ, જે આ પ્રસ્તાવ રજૂ કરવા માટે અનિવાર્ય છે, જે આપવામાં નથી આવી.

### ખેડૂત નેતા જગજીતસિંહની તબિયત લથડી



। નવી દિલ્હી, તા.૧૯ ।

પંજાબ-હરિયાણાની ખનૌરી બોર્ડર પર અનશન પર બેઠેલા ખેડૂત નેતા જગજીત સિંહ ડલ્લેવાલની તબિયત લથડી ગઈ હતી. અનશનના ૨૪માં દિવસે તેઓ બેહોશ થઈ ગયા હતા. ખેડૂતોના સંગઠને કહ્યું કે ડલ્લેવાલ ઉલ્ટીને કારણે ૧૦ મિનિટ સુધી બેહોશ રહ્યા હતા. છેલ્લા બે દિવસથી ડલ્લેવાલ મંચ પર ભાષણ આપવામાં પણ અસમર્થ હતા. આ કારણે ડલ્લેવાલના સ્વાસ્થ્યની દેખરેખ તંબુમાં જ કરવામાં આવી રહી હતી. આજે બપોરે ડલ્લેવાલની તબિયત ખૂબ જ લથડી ગઈ હતી અને તેઓ બેહોશ થઈ ગયા હતા. આ પછી તેમણે ત્રણથી ચાર વખત ઉલ્ટી પણ કરી હતી. ખેડૂત નેતા જગજીત સિંહ ડલ્લેવાલ છેલ્લા ૨૪ દિવસથી અનશન પર છે. ડોકટરો દરરોજ તેમના સ્વાસ્થ્યની તપાસ કરી રહ્યા છે.

# સંસદ પરિસરમાં વિપક્ષી સાંસદો દ્વારા રેલી કઢાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

વિપક્ષના સાંસદોએ સંસદ ભવનની અંદર પ્રદર્શન કરવાની તૈયારીઓ કરી લીધી હતી. બુધવારે પણ વિપક્ષી નેતાઓએ હોબાળો મચાવ્યો હતો. આ પછી ગૃહની કાર્યવાહી રદ કરવી પડી હતી. ડો. ભીમરાવ આંબેડકરને લઈને રાજ્યસભામાં ગૃહમંત્રી અમિત શાહે આપેલા નિવેદનને લઈને વિપક્ષ હંગામો મચાવી રહ્યો છે. અમિત શાહે વિરોધ પક્ષોના નેતાઓ પર બાબા સાહેબના નામનો પોતાના ફાયદા માટે દુરુપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો. જો કે વિપક્ષનું કહેવું છે કે ગૃહમંત્રી બાબા સાહેબ આંબેડકરનું અપમાન કરવામાં આવ્યું છે. સંસદનું શિયાળુ સત્ર ૨૦ ડિસેમ્બરે સમાપ્ત થઈ શકે છે. ઈન્ડિયા બ્લોકના સાંસદોએ સંસદ સંકુલમાં બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા સામે વિરોધ માર્ચ કાઢી હતી. તેઓ



રાજ્યસભામાં બાબાસાહેબ આંબેડકર પર કરેલી ટિપ્પણી બદલ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ પાસેથી માફી માંગવા અને રાજીનામાની માંગ સાથે મકર દ્વાર સુધી કૂચ કરશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા ડૉ. બાબા સાહેબ આંબેડકર પર કરવામાં આવેલી ટિપ્પણી સામે કોંગ્રેસ અને MVAના નેતાઓ અને ધારાસભ્યો વિરોધ કરી રહ્યા છે. નાગપુરના બંધારણ ચોકમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યું છે. વિરોધને ધ્યાનમાં રાખીને કોંગ્રેસે ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે. સંવિધાન ચોક ખાતે અમિત શાહ સામે ડો. આંબેડકરના પોસ્ટર હાથમાં લઈને વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. વિરોધમાં સૂત્રોચ્ચાર કરવામાં આવી રહ્યા છે.

કોંગ્રેસના સાંસદ રણદીપ સિંહ સુરજેવાલાએ આજે રાજ્યસભામાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા ડૉ. ભીમરાવ આંબેડકર પર કરેલી ટિપ્પણી વિરુદ્ધ નિયમ ૨૬૭ હેઠળ સ્થગિત પ્રસ્તાવની નોટિસ આપી છે. ભારતીય બ્લોકના સંસદસભ્યો વાદળી વસ્ત્રો પહેરીને આંબેડકર પ્રતિમા પાસેથી ચાલીને મકર દ્વાર જશે. સવારે ૧૦.૧૫ કલાકે સંસદ પરિસરમાં વિરોધ પ્રદર્શન શરૂ થયું હતું.

### આંબેડકરનું નામ જપતા રહીશું : એક્ટર વિજય

। નવી દિલ્હી, તા.૧૯ ।

અમિત શાહે સંસદમાં આંબેડકર વિશે કરેલી ટિપ્પણીને લઈને સંસદની અંદર અને બહાર ભારે હોબાળો થઈ રહ્યો છે. વિરોધ પક્ષ આમિત શાહ માફી માંગે તેવી માંગ કરી રહ્યા છે, જ્યારે ભાજપનું કહેવું છે કે અમિત શાહના નિવેદનને તોડીફોડી ને રજૂ કરવામાં આવી રહ્યું છે. આ દરમિયાન, તમિલ સુપરસ્ટાર અને તમિલગા વેત્રી કઝગમ (TVK)ના પ્રમુખ વિજય પણ આ વિવાદમાં કૂદી પડ્યા છે. એક્ટર વિજયે આંબેડકરની પ્રશંસા કરતાં કહ્યું કે, તેઓ ભારતીય નાગરિકોની સ્વતંત્રતાની ભાવનાનું પ્રતિનિધિત્વ કરે છે.

### નીતિશ-નાયડુને પત્ર લખીને અભિપ્રાય માંગ્યો

## આંબેડકર વિવાદમાં આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલે પણ ઝંપલાવ્યું

**અરવિંદ કેજરીવાલે એનડીએ સરકારના બંને મહત્ત્વપૂર્ણ ભાગીદારોને તેમનું સમર્થન પાછું ખેંચવા વિચારણા કરવા કહ્યું છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

આમ આદમી પાર્ટીના વડા અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આંબેડકર વિવાદ પર એક નવો દાવ રમ્યો છે. જેની મદદથી તેઓ મોદી સરકારને પાડી દેવા માંગે છે. કેજરીવાલે આ માટે નીતિશ કુમાર અને ચંદ્રબાબુ નાયડુને પત્ર લખ્યો છે.

કેજરીવાલે એનડીએ સરકારના બંને મહત્ત્વપૂર્ણ ભાગીદારોને તેમનું સમર્થન પાછું ખેંચવા માટે વિચારણા કરવા કહ્યું છે. હાલ લોકસભામાં ભાજપ પાસે ૨૪૦ બેઠકો છે. સરકાર બહુમતીમાં રહે તે માટે નીતિશ કુમારની જેડીયુ અને નાયડુની ટીડીપીની મહત્ત્વની ભૂમિકા છે. કેજરીવાલે નીતિશ કુમાર અને ચંદ્રબાબુ નાયડુને લખેલા પત્રને સાર્વજનિક પણ કર્યો છે. જેમાં તેમણે સંસદમાં અમિત શાહના નિવેદનનો ઉલ્લેખ કરતાં આરોપ લગાવ્યો હતો કે ગૃહમંત્રી અમિત શાહે બાબા સાહેબનું અપમાન કર્યું છે. તેમણે કહ્યું હતું કે, અમિત શાહના નિવેદનથી દેશભરના કરોડો લોકોની ભાવનાઓને ઠેસ પહોંચી છે. શાહે પોતાના નિવેદન માટે માફી માંગવાને બદલે તેને યોગ્ય ઠેરવ્યું છે.

## જમ્મુ-કાશ્મીરમાં રહસ્યમયી બીમારીએ મચાવેલો આતંક

। (એજન્સી) જમ્મુ, તા.૧૯ ।

જમ્મુ-કાશ્મીરના રાજૌરીમાં એક અજાણી બીમારી સામે આવતા ગભરાટનો માહોલ છે. આ રોગ ખીણમાં ઘણા લોકોને અસર કરી ચૂક્યો છે. મળતી માહિતી મુજબ મૃતકોની સંખ્યા વધીને આઠ થઈ ગઈ છે. બુધવારે રાજૌરીની એક હોસ્પિટલમાં વધુ એક બાળકનું રહસ્યમય બીમારીથી મોત થયું હતું. મૃત્યુઆંક વધવાથી, સત્તાવાળાઓએ અસરગ્રસ્ત ગામમાં કેસ અને મૃત્યુની તપાસમાં મદદ કરવા માટે નિષ્ણાતોની કેન્દ્રીય ટીમની રચના કરી છે. મળતી માહિતી મુજબ, તમામ મૃતકો રાજૌરીના કોત્રંકાના બદહાલ ગામના હતા. અધિકારીઓને કહ્યું કે આ મામલે તપાસ શરૂ કરવામાં આવી છે. પરીક્ષણને ઝડપી બનાવવા અને રોગની ઓળખ કરવા માટે એક બાયોસેફ્ટી લેવલ ૩ મોબાઈલ લેબ રાજૌરી મોકલવામાં આવી છે. એક સત્તાવાર પ્રવક્તાએ કહ્યું, "ઘટનાને ધ્યાનમાં રાખીને, એક બાયોસેફ્ટી લેવલ ૩ મોબાઈલ લેબોરેટરીને રાજૌરી મોકલવામાં આવી છે.

## પંજાબમાં ૨૫ દિવસમાં સાતમો આતંકવાદી હુમલો

। (એજન્સી) ચંદીગઢ, તા.૧૯ ।

પંજાબમાં ૨૫માં દિવસે સાતમો આતંકવાદી હુમલો થયો છે. અહીં સરહદ પાસેના ગુરદાસપુરમાં કલાનૌર પોલીસ સ્ટેશનની બક્ષીવાલ ચોકી પર ગ્રેનેડ ઝીંકવામાં આવ્યો છે, જેની જવાબદારી આતંકવાદી સંગઠન ખાલિસ્તાન જિંદાબાદ ફોર્સે લીધી છે. એક મહિનાની અંતર સાતમી વખત ગ્રેનેડથી હુમલો કરવામાં આવ્યો છે. આ પહેલા છેલ્લા ૨૫ દિવસમાં પંજાબમાં છ મોટા આતંકી હુમલા કરવામાં આવ્યા છે. આતંકવાદીઓ સતત હુમલાઓ કરીને પોલીસ સ્ટેશનને ટાર્ગેટ બનાવી રહ્યા છે. ઘટનાની જાણ થતાં જ પોલીસના અધિકારીઓ અને કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયા છે અને સતત હુમલાની ગંભીરતાને ધ્યાને લઈ તપાસ શરૂ કરી દીધી છે. આતંકીઓ રિક્ષા લઈને ત્યાં આવ્યા હતા અને ચોકી પર ગ્રેનેડ ઝીંકી દીધો હતો. ગ્રેનેડ ફેંકવા માટે ઉપયોગમાં લેવાતી શંકાસ્પદ ઓટો-રિક્ષાને જપ્ત કરવામાં આવી છે અને ફોરેન્સિક ટીમ દ્વારા તેની તપાસ કરવામાં આવી રહી છે.

### હું રાહતનો હકદાર : વિજય માલ્યા

## મારા પાસેથી બમણી રકમ વસૂલવામાં આવી : માલ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

હાલ સંસદનું શિયાળુ સત્ર ચાલી રહ્યું છે. આ દરમિયાન ભાગેડુ બિઝનેસમેન વિજય માલ્યાએ નાણામંત્રી નિર્મલા સીતારમણે સંસદમાં આર્થિક અપરાધીઓ પાસેથી વસૂલવામાં આવેલી રકમ વિશે આપેલી માહિતીનો જવાબ આપ્યો છે. વિજય માલ્યાએ દાવો કર્યો છે કે કિંગફિશર એરલાઈન્સ કેસમાં તેમની પાસેથી વસૂલવામાં આવેલી રકમ ટ્રિબ્યુનલ દ્વારા નક્કી કરવામાં આવેલી રકમ કરતાં બમણી છે. મને રાહત આપવાની જરૂર છે.

લોકસભામાં સપ્લિમેન્ટરી ડિમાન્ડ્સ ફોર ગ્રાન્ટ્સના પહેલા તબક્કા પર થયેલી ચર્ચાનો જવાબ આપતા નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું હતું કે ભાગેડુ વિજય માલ્યાની ૧૪,૧૩૧.૬ કરોડ રૂપિયાની સંપત્તિ જાહેર ક્ષેત્રની બેંકોમાં પરત કરવામાં આવી છે. તેના જવાબમાં ભાગેડુ ઉદ્યોગપતિ વિજય માલ્યાએ એક્સ પર લખ્યું હતું કે ડેટ રિકવરી ટ્રિબ્યુનલ (ડીઆરટી) એ કિંગફિશર એરલાઈન્સ (કેએફએ) નું દેવું ૬૨૦૩ કરોડ રૂપિયા નક્કી કર્યું છે. તેમાં ૧૨૦૦ કરોડ રૂપિયાનું વ્યાજ સામેલ છે. નાણામંત્રીએ સંસદમાં કહ્યું, ઈડીના માધ્યમથી બેંકોએ મારી પાસેથી ૧૪,૧૩૧.૬૦ કરોડ રૂપિયા વસૂલ્યા છે, જ્યારે ૬,૨૦૩ કરોડ રૂપિયા વસૂલવામાં આવ્યા હતા. આખરે હું એક આર્થિક ગુનેગાર છું. જ્યાં સુધી ઈડી અને બેંકો કાયદેસર રીતે સાબિત ન કરી શકે છે કે તેઓએ કેવી રીતે બમણાથી વધુ લોન વસૂલ કરી છે ત્યાં સુધી હું રાહત મેળવવાનો હકદાર છું, હું તેના માટે પ્રયાસ કરીશ.

### ૫ આતંકી ઠાર, ૨ જવાન ઘાયલ

## જમ્મુ કાશ્મીરના કુલગામમાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ

। (એજન્સી) જમ્મુ-કાશ્મીર, તા.૧૯ ।

જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા દળોએ આજે સવારે એક મોટું ઓપરેશન હાથ ધર્યું હતું. કુલગામ જિલ્લાના કાદર વિસ્તારમાં થયેલા આ એન્કાઉન્ટરમાં ૫ આતંકવાદીઓ માર્યા ગયા હોવાના અહેવાલ છે. આ ઉપરાંત એન્કાઉન્ટરમાં બે જવાન પણ ઘાયલ થયા છે. ભારતીય સેનાના ચિનાર કોર્પ્સનું કહેવું છે કે આતંકવાદીઓએ સુરક્ષા દળો પર ભારે ગોળીબાર શરૂ કરી દીધો હતો.ચિનાર કોર્પ્સે એક્સ પર આપેલી માહિતી અનુસાર, 'ઓપરેશન કાદર, કુલગામ. ૧૯ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ, આતંકવાદીઓની હાજરીથી સંબંધિત ઈનપુટ્સના આધારે, ભારતીય સેના અને જમ્મુ અને કાશ્મીર પોલીસ દ્વારા કાદર, કુલગામમાં સંયુક્ત ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.

### અમિત શાહ-RSS પર આંબેડકરના પૌત્રના પ્રહાર

## ભાજપની જૂની માનસિકતા ઉજાગર કરે છે : પ્રકાશ આંબેડકર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

બાબા સાહેબ આંબેડકરના પૌત્ર પ્રકાશ આંબેડકરે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ પર પ્રહાર કર્યા છે. પ્રકાશ આંબેડકરે કહ્યું કે, અમિત શાહની બંધારણ નિર્માતા પર ટિપ્પણી તે જૂની માનસિકતા દર્શાવે છે. ગૃહ મંત્રીની ટિપ્પણી પર બે દિવસથી રાજકારણ ગરમાયેલું છે. વિપક્ષે અમિત શાહના રાજીનામાની પણ માંગ કરી અને માફી માંગવા કહ્યું. જોકે, સાંજે અમિત શાહે ભાજપ કાર્યાલયમાં પ્રેસ કોન્ફરન્સ કરી કોંગ્રેસ પર વળતા પ્રહાર કર્યા હતાં. આ મામલે વંચિત બહુજન અઘાડીએ પ્રમુખ પ્રકાશ આંબેડકરને પુણેમાં કહ્યું, 'ભાજપના અસ્તિત્વમાં આવ્યા પહેલાં તેમની પૂરોગામી પાર્ટી જનસંઘ અને RSS એ બંધારણનો સ્વીકાર કરતાં સમયે બાબાસાહેબનો વિરોધ કર્યો હતો.શાહના નિવેદનથી ભાજપની જૂની માનસિકતા છતી થઈ રહી છે. તેઓ પોતાની જૂની યોજનાઓને અમલમાં નથી લાવી શકતાં. આ કોંગ્રેસના કારણે નહીં, પરંતુ બાબાસાહેબના કારણે અને તેઓ આ જ પ્રકારે નારાજ રહેશે.' પ્રકાશ આંબેડકરે વધુમાં કહ્યું, શાહની ટિપ્પણીનો હેતુ છે કે, અમે બી. આર. આંબેડકરથી વધારે ભગવાનનું સન્માન કરવા ઈચ્છીએ છીએ. ઈશ્વરનું સન્માન કરવું મનુવાદનો સ્વીકાર કરવા સમાન જ સારૂ છે. જણાવી દઈએ કે, રાજ્યસભામાં બંધારણ પર ચર્ચા દરમિયાન અમિત શાહે કહ્યું હતું કે, હવે એક ફેશન થઈ ગઈ છે- આંબેડકર, આંબેડકર, આંબેડકર. આટલીવાર જો ભગવાનનું નામ લેત તો સાત જન્મોનું સ્વર્ગ મળી જાત.

# સમગ્ર દેશમાં 'ઇ- પાસ સિસ્ટમ'ની શરૂઆત કરવામાં ગુજરાત પ્રથમ

## બીજા શૈક્ષણિક સત્રથી શરૂ કરવામાં આવેલી 'ઈ-પાસ સિસ્ટમ'નો અત્યાર સુધીમાં કુલ ૨.૭૫ લાખથી વધુ વિદ્યાર્થીઓએ લાભ લીધો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

દેશભરમાં 'ઈ-પાસ સિસ્ટમ' પ્રથમ વખત જ ગુજરાત એસ.ટી વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી છે. રાજ્યમાં બીજા શૈક્ષણિક સત્રથી શરૂ કરવામાં આવેલી 'ઈ-પાસ સિસ્ટમ'નો અત્યાર સુધીમાં કુલ ૨.૭૫ લાખથી વધુ વિદ્યાર્થીઓએ લાભ લીધો છે, જ્યારે ૭૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ ઓનલાઈન E- Pass કરાવીને ડિજિટલ ગુજરાત અભિયાનમાં સહભાગી થયા છે.

જ્યારે ગ્રામીણ ક્ષેત્રમાંથી આવતી વિદ્યાર્થીનીઓને એસ.ટી નિગમ દ્વારા આ પાસ વિનામૂલ્યે આપવામાં આવે છે, જેમાં અન્ય વિદ્યાર્થીઓને પાસ મેળવવા માટે ૮૨.૫ ટકા કન્સેશન



આપવામાં આવે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં સમગ્ર દેશમાં ઈ-ગવર્નન્સનું ઉત્તમ ઉદાહરણ ગુજરાતે પૂરું પાડ્યું છે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે 'ઈ-પાસ સિસ્ટમ'નું તા. ૦૮ જૂન ૨૦૨૩ના રોજ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ યોજનાનો મુખ્ય હેતુ શાળા-કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓનો સમયની બચત થાય તેમજ વિદ્યાર્થીઓને એસ.ટી.બસના પાસ કઢાવવા માટે લાંબી લાઈનોમાં ઉભુ રહેવું ન પડે તેમજ વારંવાર ધક્કા ખાવા ન પડે, ફોર્મમાં વિગતો ભરવાની ઝંઝટમાંથી મુક્તિ મળે અને વિદ્યાર્થી કોઈપણ જાતની હેરાનગતિ, દોડધામ કે માનસિક ત્રાસ વગર સરળતાથી બસનો મુસાફરી પાસ કાઢી શકે તે માટે શિક્ષણ વિભાગ સાથે API મારફત Pass System Integration કરી ચાલુ શૈક્ષણિક વર્ષથી ઓનલાઈન ઈ-પાસ કાઢી આપવામાં આવે છે. ઈ-પાસ સિસ્ટમની વિદ્યાર્થી જાતે જ ઓનલાઈન એપ્લીકેશન કરી શકે છે. જે-તે શૈક્ષણિક સંસ્થા દ્વારા ઓનલાઈન એપ્લીકેશન મંજૂર કરવામાં આવે છે. મંજૂર થયેલા ફોર્મ વિદ્યાર્થીએ નક્કી કરેલા એસ.ટી વિભાગના કાઉન્ટર પર જતું રહે છે અને ત્યાં જઈને ફોર્મ નંબર આપી જરૂરી પાસના પૈસા ઓનલાઈન- કેશમાં ચૂકવી પાસ કલેક્ટ કરી શકે છે. જેનાથી વિદ્યાર્થીઓ માટે પાસ કાઢવાનું સરળ બની રહે છે. અરજી નંબરના આધારે વિદ્યાર્થી તેની અરજી અંગે લેટેસ્ટ સ્ટેટસ પણ ચેક કરી શકે છે. તેમ ગુજરાત વાહન વ્યવહાર નિગમની યાદીમાં જણાવાયું છે.

## કાંકરિયામાં ફરી વખત અટલ એક્સપ્રેસ ટ્રેન શરુ કરવામાં આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદમાં ફરવા લાયક સ્થળમાં સૌથી પહેલું નામ જો કોઈ મોઢે આવે તો તે કાંકરિયા તળાવ છે. પરંતુ, છેલ્લા ઘણાં સમયથી કાંકરિયાની રોનક ગણાતી અટલ સ્વર્ણિમ એક્સપ્રેસ ટ્રેન બંધ હતી. પરંતુ હવે પ્રવાસીઓ માટે એક ખુશીના સમાચાર સામે આવ્યા છે. ૨૫ ડિસેમ્બરથી શરુ થતાં કાર્નિવલ ફેસ્ટિવલ પહેલાં પ્રવાસીઓ માટે આ ટ્રેન ફરી શરુ કરવામાં આવી છે. નાતાલના દિવસથી શરુ થતા પાંચ દિવસના કાર્નિવલ ફેસ્ટિવલમાં દૂર-દૂરથી લોકો ઉજવણી માટે આવે છે. ત્યારે લોકચાહનાને ધ્યાને રાખીને કાંકરિયામાં ફરી અટલ એક્સપ્રેસ ટ્રેન શરુ કરવામાં આવી છે. મેયર પ્રતિભા જૈન સહિત શાસક પક્ષના હોદ્દેદારો દ્વારા અટલ એક્સપ્રેસને લીલી ઝંડી આપીને કાંકરિયાની રોનકને પરત લાવવામાં આવી છે. આ ટ્રેનની મુસાફરી કરવા માટે ૧૨ વર્ષથી વધુ વયના વ્યક્તિ માટે ટિકિટનો દર ૩૦ રૂપિયા રાખવામાં આવ્યો છે. તેમજ ૩થી ૧૨ વર્ષના બાળકો માટે ૧૨ રૂપિયા ટિકિટનો ભાવ રાખવામાં આવ્યો છે. આ સિવાય પ્રવાસ માટે બાળક દીઠ ૧૨ રૂપિયાની કિંમત નક્કી કરવામાં આવી છે.

### મોરબી જિલ્લા પોલીસની પ્રશંસનીય કામગીરી

# એસઆઈટીએ વેપારીઓના ફસાયેલા ૧૯ કરોડ કઢાવ્યાં

## ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી ના માર્ગદર્શન હેઠળ મોરબી જિલ્લા પોલીસ વડાના સ્થાને SITની રચના તા.૧૯મી મે-૨૦૨૩ના રોજ કરી હતી

। (એજન્સી) મોરબી, તા.૧૯ ।

ગુજરાત સરકાર દ્વારા ઉદ્યોગકારોને કેવી સુરક્ષા પૂરી પાડવામાં આવે છે અને તેમના ફસાયેલા નાણા પરત લાવવા માટે પોલીસ કેવી જહેમત ઉઠાવે છે તેનું ઉદાહરણ મોરબી પોલીસે રજૂ કર્યુ છે. મોરબી પોલીસે ૨૦૨૩-૨૪ના વર્ષમાં મોરબી સીરામિક તથા અન્ય ઉદ્યોગોના વેપારીઓના ફસાયેલા રૂ. ૧૯ કરોડથી વધુ રકમ પરત કરવાની ઉદાહરણરૂપ કામગીરી કરી છે.

હજી પણ આ કામગીરી જારી જ છે. વેપારીઓને તાત્કાલીક પોલિસ મદદ મળી રહે અને વેપારીઓના રૂપિયા પરત મળતા થાય તેમજ તેમની ફરિયાદ અને રજુઆતો બાબતે ઝડપી કાર્યવાહી થાય તે માટે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી ના માર્ગદર્શન હેઠળ મોરબી જિલ્લા પોલીસ વડાના સ્થાને SITની રચના તા.૧૯મી મે-૨૦૨૩ના રોજ કરી હતી.

SITની રચના બાદ વેપારીઓ-ઉદ્યોગપતિઓના ફસાયેલા નાણા બાબતે અલગ અલગ રાજ્યના કુલ ૪૦૮ એકમો વિરુધ્ધ ૧૦૩ અરજીઓ SITને મળી હતી, તેને લઈને તાત્કાલિક ધોરણે કામગીરી શરૂ કરી દેવામાં આવી અને સિરામિક ઉદ્યોગ સહિતના ઉદ્યોગોના વિવિધ નાણાકીય વ્યવહારોમાં ફસાયેલા રૂ.૧૯ કરોડથી વધુ નાણા પરત કરાવી SITએ વેપારીઓનો વિશ્વાસ જીત્યો છે. SITની રચનાથી વેપારીઓને મળેલી સલામતીને પરિણામે મોરબીના વિવિધ ઉદ્યોગ એસોસિયેશનના પ્રતિનિધિશ્રીઓ તેમજ વેપારીઓ દ્વારા સૌ વેપારીઓ-ઉદ્યોગપતિઓ વતી ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી તેમજ રાજકોટ રેન્જ ડી.આઈ.જી તેમજ મોરબી એસ.પીનું અભિવાદન-સન્માન કરવામાં આવ્યું હતું. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ વેપારીઓને વિશ્વાસ અપાવતા જણાવ્યું હતું કે હજુ જે વેપારીઓના પૈસા ફસાયેલા છે અને અરજીઓ SIT પાસે પડતર છે, તેના નિરાકરણ માટે આગામી સમયમાં એક મહિનાની મેગા ડ્રાઈવ ચલાવવામાં આવશે. એક્સ્ટ્રા ફોર્સ સાથે ટીમોને અલગ-અલગ રાજ્યોમાં તપાસ માટે મોકલી વેપારીઓના ફસાયેલા નાણાં પરત કરાવવામાં આવશે. SITની ટીમ કેરલ, મહારાષ્ટ્ર, તામિલનાડુ, કર્ણાટક, આંધ્રપ્રદેશ સહિતના વિવિધ રાજ્યોમાં આ તપાસ માટે પહોંચી ચુકી છે, જેને પરિણામે હવે ચીટર ટોળકીઓમાં ડરની ભાવના છે અને ગુજરાતના વેપારીઓના ફસાયેલા રૂપિયા પરત આવવા લાગ્યા છે.

### રાજ્યના 33 જિલ્લાના ૭૫૪ કેન્દ્રો પર કરવામાં આવ્યુ છે

# કંડકટરની પરીક્ષાના ઉમેદવારો માટે એસટી નિગમે કર્યુ વિશેષ આયોજન

## પરિક્ષા કેન્દ્રથી રહેઠાણ સુધી આવવા-જવા માટે એસટી બસમા વિના મુલ્યે મુસાફરીનો લાભ આપવાનો નિર્ણય એસટી નિગમ દ્વારા કરવામાં આવ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ ૩ની જગ્યા ઉપર ભરતી કરવા માટે પ્રિલિમરી કસોટીનું આયોજન ૨૨ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ સવારે ૧૧થી ૧ દરમિયાન રાજ્યના ૩૩ જિલ્લાના ૭૫૪ કેન્દ્રો પર કરવામાં આવ્યુ છે. મોટી સંખ્યામાં ઉમેદવારો પરીક્ષા આપવા આવશે. ત્યારે એસટી નિગમ દ્વારા પણ આયોજન કરવામાં આવ્યું છેગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા ૨૨ ડિસેમ્બરના આયોજીત પરીક્ષા દરમિયાન નિગમની સર્વિસ સમયસર સંચાલીત થાય તેમજ પરીક્ષાઓના ટ્રાફિકને ધ્યાને લઈ વધારાની એક્સ્ટ્રા સર્વિસો સંચાલન કરવા તેમજ માર્ગમાં જે તે સ્ટેન્ડ ઉપરથી મુસાફરોને બસમાં લેકી વખતે પરીક્ષાર્થી અગ્રિમતા આપવા નિગમના તમામ વિભાગ અને ડોપોને ખાસ સુચનાઓ આપેલ છે. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા કંડકટર કક્ષાની ઓએમઆર આધારિત લેખિત પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૨૮ ડિસેમ્બર ૨૦૨૪ના દિવસે કરવામાં આવ્યુ છે. ગુજરાતના અલગ અલગ સ્થળોથી કંટકટરની પરિક્ષા આપવા આવતા ફક્ત એસટી અને એસસી ઉમેદવારોને નિગમ દ્વારા રહેઠાણથી પરીક્ષા કેન્દ્ર અને પરિક્ષા કેન્દ્રથી રહેઠાણ સુધી આવવા-જવા માટે એસટી બસમા વિના મુલ્યે મુસાફરીનો લાભ આપવાનો નિર્ણય એસટી નિગમ દ્વારા કરવામાં આવ્યો છે.

એસટી નિગમના દ્વારા પોતાના તાબા હેઠળ આવતા તમામ વિભાગો, ડેપો અને સંચાલનમાં રહેલા સ્ટાફને પરીક્ષાના દિવસે ઉમેદવાને કોઈ અગવડતા કે મુશ્કેલીઓ ન થાય તેમજ કોઈ ફરિયાદ ઉપસ્થિત ન થાય તે બાબતે ધ્યાને લઈ તમામ વિભાગોને સુચના આપવામાં આવી છે. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ ૩ અને એસટી નિગમ દ્વારા કાંડક્ટરની પરીક્ષા લેવાના છે ત્યારે પરીક્ષા કેન્દ્રની તૈયારી સાથે સાથે પરીક્ષા કેન્દ્ર સુધી સમય સર પહોંચી જાય તે માટેની તૈયારી પણ કરવામાં આવી છે.

## તસ્કરોએ બેંકના ૬ લોકર તોડી લાખો રુપિયાની કરી ચોરી

। (એજન્સી) સુરત, તા.૧૯ ।

લોકો પોતાની મહેનતથી કમાયેલી રકમ અને સોના-ચાંદીના ઘરેણાને ચોરી ન થાય તે માટે ઘરમાં ન રાખીને બેંકના લોકરમાં રાખવાનું પસંદ કરે છે. જો કે સુરતમાં તો બેંકના લોકરમાંથી જ તસ્કરો લોકોની વર્ષોની કમાણીને ઉઠાવી ગયા છે. યુનિયન બેંકમાંથી તસ્કરોએ ૬ જેટલા લોકરમાંથી લાખો રુપિયાની ચોરી કરી છે. જેના પગલે સુરત પોલીસ દોડતી થઇ ગઇ છે. સુરત જિલ્લામાં કીમ ચાર રસ્તા પાસે આવેલા યુનિયન બેંકમાંથી તસ્કરોએ ૬ લોકર તોડીને ચોરી કરી છે.તસ્કરોએ દીવાલમાં બાકોરું પાડીને ચોરીની આ ઘટનાને અંજામ આપ્યો છે.

### અમદાવાદમાંથી ઝડપાઈ જીવલેણ દોરી

# ચાઈનીઝ દોરીની ૭૪ રીલ સાથે બે ઈસમો ઝડપાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

રાજ્યભરમાં ઉત્તરાયણમાં ચાઈનીઝ દોરી, તુક્કલના વપરાશ કે ખરીદ વેચાણ પર પ્રતિબંધ હોવા છતાંય કેટલાક શખ્સો આ પ્રતિબંધિત ઘાતક અને જીવણલેણ દોરીનું વેચાણ કરતા હોય છે. તેવામાં શહેરના ઝોન-૭ ડીસીપીની એલસીબી સ્ક્વોડને જુહાપુરા વિસ્તારમાં બે શખ્સ ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા હોવાની બાતમી મળતાં ૭૪ રીલ (ટેલર) સાથે ઝડપી પાડ્યા છે. અમદાવાદ શહેર પોલીસ કમિશનર તથા અધિક પોલીસ કમિશનર સેક્ટર-૧ના માર્ગદર્શન હેઠળ શહેરના તમામ ઝોનમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીની રીલ (ટેલર) તથા ચાઈનીઝ તુક્કલોનો વેપાર કરતા તથા આયાત કરી ખરીદ, વેચાણ, સંગ્રહ અને વપરાશ કે ઉપયોગ કરવા ઉપર અંકુશ મેળવવા અને પ્રતિબંધિત ચાઈનીઝ દોરીની રીલ (ટેલર)ના વધુમાં વધુ કેસો શોધી કાઢવા સૂચના આપવામાં આવી છે. ત્યારે નાયબ પોલીસ કમિશનર ઝોન-૭ના શિવમ વર્માની સૂચનાથી ઝોન-૦૭ કાર્યક્ષેત્ર વિસ્તારમાં એલસીબી સ્ક્વોડે જુહાપુરા વિસ્તારમાં ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા બે શખ્સને ૭૪ ટેલર સાથે ઝડપી પાડ્યા છે.

### તે વડોદરા છોડીને ફરાર થઈ ગયો હતો

# વડોદરા પોલીસને હાથ તાળી દઈ નાસ્તો ફરતો નામચીન વ્યાજખોર દમણમાંથી ઝડપાયો

## વેપારી નરેશભાઈને રૂપિયાની જરૂર પડતા તેમણે આરોપી સંતોષ ભાવસાર પાસેથી ૪૭ લાખ રૂપિયા ટુકડે ટુકડે લીધા હતા

। (એજન્સી) વડોદરા, તા.૧૯ ।

વ્યાજખોરીના ગુનામાં નામ ખુલ્યા બાદ વડોદરા છોડીને ફરાર થઈ ગયેલા નામચીન કલ્પેશ કાછિયાને મોડી રાત્રે પીસીબીની ટીમે દમણથી ઝડપી પાડ્યો હતો.

ખંડેરાવ માર્કેટમાં ફ્રુટનો વેપાર કરતાં વેપારી નરેશભાઈને રૂપિયાની જરૂર પડતા તેમણે આરોપી સંતોષ ભાવસાર પાસેથી ૪૭ લાખ રૂપિયા ટુકડે ટુકડે લીધા હતા. જેની સામે પોણા બે કરોડ ચૂકવી દેવા છતાં પણ વ્યાજખોર દ્વારા તેમને ધમકી આપવામાં આવતી હતી. જેનાથી કંટાળીને તેમને આપઘાત નો પ્રયાસ કર્યો હતો. આ ગુનામાં નવાપુરા પોલીસે સંતોષ ભાવસારની પૂછપરછ કરતા તેણે જણાવ્યું હતું કે આ રૂપિયા મેં કલ્પેશ કાછિયા પાસેથી લીધા છે. કલ્પેશનું નામ ખુલતા જ તે વડોદરા છોડીને ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ તેને આગોતરા જામીન મેળવવા માટે કરેલી અરજી પણ ગઈકાલેના મંજૂર થઈ હતી. વડોદરા પોલીસ તેને શોધી રહી હતી તે દરમિયાન પીસીબી પોલીસને માહિતી મળી હતી કે કલ્પેશ કાછિયો દમણમાં સંતાયો છે.

જેથી પીસીબી પોલીસની ટીમે ગઈકાલે સાંજથી જ દમણમાં વોચ ગોઠવી હતી અને સ્થાનિક પોલીસની મદદ લીધી હતી. જે મકાનમાં કલ્પેશ હતો તે મકાનનો દરવાજો તોડીને પોલીસે તેને દબોચી લીધો હતો. પોલીસની તપાસમાં એવી વિગતો બહાર આવી છે કે કલ્પેશનો પુત્ર કેનેડાથી આવ્યો હતો અને પુત્ર સાથે રહેવા માટે તે દમણમાં સંતાયો હતો.

## અમદાવાદ મેટ્રોમાં મુસાફરી માટે હવે મોબાઈલથી ટિકિટ કરી શકાશે બુક

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદમાં દરરોજ મોટી સંખ્યામાં લોકો મેટ્રો રેલ સેવાનો લાભ લે છે. મેટ્રોમાં મુસાફરોની સંખ્યા દિવસે દિવસે વધી રહી છે. અત્યાર સુધી મેટ્રોમાં મુસાફરી કરવા ઈચ્છતા લોકોએ મેટ્રો સ્ટેશનથી ટિકિટ લેવી પડતી હતી. પરંતુ હવે અમદાવાદ મેટ્રો દ્વારા મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી છે. અમદાવાદ મેટ્રો રેલ દ્વારા મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી છે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર તેની મોબાઈલ ટિકિટિંગ એપ્લિકેશન "Ahmedabad Metro (Official)" આજે લોન્ચ કરેલ છે. Ahmedabad Metro (Official)" એપ્લિકેશનનો ઉપયોગ કરીને મુસાફરો હવે પોતાના મોબાઈલ દ્વારા મેટ્રો ટિકિટ સરળતાથી ખરીદી શકશે.

**વિશેષ** તા. ૯મી થી ૧૭ ડિસેમ્બર દરમિયાન વિવિધ ગામોમાં ફાર્મર માસ્ટર ટ્રેનર્સ અને ટેકનિકલ માસ્ટર ટ્રેનર્સ દ્વારા પ્રાકૃતિક કૃષિ અંગેની વિશેષ માહિતી આપી

# નર્મદા જિલ્લાના આત્મા પ્રોજેક્ટ, ખેતીવાડી, બાગાયત અને પશુપાલન ખાતાના સંયુક્ત પ્રયાસ દ્વારા જિલ્લાના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ અપાઈ









। (માહિતી) નર્મદા ।

નર્મદા જિલ્લાના આત્મા પ્રોજેક્ટ, ખેતીવાડી, બાગાયત અને પશુપાલન ખાતાના સંયુક્ત પ્રયાસ દ્વારા જિલ્લાના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગેની તાલીમ આપવામાં આવી રહી છે. આ તાલીમ દરમિયાન રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો નહિવત ઉપયોગ કરી દેશી ગાય આધારિત ખેતી અપનાવવા અંગે વિસ્તૃતમાં માહિતી આપવામાં આવી રહી છે. આ તાલીમમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા કલસ્ટર બેઝ તાલીમ અને કિશાન ગોષ્ઠીનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે ફાર્મર માસ્ટર ટ્રેનર્સ અને ટેકનિકલ માસ્ટર ટ્રેનર્સ દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગેની વિશેષ માહિતી અને મોડેલ ફાર્મની મુલાકાત સાથે તાલીમ આપવામાં આવી રહી છે. નર્મદા જિલ્લાના પાંચે તાલુકામાં તા. ૯ મી થી ૧૭ ડિસેમ્બર દરમિયાન દેડિયાપાડા તાલુકાના પાનુડા, સોલીયા, સામોટ, નાનાસુકા આંબા, સાબુટી, રેલવા, ખૈડીપાડા, રોહદા, વાડવા, તાબદા, કુનબાર, નવાગામ, ઘાંટોલી, સુકવાલ, બેસણા, બાબદા, ઝાંક, ગવલાવાડી, પાટડી, ગોપલિયા, બોગજ, નિવાલ્દા,ચુલી, ભાટપુર, કાબરીપઠાર, મોસીટ, કેવડી, સમારપાડા, ચિકદા, મેડિયું સાગ, કુંડીઆંબા, પાનુડા, પાટડી, દેવજી ફળિયા. તિલકવાડા તાલુકાના નમારિયા, વ્યાધર, ફતેપુરા વણ, કોયારી, લીમપુરા, ભાદરવા, બુજેઠા, ચૂડેશ્વર, મોટી કામસોલી, જેતપુર, લીલગઢ, ઝાઝપુરા, ઉંધઈમાડવા, કાદલેજ, ઉંમેદ્પુરા, ગેગડીયા, ગમોડ, વરવાડા, નલિયા, સાવલી, ફતહેપુર (વજી), જલોદરા, વાસણ, માંગુ. ગરૂડેશ્વર તાલુકાના ઉંડવા, ટીમ મરવા, પાનતલાવડી, મીઠીવાવ, ગોરા, કલી મકવાણા, ગડોદ, લીમખેતર, પિછીપુરા, ચિચડિયા, મોટી રાવલ, ઓરપા, મોખડી, લમડી, સમારીયા, ફુલવાડી, સૂરજવડ. નાંદોદ તાલુકાના કોઠારા, કુમસગામ, અકુવાડા, રૂંઢ, પોઈચા, કુંવરપરા, મોટીભમરી, નાના રાયપરા, આમલેથા, કોઠારા, પોઈચા, વિરપોર, ઉમરવા, પ્રતાપનગર, વરાછા, બામણ ફળિયા અને સાગબારા તાલુકાના નરવાડી, પાનખલા, ધવલી વેર, આવલીકુંડ, ભાગોળે, પીરમંડારા, ધવલીવેર, ઘોડમુંગ, કાકરપાડા ગામે તાલીમ યોજાઈ હતી. તાલીમ દરમિયાન પ્રાકૃતિક ખેતીમાં રાસાયણિક ખાતરોનો નહિવત ઉપયોગ કરવાથી જમીનની ઉત્પાદન ક્ષમતામાં વધારો થાય છે. ઘર-આંગણે શાકભાજીનો ઉત્પાદન કરીને રોજબરોજના આહારમા લઈ શકાય છે. પ્રાકૃતિક ખેતી પધ્ધતિમાં કુદરતી વનસ્પતિનો ઉપયોગ કરી ખાતર બનાવવાની રીતો અંગે વિસ્તૃતમાં માહિતી આપવામાં આવી હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

**રાહુલ-પ્રિયંકાનો ભાજપ પર ગંભીર આરોપ । લખનૌમાં કોંગ્રેસ દ્વારા આયોજિત વિધાનસભા ઘેરાવ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના યુવા કાર્યકર પ્રભાત પાંડેનું મૃત્યુ થયું હતું**

# આસામ-યુપીમાં પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના બે કાર્યકર્તાઓના મોત

। (એજન્સી) લખનૌ, તા.૧૯ ।

ઉત્તરપ્રદેશની રાજધાની લખનૌમાં બુધવારે કોંગ્રેસ દ્વારા આયોજિત વિધાનસભા ઘેરાવ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના યુવા કાર્યકર પ્રભાત પાંડેનું મૃત્યુ થયું હતું. કોંગ્રેસનો દાવો છે કે, ગોરખપુરથી આવેલા પ્રભાત પાંડે વિરોધ દરમિયાન પોલીસના ધક્કામુક્કી અને બળપ્રયોગને કારણે ઘાયલ થયા હતો, જેના કારણે તેમનું મોત થયું છે.

આસામના ગુવાહાટીમાં પણ કોંગ્રેસના પ્રદર્શન દરમિયાન એક કાર્યકરનું મોત થયું હતું. કોંગ્રેસે બન્ને ઘટનાઓને લઈને ભાજપ પર નિશાન સાધ્યું છે. કોંગ્રેસે આ ઘટનાને "પોલીસ ક્રૂરતા" ગણાવી હતી અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની સરકાર પર ગંભીર આરોપો લગાવ્યા હતા. પાર્ટીએ પ્રભાતના પરિવારને ૧ કરોડ રૂપિયાની આર્થિક સહાય અને એક સભ્યને સરકારી નોકરીની માંગ કરી છે.

બીજી તરફ ઉત્તરપ્રદેશના નાયબ મુખ્યમંત્રી બ્રિજેશ પાઠકે કોંગ્રેસના આરોપોને ફગાવી દીધા હતા અને કહ્યું હતું કે, પ્રભાત પાંડે પાર્ટી ઓફિસ રૂમમાં પડેલો જોવા મળ્યા હતા. તેમણે સિવિલ હોસ્પિટલના ડાયરેક્ટરને સારી સારવાર માટે સૂચના આપી હતી, પરંતુ હોસ્પિટલ પહોંચતા જ ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.



આસામના ગુવાહાટીમાં પણ કોંગ્રેસના પ્રદર્શન દરમિયાન એક કાર્યકર મૃદુલ ઈસ્લામનું મોત થયું હતું. કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે, વિરોધ દરમિયાન પોલીસે લાઠીચાર્જ અને ટીયર ગેસના શેલ છોડ્યા હતા, જેના કારણે મૃદુલનું મોત થયું છે. આ પ્રદર્શન મણિપુર હિંસા, અદાણી ગ્રુપ સામે લાંચના આરોપો અને અન્ય મુદ્દાઓને લઈને કરવામાં આવ્યું હતું. કોંગ્રેસે તેને ભાજપ સરકારની "તાનાશાહી"નું પ્રતીક ગણાવ્યું હતું. જો કે, આસામ પોલીસે આ આરોપોને ફગાવી દીધા હતા અને કહ્યું હતું કે, પોસ્ટ મોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ મૃત્યુનું કારણ જાણી શકાશે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આ બન્ને ઘટનાઓને લઈને ભાજપ સરકારોને આડે હાથ લીધી હતી. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું કે, "દેશભરમાં કોંગ્રેસ પાર્ટી બાબાસાહેબ અને બંધારણના સમર્થનમાં સત્યાગ્રહ કરી રહી છે. આ દરમિયાન ગુવાહાટીમાં મૃદુલ ઈસ્લામ અને લખનૌમાં પ્રભાત પાંડેનું મૃત્યુ અત્યંત દુઃખદ અને નિંદનીય છે."

રાહુલ ગાંધીએ આ કાર્યકરોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા કહ્યું કે, કોંગ્રેસ "સત્ય અને બંધારણ" માટે સંઘર્ષ ચાલુ રાખશે. કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીએ પણ ભાજપ સરકારોની કાર્યવાહીને 'બ્રિટિશ રાજ' જેવી ગણાવી હતી. લખનૌમાં કોંગ્રેસ દ્વારા આયોજિત વિધાનસભા ઘેરાવ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના યુવા કાર્યકર પ્રભાત પાંડેનું મૃત્યુ થયું હતું, તેમણે કહ્યું કે, ભાજપ બંધારણ અને લોકશાહીનું ગળું દબાવી રહી છે. કોંગ્રેસે આ ઘટનાઓને લોકશાહી અને બંધારણ પર હુમલો ગણાવ્યો હતો. પાર્ટીએ કહ્યું કે, ભાજપ સરકારો માત્ર સંસદમાં જ નહીં પરંતુ રસ્તા પર પણ લોકતાંત્રિક વિરોધને કચડી નાખવાનો પ્રયાસ કરી રહી છે. કોંગ્રેસે બન્ને રાજ્યોની પોલીસ પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. પાર્ટીનું કહેવું છે કે, શાંતિપૂર્ણ વિરોધ દરમિયાન કાર્યકર્તાઓ પર બળનો ઉપયોગ કરવો અને તેમના મૃત્યુ પછી જવાબદારીથી દૂર રહેવું એ સરકારની "તાનાશાહી માનસિકતા" દર્શાવે છે. કોંગ્રેસે આ બન્ને ઘટનાઓની નિષ્પક્ષ તપાસની માંગ કરી છે. પાર્ટીએ કહ્યું કે, આ મૃત્યુ માટે જવાબદાર અધિકારીઓ અને સરકાર જવાબદાર હોવી જોઈએ.

**ન્યૂઝ બ્રિફ**

## ભારતીય પૂર્વ કેપ્ટન વિરાટ કોહલી મીડિયા પર ભડક્યો



। (એજન્સી) મેલબર્ન, તા.૧૯ ।

બ્રિસ્બેન ટેસ્ટ મેચ ડ્રો થયા બાદ હવે ભારતીય ટીમ ચોથી મેચ માટે મેલબર્ન પહોંચી ગઈ છે. ૨૬ ડિસેમ્બરથી મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે બોક્સિંગ ડે ટેસ્ટ મેચ રમાશે. બંને ટીમો આ મેચ જીતીને સિરીઝમાં ૨-૧થી લીડ લેવાની કોશિશ કરશે. જો કે આ પહેલા ભારતીય સ્ટાર ખેલાડી વિરાટ કોહલી મેલબર્ન એરપોર્ટ પર ઓસ્ટ્રેલિયન મીડિયા સાથે ઉગ્ર દલીલો કરતો જોવા મળ્યો. એરપોર્ટ બહાર કઈક એવું થયું કે જેને જોઈને કોહલી પોતાની જાતને રોકી શક્યો નહીં અને મીડિયા પર ભડકી ગયો. તેનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં ખુબ વાયરલ થઈ રહ્યો છે. જાણો આખરે કેમ વિરાટને ગુસ્સો આવી ગયો. વાત જાણે એમ હતી કે ભારતીય સુપરસ્ટાર વિરાટ કોહલી મેલબર્ન એરપોર્ટ પર એક મહિલા પત્રકાર સાથે ઉગ્ર દલીલ કરતો જોવા મળ્યો. રિપોર્ટ મુજબ ચેનલ ૭ના એક પત્રકારે કોહલી અને તેના પરિવારને એરપોર્ટથી બહાર આવતા જોઈને તેમની તરફ કેમેરો કરી દીધો જેના કારણે સ્ટાર બેટર નારાજ જોવા મળ્યો. શરૂઆતમાં તો કોહલી આગળ વધી ગયો પરંતુ તે પાછા ફરીને ટીવી રિપોર્ટર સાથે વાતચીત કરતો જોવા મળ્યો. એટલું જ નહીં નારાજ વિરાટે સ્પષ્ટપણે કહ્યું છે કે તમે મને પૂછ્યા વગર મારા બાળકોના ફોટા વીડિયો કેપ્ચર કરી શકો નહીં. વિરાટના હાવભાવ જણાવી રહ્યા હતા કે તે ખુબ નારાજ હતો. જો કે ચેનલનો એવો દાવો છે કે આ ફક્ત એક ગેરસમજ હતી.

## આખરે BCCIના મુદ્દાને સ્વીકારીને, ICCએ હાઈબ્રિડ મોડલને મંજૂરી આપી




। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ICCએ ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ને લઈને મોટી માહિતી શેર કરી છે. તેણે કહ્યું છે કે આ ટુર્નામેન્ટ હાઈબ્રિડ મોડલ હેઠળ જ યોજાશે. ટીમ ઈન્ડિયા તેની તમામ મેચ તટસ્થ સ્થળો પર રમશે. જોકે, ICCએ હજુ સુધી ચેમ્પિયન્સ ટ્રોફીનું શેડ્યૂલ જાહેર કર્યું નથી. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ટૂર્નામેન્ટ માટે ટીમ ઈન્ડિયાને પાકિસ્તાન મોકલવાનો ઈનકાર કરી દીધો હતો. તેથી, BCCIના મુદ્દાને સ્વીકારીને, ICCએ હાઈબ્રિડ મોડલને મંજૂરી આપી છે. ICCએ પોતાની વેબસાઈટ પર ચેમ્પિયન્સ ટ્રોફી સંબંધિત માહિતી શેર કરી છે. ICCએ કહ્યું કે ભારત અને પાકિસ્તાન વચ્ચે ૨૦૨૪ થી ૨૦૨૭ દરમિયાન સાયકલમાં હાઈબ્રિડ મોડલમાં મેચ યોજાશે. આ બંને ટીમો તેમની મેચ તટસ્થ સ્થળો પર રમશે. આ નિયમ આગામી ICC ટૂર્નામેન્ટમાં લાગુ થશે. હવે ICC ટૂંક સમયમાં ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫નું શેડ્યૂલ શેર કરશે. આ ટૂર્નામેન્ટ આવતા વર્ષે ફેબ્રુઆરી અને માર્ચમાં યોજાવાની છે. ICCએ કહ્યું છે કે ચેમ્પિયન્સ ટ્રોફીની સાથે અન્ય ટૂર્નામેન્ટ પણ છે જે હાઈબ્રિડ મોડલમાં યોજાશે.

**NSA અજિત ડોભાલે ચીનમાં જઈને કામ કરી દીધું**

# કૈલાશ માનસરોવરનો રસ્તો ખુલ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ભારત અને ચીનની વચ્ચે સંબંધ સતત સુધરી રહ્યા છે. રશિયા-યુક્રેન અને ઈઝરાયલ-હમાસ યુદ્ધને જોતા એશિયાની બે મહાશક્તિઓની વચ્ચે સંબંધોમાં સુધાર શુભ સંકેત છે. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ હાલમાં ચીનની યાત્રા પર છે. તેઓ સ્પેશિયલ રિપ્રેઝેન્ટેટિવ લેવલની વાર્તામાં ભાગ લેવા માટે બેઈજિંગમાં છે. અજિત ડોભાલે ચીનના વિદેશ મંત્રી વાંગ યી સાથે મુલાકાત કરી. આ દરમ્યાન ૬ મુદ્દા પર સહમતિ બની છે. ડોભાલની યાત્રાનો સૌથી મોટો પાર્ટ કૈલાશ માનસરોવર સુધી કોઈ પણ અડચણ વિના યાત્રા કરવા પર સહમતિ બનવાનો છે. આપને જણાવી દઈએ કે, ડોકલામ અથડામણ બાદ ચીને કૈલાશ માનસરોવર યાત્રાને રોકી દીધી હતી. હિન્દુ શિવ ભક્તો માટે આ યાત્રા હજુ સુધી ફરીથી ચાલુ થઈ શકી નહોતી. ડોભાલ અને વાંગ યીની વચ્ચે વાતચીત બાદ પવિત્ર યાત્રાનો માર્ગ ફરી એક વાર ખુલવાની સંભાવના વધી ગઈ છે. NSA અજિત ડોભાલે ચીનના ઉપરાષ્ટ્રપતિ હાન ઝેંગ



સાથે પણ મુલાકાત કરી છે. આપને જણાવી દઈએ કે, છેલ્લા પાંચ વર્ષથી ભારત અને ચીનની વચ્ચે સ્પેશિયલ રિપ્રેઝેન્ટેટિવ લેવલની વાતચીત અટકાઈ ગઈ હતી. ડોકલામમાં બંને દેશ વચ્ચે સહમતિ બન્યા બાદ હવે દ્વિપક્ષીય સંબંધોમાં વર્ષોથી જામેલો બરફ પીગળવા લાગ્યો છે. એનએસએ અજિત ડોભાલની તાજેતરની બેઈજિંગ મુલાકાત દરમ્યાન વિવિધ મુદ્દા પર સહમતિ બની તેનું ઉદાહરણ છે. એનએસએ અજિત ડોભાલ અને ચીનના વિદેશ મંત્રી વાંગ યીની વચ્ચે ૧૮ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ મુલાકાત થઈ હતી. આ દરમ્યાન કઝાનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી ઝિનપિંગ વચ્ચે જે મુદ્દા પર સહમતિ બની હતી, તેના પર વ્યાપક વિચાર-વિમર્શ થયો. ભારત-ચીન સરહદને લઈને પણ સકારાત્મક વાતચીત થઈ છે. આ દરમ્યાન બંને પક્ષો વચ્ચે ૬ મુદ્દા પર સહમતિ બની છે. એનએસએ અજિત ડોભાલ અને ચીનના વિદેશ મંત્રી વાંગ યી વચ્ચે કેટલાય મુદ્દા પર સહમતિ બની છે. અન્ય મુદ્દાની સાથે જ કૈલાશ માનસરોવર યાત્રાને ભારતીય તીર્થયાત્રીઓ માટે ખોલવા પર પણ એકમત થઈ ગયો છે. બંને પક્ષોએ સરહદ પર આવાગમન અને સહયોગને વધારે મજબૂત કરવા પર વાતચીત કરી.

અને તેના પર અમલ કરવાની સહમતિ વ્યક્ત કરી. તિબ્બતમાં આવેલ ધર્મસ્થળ માટે તીર્થયાત્રાને ફરીથી શરૂ કરવા અને તેને પ્રોત્સાહન આપવા પર પણ સહમતિ બની છે. આપને જણાવી દઈએ કે, કૈલાશ માનસરોવર યાત્રા તિબ્બત વિસ્તારમાં જ આવેલી છે. આ યાત્રા છેલ્લા પાંચ વર્ષથી બંધ છે.

**રાજ્યો ઉપલબ્ધ ભંડોળનો ઉપયોગ કરતા નહીં હોવાની નોંધ**

## અનુસૂચિત જાતિ પર થતાં અત્યાચારો રોકવામાં રાજ્યો નિષ્ફળ : સંસદીય પેનલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

સંસદની એક સમિતિએ અનુસૂચિત જાતિ (અ.જા.) વિરુદ્ધ અત્યાચારના કેસોના અસરકારક નિરાકરણ માટે જરૂરી તંત્ર વિકસાવવામાં રાજ્ય સરકારોની નિષ્ફળતા પર ચિંતા વ્યક્ત કરી છે.સામાજિક ન્યાય અને સશક્તિકરણ પરની સંસદીય સ્થાયી સમિતિએ ભલામણ કરી હતી કે કેન્દ્ર સરકારે નાગરિક અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૫ અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ અંતર્ગત જરૂરી તંત્ર ગોઠવવા તથા તેને મજબૂત કરવા માટે રાજ્ય સરકારોનો સક્રિય સંપર્ક કરવો જોઈએ. સમિતિએ બુધવારે લોકસભામાં રજૂ કરેલા તેના અહેવાલમાં જણાવ્યું હતું કે કેન્દ્રીય સ્તરે નાણાકીય અવરોધો ના હોવા છતાં, ઘણા રાજ્યો ઉપલબ્ધ ભંડોળનો ઉપયોગ કરી રહ્યાં નથી અથવા આ મુદ્દાઓને ઉકેલવા માટે જરૂરી પગલાં લઈ રહ્યાં નથી. અહેવાલમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ કલ્યાણકારી યોજનાઓના અમલીકરણમાં વ્યાપક પડકારો પર પણ ભાર મૂકવામાં આવ્યો છે.અહેવાલમાં જણાવાયું છે કે



અ.જા. માટે પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અને 'મિકેનાઈઝ્ડ સેનિટેશન ઈકોસિસ્ટમ' માટે નેશનલ એક્શન પ્લાન (નમસ્તે) જેવા મુખ્ય કાર્યક્રમો હેઠળ બહાર પાડવામાં આવેલા ભંડોળનો સંપૂર્ણ ઉપયોગ કરવામાં આવ્યો ન હતો અને તેમાં પણ ઘણી ભૂલો હતી. સમિતિએ વધુ કડક મોનિટરિંગ તંત્ર વિકસાવવાની ભલામણ કરી છે, જેમાં વરિષ્ઠ અધિકારીઓ દ્વારા નિયમિત સમીક્ષાઓ અને ઓપરેશનલ ખામીઓને દૂર કરવા માટે રાજ્ય અને સ્તરની વર્કશોપના આયોજનનો સમાવેશ થાય છે.અહેવાલમાં મધ્યપ્રદેશ, રાજસ્થાન, બિહાર અને ઓડિશા જેવા રાજ્યોને ભંડોળનો ઉપયોગ કરવામાં અને અમલીકરણના લક્ષ્યોને હાંસલ કરવામાં સતત પાછળ હોવાનો સંકેત આપવામાં આવ્યો છે.

**સાંસદ વિરૂદ્ધ ગુનો નોંધાશે**

## સંભલ સાંસદના ઘરે મીટર ચેકીંગમાં ગયેલી વીજ ટીમને ધમકી અપાઈ

। (એજન્સી) સંભલ, તા.૧૯ ।

સંભલથી સમાજવાદી પાર્ટીના સાંસદ જિયા ઉર રહેમાન બર્કની મુશ્કેલીઓ વધી રહી છે. વીજ વિભાગ વીજળી ચોરીના કેસમાં એફઆઈઆર નોંધવાની તૈયારી કરી રહ્યું છે ત્યારે હવે સાંસદના ઘરે વીજ મીટર ચેક કરવા ગયેલા વીજ અધિકારીઓને ધમકાવવાના કેસમાં પણ એફઆઈઆર નોંધવામાં આવશે. વીજ વિભાગની ટીમ નવા લગાવેલા મીટરના લોડની તપાસ કરવા જિયા ઉર રહેમાન બર્કના ઘરે પહોંચી હતી. વીજળી વિભાગની ટીમ પણ સાંસદના ઘરે ઉપયોગમાં લેવાતા ઈલેક્ટ્રોનિક ઉપકરણોની તપાસ કરવા પહોંચી હતી. બર્કના ઘરનું વીજળીનું બિલ શૂન્ય પર આવી રહ્યું હતું. જ્યારે તપાસમાં તેના ઘરમાં કેટલા કિલોવોટ વીજળીનો વપરાશ થાય છે તે જાણવાનો પ્રયાસ કર્યો હતો. મહત્વનું છે કે જિયા ઉર રહેમાનનું ઘર ૨૦૦ યાર્ડમાં બનેલું છે, પરંતુ તેમના ઘરમાં માત્ર ૪ કિલો વોટ મીટર જ લગાવવામાં આવ્યું હતું. આ પછી વીજળી વિભાગે તેના ઘરમાં લગાવેલું મીટર બદલી નાખ્યું હતું. વિજળી વિભાગની ટીમે સાંસદના ઘરમાં વપરાતા ઈલેક્ટ્રોનિક ઉપકરણોની પણ ચકાસણી કરી હતી જેથી સાંસદના ઘરમાં કેટલા ઈલેક્ટ્રોનિક ઉપકરણોનો ઉપયોગ થઈ રહ્યો છે. વીજ વિભાગની ટીમે બે દિવસ પહેલા જિયા ઉર રહેમાનના ઘરે લગાવેલા મીટર બદલી નાખ્યા હતા. મીટર બદલવા વીજ વિભાગના ૫ થી ૬ કર્મચારીઓ ભારે પોલીસ બંદોબસ્ત સાથે આવી પહોંચ્યા હતા. પોલીસ ટીમની આગેવાની વિસ્તારના એએસપી અને સીઈઓએ કરી હતી. હવે વીજ વિભાગની ટીમ નવા મીટરના લોડની ચકાસણી કરવા આવી પહોંચી છે. ઉલ્લેખનીય છે કે સંભલમાં મસ્જિદ અને મદરેસા સહિત અનેક ઘરોમાં વીજળી ચોરી થઈ રહી હતી. અહીં હિંસા પછી, વહીવટીતંત્રે વીજળી ચોરી સામે ઝુંબેશ તેજ કરી છે અને છેલ્લા ૩ મહિનામાં વીજળી ચોરીની ૧૨૫૦ એફઆઈઆર નોંધી છે.

## આંતર રાજ્ય ટોળકીના સભ્યો લૂંટનું ષડયંત્ર કરી રહ્યા હતા

। (એજન્સી) પટના, તા.૧૯ ।

બિહારની રાજધાનીમાંથી એક મોટા સમાચાર આવી રહ્યા છે. અહીં પટના રેલ એસપી અમૃતેન્દુ શેખરે પ્રેસ કોન્ફરન્સ કરતા જણાવ્યું છે કે, "રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ ૮ પર અમુક યુવકો ઊભા હતા. આ લોકોને લઈને પોલીસને ગુપ્તચરે સૂચના આપી હતી. તેના પર કાર્યવાહી કરતા પોલીસે ૬ યુવકોને પકડી પોલીસ સ્ટેશને લઈ ગઈ અને ત્યાં તેમની સાથે પૂછપરછ કરી તો મોટો ખુલાસો થયો. આ તમામ મોબાઈલ, લેપટોપ ચોરી, ચેન સ્નેચિંગ કરવી, અટેચી લિફ્ટર, ગેરકાયદેસર દારૂની તસ્કરીમાં સામેલ હતા. તેમનું બહુ મોટું નેટવર્ક હતું." રેલ એસપી અમૃતેન્દુ શેખર ઠાકુરે જણાવ્યું કે, "રેલવે પોલીસને મોટી સફળતા મળી છે. જાણકારી મળી હતી કે, આંતર રાજ્ય ટોળકીના સભ્યો લૂંટનું ષડયંત્ર કરી રહ્યા હતા. તેમને ચેકિંગ અંતર્ગત પકડી પાડવામાં આવ્યા છે.



તેમની પાસેથી ૨૬ એન્ડ્રોઇડ મોબાઈલ ફોન જપ્ત કર્યા છે. જેની કિંમત લગભગ ૩ લાખ ૯૦ હજાર આંકવામાં આવી છે." રેલ એસપીએ કહ્યું કે, "સૂચના મળતા પોલીસે સ્પેશિયલ ટીમ બનાવી અને હુરિયો બોલાવ્યો હતો અને ૬ લોકોની ધરપકડ કરી હતી. તેમાંથી ૨ બિહાર, ૩ ઝારખંડ અને ૧ ઉત્તર પ્રદેશનો રહેવાસી છે. આ લોકો વિવિધ રેલવે સ્ટેશન પરથી મોબાઈલ, પૈસા, બેગ લૂંટની ઘટનાને અંજામ આપતા હતા. રેલ એસપીએ કહ્યું કે, આંતરરાજ્ય ટોળકી અંતર્ગત આ લોકો કામ કરી રહ્યા હતા. મોબાઈલ લૂંટીને લોકલ માર્કેટ અને બીજી જગ્યાએ જઈને વેચી દેતા હતા." રેલ એસપીએ કહ્યું કે, "આ તમામ સાથે અન્ય પાસાઓને લઈને પણ પૂછપરછ થઈ રહી છે. ગુનાહિત ઘટનાઓમાં તેમની સંડોવણીને લઈને પૂછપરછ થઈ રહી છે. તેમના વિશે ગુપ્તચર પાસેથી કેટલીય ઘટનાઓને લઈને જાણકારી મળી હતી. તેથી તમામ પુરાવાઓ અને કડીઓ જોડવામાં આવી રહી છે." રેલ એસપીએ કહ્યું કે, "ગોપાલગંજ એડીજીના બોડીગાર્ડનું કાર્બાઈન અને ૨૦ કારતૂસ ચોરીના મામલામાં કહ્યું કે, આ મામલા પર એસઆઈટી બનાવવામાં આવી છે. વિવિધ પાસા પર તપાસ થઈ રહી છે. આ ચોરીની ઘટના પટના જંક્શનથી થઈ ત્યારે પટના બક્સર ટ્રેનથી પોતાના ઘર આરા જઈ રહ્યા હતા. પોતાની બેગમાં કાર્બાઈન રાખીને ટ્રેનની સીટ ઉપર ટાંગીને તેઓ મોબાઈલ પર વાત કરવા લાગ્યા હતા.

## બ્રિટનના ગાર્ડિયન ગ્રૂપે વિશ્વનું સૌથી જુનું અખબાર 'ધ ઓબ્ઝર્વર' વેચી દીધું

। (એજન્સી) લંડન, તા.૧૯ ।

બ્રિટનના ગાર્ડિયન અખબારના માલિકે બુધવારે પુષ્ટિ કરી કે, તેમણે વિશ્વનું સૌથી જૂનું સંડે અખબાર 'ધ ઓબ્ઝર્વર' ટોર્ટોઈઝ મીડિયાને વેચી દીધું છે. ગાર્ડિયન મીડિયા ગ્રૂપની માલિકી ધરાવતા સ્કોટ ટ્રસ્ટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ટોર્ટોઈઝ મીડિયા રોકડ અને શેરના સંયોજન દ્વારા ધ ઓબ્ઝર્વરને ખરીદી રહ્યું છે. જો કે, આ ડીલની રકમ જાહેર કરાઈ નથી.ધ ઓબ્ઝર્વરની સ્થાપના ૧૭૯૧માં કરવામાં આવી હતી અને ૧૯૯૩માં ગાર્ડિયન મીડિયા ગ્રૂપનો ભાગ બન્યું હતું. વર્ષ ૨૦૧૯માં લંડન ટાઈમ્સના ભૂતપૂર્વ એડિટર અને બીબીસીના ન્યૂઝ ડાયરેક્ટર જેમ્સ હાર્ડિંગ અને લંડનમાં અમેરિકાના ભૂતપૂર્વ રાજદૂત મેથ્યુ બાર્ઝુન દ્વારા ટોર્ટોઈઝને લોન્ચ કરવામાં આવ્યું હતું.ડીલના ભાગ રૂપે ટોર્ટોઇઝે ગાર્ડિયન મીડિયા ગ્રૂપ (GMG) સાથે પાંચ વર્ષના કોમર્શિયલ એગ્રીમેન્ટ પર સંમતિ આપી છે, જે તેને પ્રિન્ટ અને ડિસ્ટ્રીબ્યુશન સર્વિસ તેમજ ગાર્ડિયન દ્વારા માર્કેટિંગ બંને માટે ચૂકવણી કરશે. સ્કોટ ટ્રસ્ટ ટોર્ટોઈઝ મીડિયામાં ૯ ટકા હિસ્સો પણ લેશે અને ૨૫ મિલિયન પાઉન્ડના રોકાણના ભાગરૂપે ટોર્ટોઈઝ મીડિયામાં ૫ મિલિયન પાઉન્ડ (USD ૬.૩ મિલિયન)નું કમિટમેન્ટ આપશે.

## રશિયાએ એક દિવસમાં ૫૪૦ યુક્રેનિયન સૈનિકોને માર્યા

। (એજન્સી) મોસ્કો, તા.૧૯ ।

પુતિનના સૌથી વિશ્વાસુ સેનાપતિઓમાંના એક લેફ્ટનન્ટ જનરલ ઈગોર કિરિલોવની હત્યાએ રશિયાને હચમચાવી નાખ્યું છે. બોમ્બ બ્લાસ્ટમાં કિરિલોવના મોત બાદ રશિયાએ યુક્રેન પાસેથી જબરદસ્ત બદલો લીધો છે. રશિયન સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, રશિયાએ છેલ્લા ૨૪ કલાકમાં યુક્રેનના ૫૪૦ સૈન્ય કર્મચારીઓને મારી નાખ્યા છે. આ સાથે ઘણા અમેરિકન અને પોલિશ બખ્તરબંધ વાહનોને પણ નષ્ટ કરી દેવામાં આવ્યા છે.રશિયાના 'Zapd' (પશ્ચિમ) અને 'Tsentr' (કેન્દ્ર) દળોએ યુક્રેનના ૧૧ વળતા હુમલાઓને નિષ્ફળ બનાવ્યા હતા. 'ઝેપ્ડ' જૂથે ૪૪૦ યુક્રેનિયન સૈનિકોનો હણી લીધા છે, જ્યારે 'યુગ' (દક્ષિણ) જૂથે ૩૫૦ સૈનિકોને મારી નાખ્યા છે. આ ઉપરાંત, રશિયન દળોએ ડોનેટ્સ્ક ક્ષેત્રના ટુડોવ અને સ્ટેરી ટર્ની વિસ્તારો પર કબજો મેળવી લીધો છે. કિરિલોવનું મંગળવારે તેના મોસ્કો એપાર્ટમેન્ટની બહાર પાર્ક કરેલા સ્કૂટરમાં પ્લાન્ટ કરેલા બોમ્બના વિસ્ફોટમાં મોત થયું હતું. રશિયન એજન્સીઓનું કહેવું છે કે આ હુમલો યુક્રેનની ગુપ્તચર એજન્સીઓએ કર્યો હતો. કિરિલોવ હત્યા કેસનો શંકાસ્પદ પકડાયો : રશિયાએ બુધવારે ઉઝબેકિસ્તાનના એક નાગરિકની અટકાયત કરી છે. આ વ્યક્તિએ મોસ્કોમાં જનરલ કિરિલોવની હત્યા કરવા માટે બોમ્બ પ્લાન્ટ કર્યાની કબૂલાત કરી છે. હુમલાખોરને યુક્રેનની એજન્સીએ આ કામ માટે એક લાખ ડોલર, યુરોપમાં રહેવા તથા સુરક્ષા માટેનું વચન આપ્યું હતું.

## મહિલાઓના વિરોધ સામે ઈરાન ઝૂક્યું નવા હિજાબ કાયદા પર રોક લગાવી

। (એજન્સી) તેહરાન, તા.૧૯ ।

ઈરાનમાં હિજાબના કાયદાનો સતત વિરોધ થઈ રહ્યો છે. હિજાબને લઈને વધતા સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય વિરોધ વચ્ચે, ઈરાને તેના નવા હિજાબ કાયદાના અમલીકરણ પર પ્રતિબંધ મૂક્યો છે. ઈરાનની રાષ્ટ્રીય સુરક્ષા પરિષદે ગયા શુક્રવાર (૧૩ ડિસેમ્બર) થી અમલમાં આવેલા વિવાદાસ્પદ હિજાબ અને પવિત્રતા કાયદાના અમલીકરણ પર હાલપુરતી રોક લગાવી દીધી છે.ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેજેશ્કિયાને હિજાબ કાયદા અંગે કહ્યું હતું કે આ કાયદો અસ્પષ્ટ છે અને તેમાં સુધારાની જરૂર છે. રાષ્ટ્રપતિએ સંકેત આપ્યો હતો કે આ નવા હિજાબ અને પવિત્રતા કાયદાની જોગવાઈઓ અમલમાં મૂકતા પહેલા તેના પર પુનર્વિચાર કરવામાં આવી શકે છે. તેમણે તેની કેટલીક જોગવાઈઓ પર પુનર્વિચાર કરવા કહ્યું છે. ઉલ્લેખનીય છે કે ઈરાનના નવા હિજાબ અને પવિત્રતા કાયદામાં એવી મહિલાઓ અને છોકરીઓ માટે કડક સજાની જોગવાઈ છે જેઓ તેમના વાળ, હાથ અને પગના નીચલા ભાગને સંપૂર્ણપણે ઢાંકતી નથી. નવા હિજાબ કાયદામાં આવી મહિલાઓ અને યુવતીઓ પર આકરો દંડ તથા ૧૫ વર્ષ સુધીની જેલની સજાની જોગવાઈ છે.એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ સહિત અનેક માનવાધિકાર સંગઠનોએ આ કાયદાની ટીકા કરી છે. એમ્નેસ્ટીએ ઈરાની પ્રશાસન પર 'દમનની દમનકારી વ્યવસ્થાને વધુ મજબૂત કરવાનો' પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો છે.

## તંત્રી લેખ...

# મોંઘવારી અને વિકાસમાં સંતુલનનો પડકાર


યુપીએ સરકારના પહેલા કાર્યકાળનું અંતિમ વર્ષ હતું. તત્કાલીન કેન્દ્રીય નાણાંમંત્રી પી.ચિદમ્બરમ પોતાનું 'ડ્રીમ બજેટ' રજૂ કરી ચૂક્યા હતા. આરબીઆઈના નવા ગવર્નરની નિયુક્તિ માટે વિમર્શ ચાલી રહ્યો હતો. ચિદમ્બરમે તત્કાલીન નાણાંસચિવ ડી.સુબ્બારાવનું નામ પ્રસ્તાવિત કર્યું. સપ્ટેમ્બર ૨૦૦૮માં સુબ્બારાવ આરબીઆઈના ૨૨મા ગવર્નર બની ગયા. વિચાર એ હતો કે આરબીઆઈ ગવર્નર સુબ્બારાવ સાથે કેન્દ્રનો તાલમેલ સારો રહેશે. તેના આગામી વર્ષે લોકસભા ચૂંટણીઓ પણ હતી, પરંતુ એવું થયું નહીં. યુપીએ-બે ના કાર્યકાળમતાં જ્યારે રાજકીય દ્વંદ્વમાં સાયેલી સરકારના તેજ આર્થિક વિકાસ દર માટે નીતિગત વ્યાજ દરો એટલે કે રેપો રેટ અને રિવર્સ રેપો રેટમાં કપાતની જરૂર હતી ત્યારે સુબ્બારાવે એવું ન કર્યું. એના પર ચિદમ્બરમે જાહેરમાં કહ્યું હતું, 'જો દેશનો વૃદ્ધિ દર વધારવાની જવાબદારી માત્ર સરકારની જ હોય તો તે પોતાની જવાબદારી નિભાવવા તૈયાર છે.' કેન્દ્ર અને આરબીઆઈના સંબંધોમાં તણાવની આ વાત બાદમાં ડી.સુબ્બારાવે પોતાના પુસ્તકમાં લખી. આ એ વાતનું ઉદાહરણ છે કે જ્યારે કેન્દ્ર સરકાર પોતાના પંસદગીના બ્યૂરોક્રેટને નોર્થ બ્લોકથી કાઢીને મિંટ રોડ મોકલે છે, તો બધું જ એવું નથી થતું જેવું વિચારવામાં આવે છે. તેનું નાનું ઉદાહરણ છેલ્લા થોડા મહિના દરમ્યાન પણ જોવા મળ્યું. કેન્દ્ર સરકારના ત્રણ વરિષ્ઠ મંત્રીગણ નાણાંમંત્રી નિર્મલા સીતારમણ, ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ અને પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ વ્યાજ દરોમાં કપાતની માંગ જાહેર મંચ પર કરી દીધી. છતાં આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસની અધ્યક્ષતાવાળી મૌદ્રિક નીતિ સમિતિએ તેનો સ્વીકાર ન કર્યો. જ્યારે શક્તિકાંત દાસનો તાલમેલ છેલ્લા છ વર્ષો દરમ્યાન નાણાં મંત્રાલય સાથે જબરદસ્ત રહ્યો હતો. તો સવાલ એ છે કે કેમ કેન્દ્રીય બેંકના ગવર્નર વ્યાજ દરો મુદ્દે સરકારના દબાણ આગળ ઝૂકતા નથી? કારણ છે મોંઘવારી. દુનિયાની દરેક કેન્દ્રીય બેંકની એ મુખ્ય જવાબદારી હોય છે કે તે મોંઘવારીને કાબૂમાં રાખે. હાલમાં જ સેવાનિવૃત્ત થયેલા શક્તિકાંત દાસ જ નહીં, પણ તેના પહેલાં પૂર્વ ગવર્નર રઘુરામ રાજન, ડી.સુબ્બારાવે અલગ-અલગ જગ્યો આ વાત કહી છે કે મોંઘવારી રોકવી તેની પ્રાથમિકતા રહી કે જો તેવું ન કરવામાં આવ્યું તો તેની સૌથી ખરાબ અસર દેશની ગરીબ જનતા પર થાત. શક્તિકાંત દાસનો એક ઈન્ટરવ્યૂ ૨૪ જૂન, ૨૦૨૨ના રોજ પ્રકાશિત થયો જેમાં તેમણે કહ્યું કે 'વધુ મોંઘવારી લોકોને સૌથી વધુ પરેશાન કરે છે અને સમાજના કમજોર વર્ગ પર તો તેની સૌથી ખરાબ અસર પડે છે.' આવી જ વાત સુબ્બારાવે પોતાના પુસ્તકના વિમોચન પ્રસંગે આયોજિત એક કાર્યક્રમમાં કરી હતી. કેટલીય આર્થિક સંસ્થાઓ અને અર્થવિદોના શોધપત્રોએ પણ આ જ વાતને સાચી સાબિત કરી છે. તેને આસીનીથી એક ઉદાહરણથી સમજી શકાય છે. માનો કે એક તરફ એક ખાનગી કંપનીમાં કાર્યરત વ્યક્તિ છે અને તેનો માસિક પગાર એક લાખ રૂપિયા છે.

# રવિચંદ્રન અશ્વિનએ ઈન્ટરનેશનલ ક્રિકેટના બધા જ ફોર્મેટમાંથી અચાનક નિવૃત્તિ લેવાની જાહેરાત કરી

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ઑલરાઉન્ડર રવિચંદ્રન અશ્વિનએ ઈન્ટરનેશનલ ક્રિકેટના બધા જ ફોર્મેટમાંથી અચાનક નિવૃત્તિ લેવાની જાહેરાત કરીને સૌને આંચકો આપી દીધો. ઑસ્ટ્રેલિયામાં રમાઈ રહેલી ટેસ્ટ શ્રેણીમાં ત્રીજી ટેસ્ટ ડ્રોમાં ગઈ પછી પ્રેસ કૉન્ફરન્સમાં રોહિત શર્માની સાથે અશ્વિન હાજર થયો ત્યારે સૌને આશ્ચર્ય થયેલું કેમ કે અશ્વિન ત્રીજી ટેસ્ટમાં રમનારી ઈલેવનમાં નહોતો. અશ્વિનએ પ્રેસ કૉન્ફરન્સમાં જ નિવૃત્તિની જાહેરાત કરીને સૌને વધારે મોટું અને અણધાર્યું આશ્ર્ચર્ય આપી દીધું. અશ્વિનએ જાહેરાત કરી છે કે, પોતે ક્રિકેટના બધા જ ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ રહ્યો છે અને ભારતીય ટીમ સાથે ૧૮ ડિસેમ્બર, ૨૦૨૪ ને બુધવાર તેનો છેલ્લો દિવસ હતો. ભારતમાં ક્રિકેટરો જલદી ખસતા નથી તેથી અશ્વિનની નિવૃત્તિ સૌને આંચકાજનક લાગે છે, પણ અશ્ર્વિનએ યોગ્ય સમયે આ નિર્ણય લીધો છે. ગૌરવભેર નિવૃત્તિનો અશ્વિનનો નિર્ણય સમયસરનો છે કેમ કે છેલ્લા કેટલાક સમયથી તેને સતત નિષ્ફળતા મળતી હતી. એડિલેડમાં રમાયેલી બીજી ટેસ્ટ અશ્વિનની છેલ્લી ટેસ્ટ હતી ને તેમાં અશ્વિનનું પ્રદર્શન સામાન્ય હતું. પહેલી ઈનિંગમાં ૨૨ ને બીજી ઈનિંગમાં સાત રન કરનારા અશ્વિનને ફાસ્ટ બોલરોની પિચ પર એક જ વિકેટ મળી હતી. મિશેલ માર્શ તેનો છેલ્લો શિકાર હતો. પહેલી ટેસ્ટમાં અશ્વિનને તક નહોતી મળી, પણ એ પહેલાં ન્યૂ ઝીલૅન્ડ સામેની ટેસ્ટમાં અશ્વિનનો દેખાવ બહુ સાધારણ હતો. અશ્વિનએ ભારતની પિચો પર અત્યંત ખતરનાક ગણાય છે, પણ ન્યૂ ઝીલૅન્ડ સામેની શ્રેણીમાં અશ્વિન સાવ સામાન્ય પુરવાર થયો હતો. ન્યૂ ઝીલૅન્ડના સેન્ટનર અને એજાઝ પટેલે ભારતને રગદોળી નાખેલું ત્યારે ભારતીય સ્પિન બોલિંગનો કર્ણધાર અશ્ર્વિન ન્યૂ ઝીલૅન્ડના બેટ્સમેન સામે સાવ સામાન્ય બોલર હોય એવું લાગતું હતું. ન્યૂ ઝીલૅન્ડ સામેની આખી શ્રેણીમાં અશ્વિનએ ૧૮ રનના શ્રેષ્ઠ સ્કોર સાથે છ ઈનિંગ્સમાં માત્ર ૫૧ રન બનાવ્યા હતા. બાંગ્લાદેશ સામે જબરદસ્ત સદી ફટકાર્યા પછી અશ્ર્વિન સાવ બેટિંગ જ ભૂલી ગયો હોય એ રીતે આખી સીરિઝમાં રમ્યો હતો. ન્યૂ ઝીલૅન્ડ સામે બોલિંગમાં પણ અશ્વિન ૪૧.૨૨ની નબળી સરેરાશ સાથે અને ૬૩ રનમાં ૩ વિકેટના શ્રેષ્ઠ ફિગર સાથે માત્ર નવ વિકેટ લઈ શક્યો હતો. અશ્વિન ભારતની પિચો પર પોતાનો ચરખો ચલાવીને હરીફ ટીમને ધરાશાયી કરવા માટે જાણીતો છે, પણ તેની કારકિર્દીમાં પહેલી વાર એવું બન્યું કે, ઘરઆંગણે શ્રેણીમાં એક પણ ઈનિંગમાં પાંચ વિકેટ ઝડપી શક્યો ન હતો. ઈનિંગમાં એક-બે વિકેટ લેવી એ અશ્વિનની પ્રતિષ્ઠાને અનુરૂપ નહોતું એ જોતાં તેને કદાચ એ વખતે જ ખ્યાલ આવી ગયેલો કે, હવે આપણા શ્રેષ્ઠ દિવસો પૂરા થઈ ગયા છે અને હવે નિવૃત્તિ લેવાનો વિકલ્પ જ શ્રેષ્ઠ છે. બહુ લાંબું વિચાર્યા વિના અશ્વિનએ આ નિર્ણય અમલમાં મૂકીને બહુ સારું કર્યું. અશ્વિનની છેલ્લી બે સીરિઝ ભલે સારી ના ગઈ, પણ તેના કારણે તેની મહાનતા ઓછી થતી નથી. ભારતીય ક્રિકેટના સર્વકાલીન મહાન ક્રિકેટરોમાં તેનું નામ લેવું પડે એવી તેની કરિયર છે જ. તેમાં પણ ટેસ્ટમાં તો અશ્વિનની કક્ષાનો અનિલ કુંબલે સિવાય બીજો બોલર નથી આવ્યો. આંકડાની રીતે જોઈએ તો અશ્વિનએ ભારતને અત્યાર સુધીમાં કપિલદેવ પછીનો શ્રેષ્ઠ ઑલરાઉન્ડર ગણવો પડે એવો દેખાવ છે. અશ્વિનએ ૧૦૬ ટેસ્ટમાં ૨૫.૯૨ રનની એવરેજથી ૩૫૦૩ રન બનાવ્યા અને કુલ ૬ ટેસ્ટ સદી ફટકારી છે. બોલિંગમાં તો વૈશ્ર્વિક સ્તરે તેને મહાન સ્પિનરોમાં એક ગણવો પડે એવો તેનો રેકોર્ડ છે.

**માનવી ઘણીવાર સંજોગોને કારણે એવો ઘેરાઈ જતો હોય છે કે, જ્યાંથી તેને આગળની કોઈ દિશા સૂઝતી નથી**

# લગભગ દરેકનાં જીવનમાં "યે કહાં આ ગયે હમ! ગીત જેવો મોડ આવે જ છે



**સદ્ગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**૧૯૮૧માં બનેલી સીલસીલા ફિલ્મનું આ ગીત છે, અમિતાભ બચ્ચન અને લતા મંગેશકર ગાયું છે, એના શબ્દો જાવેદ અખ્તરે લખ્યાં છે, તેમજ મ્યુઝિક શિવ હરિનું છે, ફિલ્મની કહાનીથી આપણે જાણીએ છીએ, પ્રેમ ક્યારેક કેવા વિચિત્ર મોડ પર લઇ જાય છે, અને તે નીભાવી શકાતો નથી, એની વાત આ ફિલ્મમાં છે, પરાણે સ્વીકારવું પડ્યું હોય એવું સત્ય, પણ ક્યારેક આપણને ખોટું કામ કરતા રોકી શકે છે.**


આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. માનવીય બુદ્ધિ અમુક ઉંમરે અને અમુક કક્ષા એ સ્થિર થવી બહુ જ જરૂરી છે, નહીં તો મનની ચંચળતા ભોગ માંથી બહાર આવવા દેતી નથી, અને જીવનનો સાચો માર્ગ આપણે જોઈ શકતા નથી. ક્યારેક મમતાની તડપ, તો ક્યારેક ગમતાની તડપ, માનવીને ભૂલ કરવા માટે મજબૂર કરે છે, અને ત્યારે તે ક્યાં પહોંચી જાય છે, તેની તેને પણ ખબર રહેતી નથી. પહોંચી ગયા પછી પાછા ન ફરી શકવાનો કે, થયેલા કર્મનો પસ્તાવો થાય છે. ગમતાની ચાહ એટલે કે પ્રેમ ઘણી વાર કેવાં વિચિત્ર મોડ પર લઈ જાય છે, એ વિશે તરાનાની તર્જ જીવન કા અર્ક ને એક સુંદર ગીતનો સંદર્ભ લઈને આજે ચિંતનમાં વાત કરીશું.

**યે કહા આ ગયે હમ,**
**યુહી સાથ સાથ ચલતે,**
**મેં ઔર મેરી તન્હાઈ અક્સર**
**યે બાતે કરતે,**
**તુમ હોતી તો ઐસા હોતાં,**
**તુમ હોતી તો ઐસા હોતા.**

૧૯૮૧માં બનેલી સીલસીલા ફિલ્મનું આ ગીત છે. અમિતાભ બચ્ચન અને લતા મંગેશકર ગાયું છે. એના શબ્દો જાવેદ અખ્તરે લખ્યાં છે, તેમજ મ્યુઝિક શિવ હરિનું છે. ફિલ્મની કહાનીથી આપણે જાણીએ છીએ. પ્રેમ ક્યારેક કેવા વિચિત્ર મોડ પર લઈ જાય છે, અને તે નીભાવી શકાતો નથી, એની વાત આ ફિલ્મમાં છે. પરાણે સ્વીકારવું પડ્યું હોય એવું સત્ય, પણ ક્યારેક આપણને ખોટું કામ કરતા રોકી શકે છે. અને ભારતીય લગ્ન સંસ્થાની ગરીમા જળવાઈ રહે એવો આ ફિલ્મનો મુખ્ય ઉદ્દેશ છે. માનવી ઘણીવાર સંજોગોને કારણે એવો ઘેરાઈ જતો હોય છે કે, જ્યાંથી તેને આગળની કોઈ દિશા સૂઝતી નથી, અને પ્રેમ માટે તે સમાજની પરવા કર્યા વગર પોતાની બુદ્ધિ પ્રમાણે દોરાય છે, અને ઘણીવાર ખોટા માર્ગે પણ પહોંચી જાય છે, ત્યારે તેને એમ થાય છે કે મેં આ શું કર્યું? અને હું ત્યાં આવી પહોંચ્યો! મારે આટલી ઉતાવળ કરવાની જરૂર નહોતી, થોડી ધીરજ ધરી હોત તો કદાચ સંજોગો સુધરી પણ શકત. સંજોગો આપણી પરીક્ષા રૂપે આવતા હોય છે, અને એમાંથી શીખ લઈને જીવન ઘડવાનું હોય છે. પરંતુ માનવીય માનસિકતા એવી છે કે, કહેવાતો આ પ્રકારનો પ્રેમ એક જાતની આગ છે, અને એમાં દાઝવાની પૂરેપૂરી શક્યતા છે, છતાં પણ લોકો તેમાં માત્ર હાથ નહીં, પોતાની જાત હોમી દેતા પણ અચકાતા નથી. પ્રેમ માનવીને પરિપક્વ બનાવે, અને એ ઉપરાંત ત્યાગ, બલિદાન, સમર્પણ જેવા ઉચ્ચ સંસ્કાર શીખવે, જ્યારે આજે તો પ્રેમને નામે માત્ર છીછરા પણું છે. કોઈ અપવાદ હોઈ શકે પરંતુ અપવાદ સિદ્ધાંત બને નહિ. સમાજ પ્રેમના નામે ગેરમાર્ગે દોરાઈ રહ્યો છે, એ સત્યને આપણે સ્વીકારવું જ પડશે. યુવાનોમાં આધુનિકરણને કારણે દેખાદેખી જોવા મળે છે, અને દરેક વર્ગને બધી જ વસ્તુઓ જોઈએ. ભારતીય સમાજમાં યુવા પેઢી ત્રણ રીતે ગેર માર્ગે જઈ શકે છે, એક તો મહત્ત્વાકાંક્ષી હોય તે, બીજું વ્યસનનાં રવાડે ચડી ગયો હોય તે, અને ત્રીજું આ કહેવાતા પ્રેમમાં નાની ઉંમરમાં ફસાઈ ગયો હોય તે. યુવાનો ભારતીય સમાજનું બળ છે, અને તે જ્યારે ખોટી દિશામાં જાય ત્યારે ચિંતાનો વિષય તો બને જ છે. મહત્વકાંક્ષી યુવાન જ્યારે પોતાની મહત્ત્વાકાંક્ષા પૂરી ન થાય, ત્યારે ડિપ્રેશન અને હતાશામાં આવી જાય છે. ઘણાં આવા સંજોગોમાં માનસિક રોગિષ્ટ બની જુદી જુદી પ્રકારની હિંસા પણ કરતાં જોવા મળે છે. ઘણા આ રીતે પોતાની મહત્ત્વાકાંક્ષા પૂરી ન થતા વ્યસનના રવાડે પણ ચડી જાય છે, તો ઘણાં આ બધું ભૂલવા વ્યસની બને છે. વિજાતિય આકર્ષણને કારણે થતા પ્રેમમાં યુવાનો લગ્ન સંસ્થાનું માન જાળવતા નથી, અને લિવ ઈન રિલેશનશિપ માં લાંબો સમય રહ્યા પછી, બ્રેકઅપ પણ કરતા હોય છે, અને ત્યારે તેમને ખરેખર આ ગીતના શબ્દો મુજબનો અનુભવ થાય છે,'' યે કહા આ ગયે હમ... જીવન સ્વપ્ન નથી પરંતુ વાસ્તવિકતા છે, અને એને વાસ્તવિકતા સમજીને જ જીવવામાં આવે તો એ ક્યારેક સરળ પણ બને. જ્યારે દરેક વખતે સ્વપ્ન કે કલ્પનામાં જોયેલી જિંદગી વાસ્તવિક જીવન કરતાં જુદી પડે, ત્યારે સમસ્યા સર્જાય છે, અને એ સમયે સમાધાન કરવું શક્ય હોતું નથી, એટલે ગુમરાહ થવાની શક્યતા રહેલી છે. ફિલ્મોની કમજોરી એ છે કે ફિલ્મના હીરોને વ્યસનનું સેવન કરતા બતાડે છે, અને નીચે નાનાં અક્ષરમાં લખાયેલું હોય છે, કે દારૂ પીવો કે સીગરેટ પીવી એ હાનિકારક છે, સત્ય સાથે પણ આવા દ્રશ્યો શું કામ મૂકવા જોઈએ! જે આજની પેઢીને ગેરમાર્ગે દોરી જાય. કારણકે લખાયેલું તો તરત ભુલાઈ જતું હોય છે, જ્યારે ભજવાયેલ પાત્રનો અભિનય ઘણા લાંબા સમય સુધી મગજમાં અસર કરતો હોય છે. એટલે ક્યારેક ક્યારેક સારા મેસેજ વાળી, આવી ફિલ્મો પણ યુવાનોના ગેર માર્ગે જવા માટે કારણભૂત બનતી હોય છે. ઉંમરની અપરિપક્વતા હોય ત્યારે સોબત પણ સારા ખરાબ જીવન માટે જવાબદાર બને છે. એટલે કે સારા મિત્રોની સોબત થઇ હોય તો જીવન સુધરી જાય, અને ખરાબ મિત્રોની સોબત હોય તો ગેર માર્ગે જઈ શકે. દારૂ કે તમાકુનું સેવન કરનારા દરેકે દરેક જણને એ ખબર જ છે કે આ હાનિકારક છે, છતાં તેનો ઉપયોગ લોકો આરામથી કરતા હોય છે, અને ક્યારેક તેના બહુ ભયંકર પરિણામ આવે ત્યારે, એને ખરેખર એમ થાય છે કે યે કહા આ ગયે હમ, યુહી સાથ સાથ ચલતે એટલે કે વ્યસનની સાથે સાથે તે ત્યાં પહોંચી ગયો. સ્ત્રી સમોવડીનું સુત્ર સ્ત્રીઓને અમુક પ્રકારના અધિકાર મળે એ માટે મહિલા જગત એ પ્રચલિત કર્યું. પરંતુ મહાનગરોમાં આજે યુવક કરતાં યુવતીઓ વ્યસનના માર્ગે વધારે જાય છે. ઘરે અમુક પ્રકારના બંધનમાં જીવાયુ હોય, એટલે ભણવા સંદર્ભે બહાર જવાનું થાય ત્યાં મુકતતા, મળતા ઘણા બધા લાલચના પગથિયે લપસી જવાની પૂરેપૂરી શક્યતા છે, અને લિવ ઈન રિલેશનશિપ કે દેહનો વેપાર વગેરે પણ આ બધાની નીપાજ રૂપે જ મળે છે, અને ક્યારેય ક્યારેક એવી યુવતીને પણ અમુક મોડ પર પહોંચ્યા પછી એવું થાય યે કહા આ ગયે હમ. માનવીની બીજી એક કમજોરી એ છે કે સમય સંજોગો પ્રમાણે તેને આવું કરવું પડ્યું. પરંતુ હકીકતમાં એવું હોતું નથી, સમય સંજોગો તો દરેકના જીવનમાં સારા ખરાબ આવતા જ હોય છે. પરંતુ દરેક વ્યક્તિ ગેરમાર્ગે જાય એવું જરૂરી હોતું નથી, અને માનવી સાચા સંસ્કાર દેખાડવાની ક્ષણ ચૂકી જવાય તો ગેરમાર્ગે જવાની પૂરેપૂરી શક્યતા છે. એટલે બાળકો નાના હોય ત્યારથી જ તેમાં અમુક પ્રકારના સંસ્કારોનું, સિંચન કરવાથી, મોટા થતાં એ સંસ્કારો જ તેને ગેર માર્ગે જતા રોકી શકે છે, કારણ કે માતા-પિતા કે પછી અન્ય કોઈ સ્વજન હરક્ષણ તેની સાથે હોતું નથી. ત્યારે આ સંસ્કાર તેના ચરિત્ર ઘડતરનો એક પાયો છે, અને એ તેની સાથે હરક્ષણ હોય છે. એટલે આવું ખવાય આવું ન ખવાય,આ પીવાય આવું ન પીવાય, આવું ન પહેરાય, એ બધી રોકટોક અંદરથી જ થાય, અને પોતે ગેરમાર્ગે જાય નહીં. હિન્દુ સંસ્કૃતિને ઉપર ઉઠાવી હશે તો યુવાનોએ તેને અપનાવવી પડશે, અને આપણી સંસ્કૃતિ ખૂબ મહાન છે, અને ખૂબ સારા નૈતિક મૂલ્યો તેમાં સમાયેલા છે. જે હકીકતમાં આપણને સાચા સંતોષ, શાંતિ, આનંદ, સુધી લઈ જનાર છે. વાસ્તવિકતા સાથે જેટલા જોડાયેલા રહીએ, તેટલું જ જીવન વધુ સરળ બને છે, એ વાત યાદ રાખી, જીવન જીવવું.ભારતીય યુવાનો આ સત્યને સમજી અને જીવન જીવે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**આપણા પાપના પ્રમાણમાં ભગવાન આપણને બહુ ઓછી સજા કરે છે, મનુષ્ય આંખ અને મનથી વારંવાર પાપ કરે છે**

# પરમાત્મા દયાળુ છે, આપણા પાપના પ્રમાણમાં ભગવાન આપણને બહુ ઓછી સજા કરે છે



**વિશેષ**


યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**શ્રીકૃષ્ણ ઉદ્ધવને કહે છે, ઉદ્ધવ, યશોદાનો પ્રેમ મને મથુરામાં મળતો નથી, હું ન ખાઉં ત્યાં સુધી મારી મા ખાતી ન હતી, અહીં તો મારા માટે છપ્પન ભોગ બનાવે છે, પરંતુ દરવાજો બંધ કરીને કહે છે કે, એકલા એકલા આરોગજો, હું તેમ આરોગતો નથી, મને એવી ટેવ નથી ઉદ્ધવ, ગોકુળ છોડીને મથુરામાં આવ્યા પછી મારા ભોગ સરી ગયા છે, મને કોઈ પ્રેમથી ન મનાવે ત્યાં સુધી હું ખાતો નથી.**

જીવને પરમાત્મા પર પ્રેમ નથી, પણ પરમાત્મા તો જીવ ઉપર પ્રેમનો વરસાદ વરસાવે છે. આ જીવ લાયક નથી હોતો, છતાં પરમાત્મા તેને પૈસો અને પ્રતિષ્ઠા આપે છે. જીવ દુષ્ટ છે, છતાં પરમાત્મા દયાળુ છે. આપણા પાપના પ્રમાણમાં ભગવાન આપણને બહુ ઓછી સજા કરે છે.મનુષ્ય આંખ અને મનથી વારંવાર પાપ કરે છે.તે બધાં પાપ ની એ ભગવાન સજા કરે તો મનુષ્યને પીવા માટે પાણી પણ ન મળે, છતાં દુઃખની વાત એ છે કે, એવા પરમાત્મા ઉપર જીવ પ્રેમ કરતા નથી. હું ઈશ્વરને માનતો નથી. શ્રીકૃષ્ણ ઉદ્ધવને કહે છે, ઉદ્ધવ, યશોદાનો પ્રેમ મને મથુરામાં મળતો નથી. હું ન ખાઉં ત્યાં સુધી મારી મા ખાતી ન હતી. અહીં તો મારા માટે છપ્પન ભોગ બનાવે છે, પરંતુ દરવાજો બંધ કરીને કહે છે કે, એકલા એકલા આરોગજો. હું તેમ આરોગતો નથી.મને એવી ટેવ નથી ઉદ્ધવ, ગોકુળ છોડીને મથુરામાં આવ્યા પછી મારા ભોગ સરી ગયા છે. મને કોઈ પ્રેમથી ન મનાવે ત્યાં સુધી હું ખાતો નથી. હજાર વખત મને મનાવે ત્યારે એક કોળિયો હું ખાઉં છું. એટલે જ્યારે હું અહીં ભોજન કરવા બેસું છું ત્યારે મારી મા મને યાદ આવે છે.ઉદ્ધવ,હું છપ્પન ભોગનો ભૂખ્યો નથી, પ્રેમનો ભૂખ્યો છું. ગોકુળમાં જે આનંદ હતો તે મથુરામાં નથી.ઉદ્ધવ,મને વ્રજ વાસીઓ યાદ આવે છે. હું વ્રજને ભૂલી શકતો નથી.મારી મા,મારી ગોપીઓ, મારી ગાયો સર્વને છોડીને હું આવ્યો છું. મારી એ ગોપીઓ મને યાદ કરતી હશે. મારી ગાયો દુઃખી હશે. ઉદ્ધવ મને વ્રજ વારંવાર યાદ આવે છે. ઉદ્ધવ જ્ઞાની છે પણ પ્રેમલક્ષણા ભક્તિનો મહિમા કેવો છે તે જાણતા નથી.જે જ્ઞાન ગુરુકૃપાથી મળેલું હોતું નથી તે જ્ઞાનમાં વિવેક આવતો નથી, ઊલટું તેમાં અભિમાન આવે છે. ઉદ્ધવનું જ્ઞાન આ પ્રકારનું હતું તેથી ઉદ્ધવ ભગવાનને ઉપદેશ આપવા બેસી જાય છે. ભણેલો ખરોને! ઉદ્ધવ કહે છે, આપ નાના હતા ત્યારે વ્રજબાળકો સાથે રમ્યાં તે શોભ્યું,પરંતુ હવે તો તમે મથુરાના રાજા થયા છો.હવે ગામડાના ગોવાળો સાથે રમવાનો વિચાર કરો તે તમને શોભે નહીં. વ્રજવાસીઓને અને એ ગોકુળને ભૂલી જશો તો જ મથુરાની રાજ સંપત્તિમાં આપને આનંદ મળશે, તો જ મથુરાના ઐશ્વર્યમાં તમને સુખ મળશે.જ્ઞાનાભિમાનને કારણે ઉદ્ધવને ભાન નથી કે તે કોને ઉપદેશ આપે છે. પ્રભુએ કહ્યું, ઉદ્ધવ, તું મને વ્રજને ભૂલવાનો ઉપદેશ કરે છે, પણ તું જાણતો નથી કે હું સર્વને ભૂલી શકું પણ વ્રજને,વ્રજવાસીઓને ભૂલી શકતો નથી. એમને ભૂલવાનો પ્રયત્ન કરું તો પણ તેમાં મને સફળતા મળતી નથી. વ્રજવાસીઓ મને બહુ યાદ કરે છે એટલે હું તેમને યાદ કરું છું. એક ઉપાય છે. વ્રજવાસીઓ મને ભૂલે એવો ઉપદેશ તું એમને કરે તો તેઓ મને ભૂલે ને હું તેમને ભૂલું. આ કામ એક તારાથી જ બને એવું છે ઉદ્ધવ!તું સમજુ છે,જ્ઞાની બુદ્ધિમાન છે. તું વ્રજમાં જા અને વ્રજવાસીઓને સમજાવ કે એ લોકો મને ભૂલી જાય! વ્રજવાસીઓ મને ભૂલી જાય તો તેમને ભૂલી શકું એ નક્કી છે. તેઓ મને ભૂલે નહીં, ત્યાં સુધી હું તેમને ભૂલી શકતો નથી. તેમણે મારા માટે સંસારનાં સર્વ સુખોનો ત્યાગ કર્યો છે. તેઓ મારા માટે જીવે છે. મેં તેઓને કહેલું કે, હું આવીશ, એટલે મારી પ્રતીક્ષામાં તેઓએ પ્રાણ ટકાવી રાખ્યા છે. તું તેમને એવો ઉપદેશ કર કે તેઓ મને ભૂલી જાય અને હું તેમને ભૂલી શકું. મોહ એકદેશીય છે પણ પ્રેમ અન્યોન્ય છે, તેથી હું આટલું કામ સોંપું છું. તું જઈને તેઓને ઉપદેશ કર! ભક્તિ વિનાનું જ્ઞાન જ્યાં હોય છે, ત્યાં વધારે બોલવાની કુટેવ પડે છે. તેવા જ્ઞાની માં વાચાળતા આવે છે.જ્ઞાન ભક્તિ સાથે આવે છે તો તેમાં મૌન રહી અધ્યયન કરવાની ઈચ્છા થાય છે.ઉદ્ધવનું જ્ઞાન ભક્તિ વગરનું હતું. તેથી ઉદ્ધવને કહ્યું,મને વ્રજ માં મોકલો છો તેના કરતાં તમે એમને પત્ર લખતા હો તો તમે લખો. એટલે એ લોકો પણ લખશે. પત્રથી બેઉને મિલન જેવો આનંદ પ્રાપ્ત થશે.પ્રેમ તત્ત્વનું રહસ્ય ઉદ્ધવ હજુ જાણતા નથી,એટલે પત્ર લખવાનું કહે છે.પ્રેમનો સંદેશોપત્રથી મોકલી શકાતો નથી.તે તો હૃદયથી પહોંચાડવામાં આવે છે. ઉદ્ધવ હજી નથી જાણતા કે અહીં તો ગોપી શ્રીકૃષ્ણ છે અને શ્રીકૃષ્ણ ગોપી છે ગોપી-શ્રીકૃષ્ણ એક જ છે. ઉદ્ધવ આ જાણતા નથી. જ્ઞાનીને ભક્તહૃદયની શું ખબર પડે? પ્રભુએ કહ્યું, ઉદ્ધવ,પત્ર લખવાનો મેં અનેક વખત પ્રયત્ન કર્યો પરંતુ પત્રમાં કેમ લખવું તે જ મને સૂઝતું નથી.મારી માને પત્રથી હું કેવીરીતે સમજાવું?મારું મોં નિહાળે તો જ તેને શાંતિ મળે.હું તેની ગોદમાં બેસું તો જ તે રાજી થાય. મને તે આરોગાવે તો જ તેને કરાર વળે આમાંનું પત્રથી શું બને? શ્રીકૃષ્ણ કહે છે, ઉદ્ધવ, કેટલીય વખત યશોદામાને પત્ર લખવા વિચાર કરું છું. લખવા યે બેસું છું. પણ કાગળમાં યશોદામાનું નામ લખું ત્યાં હૃદય ભરાઈ આવે છે અને થાય છે કે, કાગળ લખું તો માને વધારે દુઃખ થશે. કહશે કે કનૈયા આવતો નથી અને પત્રથી સમજાવે છે. આ વિચારમાંને વિચારમાં કાગળમાં યશોદા યશોદા લખ્યા કરું છું. આગળ કાંઈ લખાતું નથી. ઉદ્ધવ,આ પ્રમાણે મેં અનેક વખત પ્રયત્ન કર્યો, પણ પત્રમાં શું લખવું તે સમજ પડતી નથી.મને એવું લાગે છે કે, સાચા પ્રેમનો સંદેશો પત્રમાં લખી શકાય જ નહીં. તે તો મનથી જ પહોંચાડવામાં આવે છે. તમે વૃંદાવનમાં જાઓ! તમે જ્ઞાની છો,બુદ્ધિશાળી છો. તમારા જ્ઞાનનો ઉપદેશ ગોપીઓને આપજો કે જેથી તેઓ મને ભૂલે અને ડાહી બને.ઉદ્ધવ, તમે ત્યાં જશો એટલે મારાં માતાપિતાને પણ શાંતિ મળશે. ઉદ્ધવ, વ્રજમાં જઈને કહેજો, અહીં મથુરામાં અમને કોઈ વાતે ખોટ નથી. સંસારના બધા વૈષ્ણવો હાજર છે, તો યે મને ગોઠતું નથી.અહીં વ્રજ વાસીઓ જોવા નથી મળતા એટલે હૈયું હરખાતું નથી. ઉદ્ધવને લાગ્યું કે, હું જ્ઞાની છું એટલે મને વ્રજમાં મોકલે છે. ઉદ્ધવને જ્ઞાન હતું પણ જ્ઞાન સાથે અભિમાન હતું. તેથી ઉદ્ધવ કહે છે, મહારાજ,હું ત્યાં જવા તૈયાર છું,પણ ગામડાંમાં રહેનારા એ અભણ લોકો,ગામડાંની એ અભણ ગોપીઓ મારું વેદાંતનું તત્ત્વજ્ઞાન કેવી રીતે સમજી શકશે? મારો તત્ત્વજ્ઞાન ઉપદેશ સમજવો ઘણો કઠણ છે,એટલે હું ત્યાં જાઉં તેનો કશો અર્થ નથી. આ ઉદ્ધવ બોલ્યા નથી.ઉદ્ધવનું અભિમાન બોલે છે.ઉદ્ધવને અભિમાન હતું કે, હું બૃહસ્પતિનો શિષ્ય છું. વેદાંતનો આચાર્ય છું. શ્રીકૃષ્ણથી ઉદ્ધવનાં આ વચનો સહન ન થયાં.તેઓ ઉદ્ધવને કહેવા લાગ્યા, ઉદ્ધવ! મારી ગોપીઓને તું અભણ ન કહે! ગોપીઓ જ્ઞાનથી પર છે. વધારે ભણેલી નથી,પણ શુદ્ધ પ્રેમ કેવી રીતે કરવો તે ગોપીઓ જ જાણે છે. એટલે તો તેઓ મને પ્રાપ્ત કરી શકી છે. ઉદ્ધવ, તને વધુ શું કહું? તેઓ તો મારામય બની ગયેલી છે.તેમનું મન મારામાં છે,તે મારામાં છે અને મારી ખાતર તેમણે સગાંસંબંધી સર્વનો ત્યાગ કરેલો છે.તેઓ મદર્થે ત્યક્ત દૈહિકા છે.હું જ એમનું સર્વસ્વ છું. ઉદ્ધવ,તું ગોપીઓ મળે ત્યારે એમને વંદન કરજે. હે ઉદ્ધવ, ગોપીઓને જ્ઞાનની જરૂર છે માટે તારે ગોકુળ જવું પડશે. તારા વિના આ કાર્ય કોઈ કરી શકશે નહીં. શબ્દજ્ઞાની જલ્દી નમતો નથી. તેના હૈયામાં ઠસક હોય છે કે હું જ્ઞાની છું. અભિમાની કોઈને નમવા દેતં નથી. વિનય હોય ત્યાં બધા સદગુણો આવે છે અને અભિમાન હોય ત્યાં બધા દુર્ગુણો આવે છે ભગવાન કહે છેકે ઉદ્ધવ, અભણ ગોપીઓને મળે ત્યારે તેમને વંદન કરજે!મારા ગોવાળ મિત્રોનેકહેજે કે,શ્રીકૃષ્ણ તમને યાદ વિરહમાં રડે નહીં. કરે છે અને મારી માને સમજાવજે કે, મારા ભગવાન જાણતા હતા કે, ઉદ્ધવ ત્યાં ગોપી ઓને નહીં કહે તો તેનું કલ્યાણ નહીં થાય. નમે નહીં તે ભગવાનને ગમે નહીં. ઉદધવને જવાની ઈચ્છા ન હતી. છતાં પ્રભુએ આગ્રહ કર્યો એટલે ઉદ્ધવ જવા તૈયાર થયા. કહે,ભલે,તો હું ત્યાં જઈશ. એને યશોદાને,નંદ બાબાને અને ગોપીઓને બોધ કરીશ. શ્રીકૃષ્ણ ઉદ્ધવને આખી રાત આ પ્રમાણે બોધ આપ્યો છે. પ્રાતઃકાળમાં ઉદ્ધવ તૈયાર થઈને આવ્યા. શ્રીકૃષ્ણે પોતાનું પિતાંબર તથા વૈજયંતીમાળા ઉદ્ધવને આપી કહ્યું, તું જ્યારે સખીઓને મળવા જાય છે ત્યારે આ પ્રસાદી પિતાંબર પહેરીને જજે.મારીગોપી ઓ પરપુરુષને નિહાળતી નથી. કોઈ પુરુષ સાથે બોલતી નથી. તેઓ આ પિતાંબર જોશે એટલે તેમને ખાતરી થશે કે, તું મારો છે. તેઓ માનશે આ મારા શ્યામ સુંદરનો લાડીલો સેવક છે. અંતરંગનો સખો છે. તેવી ખાતરી થશે ત્યારે જ ગોપીઓ તારી સાથે બોલશે. માટે ઉદ્ધવ, આ પ્રસાદી પિતાંબર પહેરીને સખીઓને મળવા જજે,વૈજયંતી માળા પહેરી ને ત્યાં જજે! રથ ચાલવા માંડયો ત્યારે ફરી પ્રભુએ ઉદ્ધવને કહ્યું, ઉદ્ધવ, નંદબાબાને આશ્વાસન આપજે. ઉદ્ધવ, મારી માને કહેજે તમારો કનૈયો આવશે. આટલું બોલતાં એમની આંખોમાં થી આંસુ વહી ચાલ્યાં. ઉદ્ધવજીને આશ્ચર્ય થાય છે કે, વ્રજમાં એવું શું છે કે જેનું વારંવાર સ્મરણ કરી શ્રીકૃષ્ણ રડે છે. જીવ જ્યારે જીવપણું છોડી ઈશ્વર સાથે પ્રેમ કરી તન્મય બને છે, ત્યારે ઈશ્વર પણ ઈશ્વરપણું ભૂલી જાય છે. શ્રીકૃષ્ણ મથુરાના રાજા હતા તે વાત આજે ભૂલી ગયા છે અને રથ ચાલવા માંડ્યો.

# ભાઈજાન સલમાનના જન્મદિને 'સિકંદર' ફિલ્મની પહેલી ઝલક બતાવવામાં આવશે

**એ.આર. મુર્ગાદોસ દ્વારા ડિરેક્ટ અને સાજીદ નડિયાદવાલાએ પ્રોડ્યુસ કરેલી ફિલ્મ 'સિકંદર' લાંબા સમયથી ચર્ચામાં છે, ૨૭ ડિસેમ્બરે ટીઝર લોંચ થશે**



સલમાન ખાનની એ.આર. મુર્ગાદોસ દ્વારા ડિરેક્ટ અને સાજીદ નડિયાદવાલાએ પ્રોડ્યુસ કરેલી ફિલ્મ 'સિકંદર' લાંબા સમયથી ચર્ચામાં છે. જ્યારથી આ ફિલ્મની જાહેરાત થઈ ત્યારથી સલમાનના ફૅન્સ ઉત્સાહમાં છે. એ.આર. મુર્ગાદોસ દ્વારા ડિરેક્ટ અને સાજીદ નડિયાદવાલાએ પ્રોડ્યુસ કરેલી ફિલ્મ 'સિકંદર' લાંબા સમયથી ચર્ચામાં છે, ત્યારે હવે સાજીદ નડિયાદવાલાના કન્ફર્મેશનથી ફૅન્સનો ઉત્સાહ ઓર વધી ગયો છે. તેમણે સલમાનના ફૅન્સ માટે તેમના ભાઈના જન્મ દિવસ ૨૭ ડિસેમ્બરે 'સિકંદર'નું ટીઝર લોંચ કરવાની જાહેરાત કરી છે. સલમાન ખાનની આ ફિલ્મની આતુરતાથી રાહ જોવાઈ રહી છે, ત્યારે તેમના ફૅન્સને અંતે હવે ફિલ્મની એક ઝલક જોવા મળશે. સાજીદ નડિયાદવાલાએ કરેલી જાહેરાત અનુસાર આ ટીઝર સલમાનના બર્થડેની ખાસ ગિફ્ટ હશે. તેનાથી હવે ફિલ્મ માટેનો ઉત્સાહ અને આતુરતા પહેલાં કરતાં પણ વધી ગયા છે, સાથે જ ફિલ્મને ખૂબ મોટું ઓપનિંગ મળે તેવી આશા અને અપેક્ષા છે. નડિયાદવાલા એન્ડ ગ્રાન્ડસન દ્વારા આ ફિલ્મ પ્રોડ્યુસ કરવામાં આવી છે. જેમાં સલમાન ખાન સાથે રશ્મિકા મંદાના લીડ રોલમાં જોવા મળશે. આ ફિલ્મ ઈદ ૨૦૨૫ના દિવસે રિલીઝ થશે. આ ફિલ્મ મોટા પડદે દર્શકોને એક અલગ અનુભવ પુરો પાડશે તેવો ફિલ્મ મેકર્સનો દાવો છે.

**યામી ગૌતમે તાજેતરમાં સુવર્ણ મંદિરમાં પૂજા-અર્ચના કરી હતી**

# યામી ગૌતમે પુત્ર, પતિ અને સંજય દત્ત સાથે સુવર્ણ મંદિરમાં માથું નમાવ્યું

**આદિત્ય ધર ગયા મહિને સુવર્ણ મંદિરની પણ મુલાકાતે ગયા હતા, આ દરમિયાન તે રણવીર સિંહ સાથે હતો**



યામી ગૌતમે તાજેતરમાં સુવર્ણ મંદિરમાં પૂજા-અર્ચના કરી હતી. આ દરમિયાન તે તેના પુત્ર અને પતિ સાથે પોઝ આપ્યો હતો અભિનેતા સંજય દત્ત આ દિવસોમાં અમૃતસરમાં એક ફિલ્મનું શૂટિંગ કરી રહ્યો છે. આ ફિલ્મનું નિર્દેશન આદિત્ય ધર કરી રહ્યા છે. તાજેતરમાં યામી ગૌતમ તેમની સાથે જોડાઈ હતી. ત્રણેયએ સુવર્ણ મંદિરમાં માથું નમાવ્યું. આ દરમિયાન યામી તેના પુત્ર વેદવિદ સાથે જોવા મળી હતી.સંજય દત્ત અને આદિત્ય ધરે શૂટિંગમાંથી સમય કાઢીને સુવર્ણ મંદિરમાં દર્શન કર્યા હતા. યામી ગૌતમ તેના પુત્રને ગળે લગાવતી જોવા મળી હતી. ફોટામાં યામીના પુત્રનો ચહેરો દેખાતો નથી.આદિત્ય ધર ગયા મહિને સુવર્ણ મંદિરની પણ મુલાકાતે ગયા હતા. આ દરમિયાન તે રણવીર સિંહ સાથે હતો. રણવીરે આ પોસ્ટ સોશિયલ મીડિયા પર શેર કરી હતી. તેણે લખ્યું હતું- જાકો રખે સૈયા, તને કોઈ મારી નહીં શકે. મંગળવારે જ સંજય દત્ત પંજાબના મંત્રી કુલદીપ ધાલીવાલને પણ મળ્યો હતો. યામી ગૌતમે ૨૦૨૧ માં આદિત્ય ધર સાથે લગ્ન કર્યા હતા. યામી ગૌતમે પોતાના લગ્નને ખાનગી રાખ્યા હતા. લગ્ન બાદ તેણે ફોટો શેર કરીને ફેન્સને ચોંકાવી દીધા હતા. લગ્ન પછી, તેણે મે ૨૦૨૪માં એક પુત્રને જન્મ આપ્યો અને પુત્રનું નામ વેદવિદ રાખ્યું.

**આદિવી શેષે જન્મદિવસ પર શેર કર્યો ખાસ ફોટો**

# મૃણાલ ઠાકુર કરશે દમદાર એક્શન ફિલ્મ ડકેતમાં લીડ રોલ



**ડકૈત એક ગુસ્સેલ અપરાધીની વાર્તા છે જે તેની એક્સ ગર્લળેન્ડ પાસેથી બદલો લેવા માંગે છે જેણે તેની સાથે છેતરપિંડી કરી હતી**

વિશ્વાસઘાત અને બદલાની વાર્તા જોવા માટે તૈયાર થઈ જાઓ. આદિવી શેષ ટૂંક સમયમાં તેની નવી ફિલ્મ ડકૈતમાં જોવા મળશે. આ એક પાન ઈન્ડિયા એક્શન ડ્રામા છે. પ્રેમ, વિશ્વાસઘાત અને બદલાની વાર્તા જોવા માટે તૈયાર થઈ જાઓ. આદિવી શેષ ટૂંક સમયમાં તેની નવી ફિલ્મ ડકૈતમાં જોવા મળશે. આ એક પાન ઈન્ડિયા એક્શન ડ્રામા છે, આજે તેના જન્મદિવસ પર, અભિનેતાએ તેની લીડીંગ લેડીની પણ જાહેરાત કરી છે.બોલિવૂડની જાણીતી અભિનેત્રી મૃણાલ ઠાકુરને આ ફિલ્મમાં ફીમેલ લીડ તરીકે સામેલ કરવામાં આવી છે. બે પૂર્વ પ્રેમીઓ વચ્ચેની એક્શન ,ઈમોશન અને ડ્રામાથી ભરેલી વાર્તામાં ડૂબકી મારવા માટે તૈયાર થાઓ, આદિવી શેષે અને મૃણાલ ઠાકુરની કેમેસ્ટ્રી રંગ લાવશે. ટીમે એક શાનદાર પોસ્ટર શેર કર્યુ છે, જેમાં આદિવી શેષ અને મૃણાલ ઠાકુરના પાત્રો વચ્ચેની કેમેસ્ટ્રી જોવા મળી રહી છે.ડકૈત એક ગુસ્સેલ અપરાધીની વાર્તા છે જે તેની એક્સ ગર્લળેન્ડ પાસેથી બદલો લેવા માંગે છે જેણે તેની સાથે છેતરપિંડી કરી હતી. તેણીને ફસાવવા માટે તે એક ખતરનાક યોજના ઘડે છે, જે પ્રેમ, વિશ્વાસઘાત અને બદલોથી પ્રેરિત જોરદાર એક્શન ડ્રામા તરફ દોરી જાય છે. શનિલ દેવ દ્વારા નિર્દેશિત આ ફિલ્મનું નિર્માણ સુપ્રિયા યરલાગડ્ડા દ્વારા કરવામાં આવ્યું છે. તે સુનિલ નારંગ દ્વારા સહ-નિર્માતા છે અને અન્નપૂર્ણા સ્ટુડિયો દ્વારા પ્રસ્તુત છે. આ ફિલ્મનું શૂટિંગ હિન્દી અને તેલુગુમાં એક સાથે થઈ રહ્યું છે. ફિલ્મનું શૂટિંગ હાલમાં હૈદરાબાદમાં થઈ રહ્યું છે.પોસ્ટર શેર કરીને એક ઝલક બતાવીઅભિનેતા આદિવી શેષે તેના જન્મદિવસના અવસર પર એક ખાસ પોસ્ટ શેર કરી છે, અભિનેતાએ બોલીવુડની પ્રખ્યાત અભિનેત્રી સાથે જે પોસ્ટર શેર કર્યુ છે તેના પર ચાહકો દિલથી તેમનો પ્રેમ વરસાવી રહ્યા છે.

**કપિલ શર્માના નિવેદન બાદ એટલીએ કહ્યું, "કોઈના દેખાવથી અભિપ્રાય બાંધવો જોઈએ નહીં"**

# કપિલની મજાક અને એટલીનો ઈમોશનલ જવાબ



ફિલ્મ ડિરેક્ટર અટલી તાજેતરમાં કપિલ શર્માના ઓટીટી શો પર પોતાની આવનારી ફિલ્મ 'બૅબી જોન્હ'ને પ્રમોટ કરવા માટે આવ્યો હતો. આ એપિસોડમાં વરુણ ધવન, કીર્તિ સુરેશ અને વામિકા ગબ્બી સહીત ફિલ્મના અન્ય કલાકારો પણ આવ્યા હતા. કપિલના શોનો આ સીઝનનો છેલ્લો એપિસોડ હતો. જેમાં કપિલ અને તેમની ટીમના સભ્યો હંમેશાની જેમ રમુજ અને મજાક કરી રહ્યા હતા. તેમાં એટલી તેમનું નિશાન બની ગયો હતો, જેનાથી તે થોડો નારાજ થઈ ગયો હતો. પરંતુ તેણે તરત વળતો જવાબ આપીને કપિલને ચૂપ કરી દિધો હતો. 'બૅબી જોન્હ'ની કાસ્ટ સાથે વાત કરતા કપિલે એટલીના દેખાવ પર મજાક કરતા તેને પૂછ્યું,"પરંતુ જ્યારે તમે પહેલી વાર કોઈ સ્ટારને મળો, તો એ એવું પૂછે છે કે એટલી ક્યાં છે?"ત્યારે એટલીએ સામો જવાબ આપતા કહ્યું,"એક રીતે હું તારો પ્રશ્ન સમજી ગયો છું. હું જવાબ આપવાની કોશિશ કરીશ. હું ખરેખર એ આર મુર્ગાદોસ સરનો આભારી છું, એમણે મારી પહેલી ફિલ્મ પ્રોડ્યુસ કરી હતી. એમણે મારી પાસે માત્ર સ્ક્રિપ્ટ જ માગી હતી, એમણે એવું નહોતું જોયું કે હું કેવો દેખાઉં છું, પરંતુ એમને મારું નરેશન ગમ્યું હતું. મને લાગે છે કે આપણે કોઈના દેખાવ પરથી તેમના પર કોઈ પ્રતિભાવ ભાંધવો જોઈએ નહીં. વ્યક્તિને તેના દિલથી ઓળખવી જોઈએ."ત્યાર પછી હંમેશાની જેમ આ એપિસોડમાં કપિલે અર્ચના પુરણ સિંઘની પણ મજાક ઉડાડી હતી. એણે કહ્યું,"એમનું નામ અર્ચા પુરણ સિંઘ છે, કારણ કે એ ડાકુ મોહન સિંઘની ફેન છે. એમની ગેંગમાં એક માણસ હતો, તેના પરથી પ્રેરણા લઈને તેમણે આવું નામ રાખ્યું છે."આ બાબતે પણ એટલીએ કપિલને અર્ચનાનો પક્ષ લઈને કહ્યું,"એમની મજાક ન કરો, મારા માટે તો એમણે જ શોને બચાવ્યો છે. એ હસે છે, ત્યારે મને હસવું આવે છે, કારણ કે મને બીજું કશું જ સમજાતું નથી, હું એ હસે એની રાહ જોઉં છું." ત્યારે અર્ચનાએ કહ્યું હતું,"સાચું કહ્યું એટલી, તું અને હું હવે એક ટીમમાં છીએ." વ્યક્તિને તેના દિલથી ઓળખવી જોઈએ : જેટલી.

**અક્ષય કુમારની ફિલ્મ 'સ્કાયફોર્સ' ઘણા વખતથી ચર્ચામાં છે**

# એક્ટર અક્ષય કુમાર રુકેગા નહીં, 'સ્કાયફોર્સ' ફિલ્મનું શૂટિંગ સમાપ્ત


**પાછલા ત્રણ વર્ષથી હિટ ફિલ્મ માટે તરસી રહેલા પાસે નિષ્ફળતાનો અફસોસ કરવાનો સમય પણ નથી**

અક્ષય કુમારની ફિલ્મ 'સ્કાયફોર્સ' ઘણા વખતથી ચર્ચામાં છે. પાછલા ત્રણ વર્ષથી હિટ ફિલ્મ માટે તરસી રહેલા અક્ષય કુમાર પાસે નિષ્ફળતાનો અફસોસ કરવાનો સમય પણ નથી. તેઓ સતત શૂટિંગમાં વ્યસ્ત રહે છે અને સફળતાની ચાહતમાં સતત આગળ વધતા રહે છે. તાજેતરમાં જ અક્ષય કુમારે 'સ્કાયફોર્સ'નું શૂટિંગ પૂરું કર્યુ છે. સંદીપ કેલવાણી અને અભિષેક અનિલ કપૂરે ડિરેક્ટ કરેલી આ ફિલ્મ ૧૯૬૦-૭૦ના દાયકાના ભારત પાકિસ્તાન મુદ્દા પર આ ફિલ્મ આધારીત છે. આ ફિલ્મ ૨૪ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ પ્રજાસત્તાક દિવસના સંદર્ભે દેશભક્તિના રંગની ફિલ્મ રિલીઝ થશે.આ ફિલ્મના ડિરેક્ટર સંદીપ કેલવાણી અને અભિષેક અનિલ કપુરે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી દ્વારા ફિલ્મના કાસ્ટ અને ક્રૂ માટે આભાર વ્યક્ત કર્યો હતો. કેલવાણીએ લખ્યું હતું,"જેમણે પણ સ્કાયફોર્સ માટે કામ કર્યુ છે એ દરેકનો હું આભારી છું. આ ફિલ્મને જીવંત કરવી એ ખરેખર એક ચેલેન્જિંગ કામ હતું, પરંતુ ક્રૂના સમર્પણભાવથી જ આ શક્ય બન્યું છે." અભિષેક અનિલ કપુરે જણાવ્યું,"સ્કાયફોર્સ માટે કામ કરનાર દરેકનો આભાર માનું એટલો ઓછો છે. આ ફિલ્મ પાર પાડવી અઘરી હતી. પરંતુ ક્રૂએ આ ફિલ્મને શક્ય બનાવી છે."'સ્કાયફોર્સ'માં અક્ષય કુમાર સાથે સારા અલી ખાન, નિમરત કૌર, વીર પહારિયા અને શરદ કેલકર જેવા પ્રતિભાશાળી કલાકારો છે. આ એક એક્શન ડ્રામા ફિલ્મ છે. આ ફિલ્મ ૧૯૬૫માં ભારત-પાકિસ્તાન વૉર દરમિયાનની ભારતની પાકિસ્તાન પર પહેલી એરસ્ટ્રાઈક પર આધારીત છે. 'જવાન' અને 'પઠાણ' સહીતની ફિલ્મો માટે જાણીતા ક્રેગ મેક્રી દ્વારા આ ફિલ્મની એક્શન કૉરિયોગ્રાફ કરવામાં આવી છે. આ ફિલ્મનું શૂટિંગ દેશમાં 'મુંબઈ', 'લખનૌ', 'અમૃતસર' અને દિલ્હી જેવા શહેરો સહીત યુકેમાં પણ થયું છે. તાજેતરમાં જ મસુરીમાં ખાસ ગીતના શૂટિંગ સાથે આ ફિલ્મનું શૂટિંગ પૂરું થઈ ચૂક્યું છે. થોડા દિવસ અગાઉ ફિલ્મના સેટ પરથી એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં સારા અલી ખાન અને વીર પહારિયા એક ગઢવાલી સોંગ પર ડાન્સ કરી રહ્યાં હતાં.




**દર શનિવાર અને રવિવારે રાત્રે ૧૦ વાગ્યે પ્રસારિત થશે**

# છ વર્ષનો ગેપ હોય તેવું લાગતું જ નથી: એસીપી પ્રદ્યુમ્ન




**આઇકોનિક ક્રાઇમ ઇન્વેસ્ટિગેશન શો CID ફરી એક વખત ૨૧ ડિસેમ્બરથી સોની ટીવી પર શરૂ થઈ રહ્યો છે**

આ ઈકોનિક ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન શો CID ફરી એક વખત ૨૧ ડિસેમ્બરથી સોની ટીવી પર શરૂ થઈ રહ્યો છે. શિવાજી સાટમ (ACP પ્રદ્યુમ્ન), દયાનંદ શેટ્ટી (દયા), અને આદિત્ય શ્રીવાસ્તવ (અભિજીત), જેવા કલાકારો વધુ એક વખક લોકપ્રિય ભૂમિકાઓમાં ફરીથી ફરી જોવા મળશે. એક ઈન્ટરવ્યૂમાં, અભિનેતા શિવાજી સાટમ (ACP પ્રદ્યુમન) શોમાં પાછા ફરવાની અને પ્રેક્ષકો સાથે ફરીથી કનેક્ટ થવાની ઉત્સુકતા વિશે વાત કરતા કહે છે કે, નવી સીઝન નોસ્ટાલ્જીયા અને તાજગી, રસપ્રદ કિસ્સાઓથી ભરપુર હશે.એસીપી પ્રદ્યુમ્ને જણાવ્યું, તમે તેના પર વિશ્વાસ નહીં કરો, પરંતુ જ્યારે શો બંધ થયો ત્યારથી છ વર્ષના ગેપ દરમિયાન, ક્યારેય એવું લાગ્યું ન હતું કે આ શો પૂરો થઈ ગયો છે. સેટ પર પહેલા દિવસે, કશું જ નવું કે અજાણ્યું ન લાગ્યું. દિગ્દર્શક, લેખક અને ખાસ કરીને નિર્માતા બી.પી. સિંહ - તેમની સાથે કામ કરવું મારા માટે અદ્ભુત અનુભવ હતો. એવું બિલકુલ નથી લાગતું કે છ વર્ષનો વિરામ હતો; એવું લાગે છે કે અમે ગઈકાલે જ શૂટિંગ પૂરું કર્યુ અને આજે જ આગામી એપિસોડ પર કામ શરૂ કર્યુ. દર શનિવાર અને રવિવારે રાત્રે ૧૦ વાગ્યે પ્રસારિત થશે.

# ઝાકિર હુસૈન સાથે આબ્લમ બનાવવાનું રહેમાનનું સ્વપ્ન હતું

**ફેમસ તબલા વાદક ઉસ્તાદ ઝાકિર હુસૈનના નિધનના અહેવાલે આખા સંગીત જગતને ઉંડા શોકમાં ગરકાવ કરી દીધો છે**



ફેમસ તબલા વાદક ઉસ્તાદ ઝાકિર હુસૈનના નિધનના અહેવાલે આખા સંગીત જગતને ઉંડા શોકમાં ગરકાવ કરી દીધો છે. તેમનું યોગદાનથી તેમને માત્ર ભારતીય શાસ્ત્રીય સંગીતના ક્ષેત્રમાં જ નહીં પરંતુ વિશ્વ સ્તરે પણ નામના મળેવી છે. સંગીતકાર અને કમ્પોજર એ.આર રહેમાને હવે ઉસ્તાદ સાથેની તેમની કેટલીક તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે અને તેમને શ્રદ્ધાંજલિ આપી છે. આ દરમિયાન એ.આર રહેમાને પોતાના એક અફસોસનો પણ ઉલ્લેખ કર્યો હતો.અને કહ્યું કે અમે સાથે મળીને એક આલ્બમ બનાવવાના હતા. હવે એ સ્વપ્ન મારું સ્વપ્ન જ રહી જવાનું છે.એ. આર.રહેમાનને ઝાકિર હુસૈનના નિધનના અહેવાલ સાંભળ્યા બાદ ઝાકિર હુસૈન સાથેની કેટલીક તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી હતી. તસવીરો સાથે તેમણે ફૂલો અને પ્રાર્થનાની ઈમોજી પણ મૂક્યા, જે દર્શાવે છે કે ઝાકિરના નિધનથી તે કેટલા આઘાતમાં છે. સોમવારે એ.આર રહમાનને પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર ઉસ્તાદ ઝાકિર હુસૈનની સાથે વિતાવેલા સમયને યાદ કરીને લખ્યું, 'ઈન્ના લિલાહી વા ઈન્ના ઈલાહી રાજીઉન. ઝાકિર ભાઈ એક પ્રેરણા સ્ત્રોત હતા, તેમની ખાસિયત એવી મોટી હતી કે તબલાને આખી દુનિયામાં તેમણે ઓળખ અપાવી.રહેમાને જણાવ્યું હતું કે, અમે બન્ને એક સાથે એક આબ્લમ પર કામ કરવાનો પ્લાન બનાવી રહ્યા હતા. તેમણે કહ્યું કે, મને એ વાતનો અફસોસ છે કે અમે જેટલું કામ કરી શકતા હતી, એટલું સાથે કરી શક્યા નહોતા. અમે બન્ને જણાંએ સાથે મળીને એક આબ્લમ બનાવવાની યોજના બનાવી હતી, પરંતુ હવે આ સપનું અધુરું રહી ગયું. તમે હંમેશાં યાદ આવશો. ભગવાનને પ્રાર્થના છે કે તેમના પરિવાર અને અગણિત પ્રશંસકોને અપાર દુઃખ સહન કરવાની શક્તિ આપે.

# ઝાલોદ નગરના અગ્રવાલ સમાજના યુવકે સાયક લિસ્ટમા રેકોર્ડ સર્જી નગરનું નામ રોશન કર્યું

## સાહસ, સંકલ્પ, હિંમત, ખૂબ મહેનત અને સ્વપ્નની સફર : વડોદરા થી ગોવા

| (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૯ |

આપણા ઝાલોદ અને વડોદરાનું ગૌરવ એવા સાયકલિસ્ટ શ્રીરામ અગ્રવાલનો અનોખો રેકોર્ડ : અનેક ચેલેન્જ વચ્ચે દેશની બીજી સૌથી કઠિન સાયકલિંગ ઈવેંટ – સહ્યાદ્રીની(વડોદરાથી ગોવા) ૧૨૦૦ કિમીની સફરને ૯૦ કલાકની અંદર પૂરી કરી.

"કોઈ પણ વ્યક્તિને ત્યાં સુધી હરાવી શકાતું નથી જ્યાં સુધી તે પોતે હાર ન માને'' આ પંક્તિનું જીવંત ઉદાહરણ એટલે શ્રીરામ અગ્રવાલ. એક સમયે ૫૦૦ મીટર પણ ના ચાલી શકતો વ્યક્તિ આજે સાયકલ પર દિવસના ૪૦૦ કિલોમીટર કાપી નાખે છે.

સહ્યાદ્રી સાયકલિંગ ઈવેંટ દેશની સૌથી બીજી અઘરી ઈવેંટ છે. આ સફર પૂરી કરવા ખૂબ મહેનત, દ્રઢ મનોબળ, સંઘર્ષો સામે લડવાની તાકાત અને સ્વ-પ્રેરણાની જરૂર પડે છે. ૪ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ રાત્રે ૭ વાગે શરૂ થયેલ સફરમાં દેશભરના કુલ ૩૯ સાયકલિસ્ટ જોડાયા હતા. સાપુતારાનો ઘાટ નાસિક અને થાણેનો મુશ્કેલ ઘાટ, પૂના નજીકનો સિંહગઢ ઘાટ, મહાબળેશ્વરનો બોરનો ઘાટ, અંબોલી ઘાટ અને કોલ્હાપુરમાં સખત વરસાદ વચ્ચે કઠિન રસ્તા, જંગલો અને પહાડોને ચીરી માત્ર ૭ સાયકલિસ્ટ નિયત સમયે ગોવાના આરબોલ પહોંચ્યા હતા. સતત ચાર રાત રાઈડ કરી ૧૨૦૦ કિલોમીટરનું અંતર કાપી ૯૦ કલાકની અંદર ગોવા પહોંચનાર આ ૭ રાઈડર માંથી એક વ્યક્તિ એટલે શ્રીરામ અગ્રવાલ.


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

તેઓએ પોતાના લક્ષ્ય સુધી પહોંચવા ૩ દિવસ માત્ર લીંબુ-પાણી લીધા અને એક જ ટાઈમ જમ્યા હતા. આ રાઈડની પૂર્વતૈયારીના ભાગરૂપે તેઓએ અલાઈટ ફિટ પાસેથી સ્ટ્રેન્થ ટ્રેનીગ લીધેલી અને છેલ્લા ૪ મહિનામાં ૧૮ કિલો જેટલું વજન ઓછું કર્યું.

તેઓની સફર હજુ અટકવાની નથી. આ ઈવેંટ તો એમની લંડનમાં યોજાનારી એલઆરએમ ઈવેંટની તૈયારીના ભાગરૂપે હતી. તેઓ હવે ૬ મહિના બાદ યોજાનાર લંડન ઈવેંટ માટે તૈયારી કરી રહ્યા છે. આવનાર સમયમાં આજ રીતે તેઓ ફ્રાંસમાં પણ તેઓની સખત મહેનત વડે સફળતા મેળવશે એમાં કોઈ શંકા નથી

ઝાલોદ નગરના નગરશેઠ, ધાર્મિક-સામાજિક કાર્યકર અને અગ્રણી નાથૂલાલ રામજીલાલ અગ્રવાલના પુત્ર એવા શ્રીરામ અગ્રવાલ એક સારા બિઝનેશમેન પણ છે. આજે શ્રીરામ અગ્રવાલ અનેક યુવાનો માટે પ્રેરણારૂપ બન્યા છે. પોતાના પેશન પર સખત મહેનત કરવામાં આવે, યોગ્ય ટ્રેનિંગ લેવામાં આવે તો એ જ પેશન આપણું ટેલેન્ટ બની જાય છે.

# લખનઉ મંડળમાં અયોધ્યા કેન્ટ સ્ટેશન યાર્ડ રિમોડલિંગ કામને કારણે કેટલીક ટ્રેનોને પ્રભાવિત રહેશે

| અમદાવાદ, તા.૧૯ |

ઉત્તર રેલવે લખનૌલખનઉ મંડળના બારાબંકી-અયોધ્યા કેન્ટ-ઝાફરાબાદ સેક્શનમાં અયોધ્યા કેન્ટ સ્ટેશન યાર્ડ રિમોડલિંગના સંબંધમાં નોન-ઈન્ટરલોકિંગ કામને કારણે, અમદાવાદ-દરભંગા ક્લોન સ્પેશિયલ ટ્રેન રદ રહેશે અને ગુવાહાટી-ઓખા દ્વારકા એક્સપ્રેસ અને કામાખ્યા એક્સપ્રેસ ટ્રેનો પરિવર્તિત માર્ગ થી ચાલશે. જેની વિગતો નીચે મુજબ છે.

રદ કરાયેલી ટ્રેનો

૧. ૨૦, ૨૭ ડિસેમ્બર ૨૦૨૪ અને ૩ જાન્યુઆરી ૨૦૨૫ ની ટ્રેન નંબર ૦૯૪૬૫ અમદાવાદ-દરભંગા ક્લોન સ્પેશિયલ રદ રહેશે.

૨. ૨૩, ૩૦ ડિસેમ્બર ૨૦૨૪ અને ૬ જાન્યુઆરી ૨૦૨૫ ની ટ્રેન નંબર ૦૯૪૬૬ દરભંગા-અમદાવાદ ક્લોન સ્પેશિયલ રદ રહેશે.

પરિવર્તિત માર્ગ પર ચાલનારી ટ્રેનો

૧. ૨૩, ૩૦ ડિસેમ્બર ૨૦૨૪ અને ૬ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ગુવાહાટીથી ચાલનારી ટ્રેન નંબર ૧૫૬૩૬ ગુવાહાટી-ઓખા દ્વારકા એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ વાયા ઝાફરાબાદ-સુલતાનપુર-લખનઉ ના રસ્તે ચાલશે.

૨. ૧૮, ૨૫ ડિસેમ્બર ૨૦૨૪ અને ૧ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ કામાખ્યાથી ચાલનારી ટ્રેન નંબર ૧૫૬૬૮ કામાખ્યા-ગાંધીધામ એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ વાયા ઝાફરાબાદ-સુલતાન પુર-લખનૌ ના રસ્તે ચાલશે.

ટ્રેનોના સ્ટોપેજ, સંરચના, માર્ગ અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# ઝાલોદ પોલિસ દ્વારા ધાવડીયા ચોકી ડિસેમ્બરને લઈ આવતા જતા વાહનો પર કડક ચેકિંગ હાથ ધરાઈ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

| (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૯ |

ઝાલોદ પોલીસ ક્રાઈમને નાથવા તેમજ ક્રાઈમ કરતા ગુનેગારો પર સતત વોચ રાખી સતત પેટ્રોલીંગ કરી અસામાજિક તત્વો પર નજર રાખી રહેલ છે. દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક રાજદિપ ઝાલાના આદેશથી ઝાલોદ ઝોનના ડી.વાય.એસ.પી ડી.આર.પટેલ દ્વારા દરેક ચોકી ઓ પર પોલિસ સ્ટાફ મૂકી સધન રીતે ચેકીંગ હાથ ધરેલ છે. કોઈ પણ અસામાજિક તત્વો ડિસેમ્બર મહિનામા બદલાતા વર્ષની ઉજવણી પ્રસંગે ગેરકાયદેસર રીતે વિદેશી દારૂની હેરાફેરી ન કરી શકે તે માટે ધાવડીયા ચેક પોસ્ટ ખાતે ડી.વાય. એસ.પી ડી.આર.પટેલ દ્વારા બે પી.એસ. આઇ,એલ.સી.બી સ્ટાફ તેમજ પોલીસ સ્ટાફ સાથે રાખી આવતા જતા દરેક વાહનોનુ ચેકિંગ હાથ ધરેલ હતું.

આજનું યુવાધન નશાના રવાડે ન ચઢે તેમજ જે લોકો દારૂ પીને બદલાતા વર્ષને આવકારતાં હોય તેવા તમામ લોકો પર તેમજ યેનકેન પ્રકારે જે બુટલેગરો દારૂ ઘુસાડવાના પ્રયાસો કરતા હોય તેવા તમામ અસામાજિક તત્વો પર પોલિસ વોચ રાખી રહેલ છે. ગાંધીના ગુજરાતમાં રાજસ્થાન અને મધ્યપ્રદેશની બોર્ડર પર થી યેનકેન પ્રકારે બુટલેગરો વિદેશી દારૂનો જથ્થો ઘુસાડવાના પ્રયત્નો કરતા હોય છે.જે બુટલેગરો દારૂનો જથ્થો ઘુસાડવા માટે પ્રયત્ન કરતા હોય તેવા તમામ વિસ્તારોમાં પોલિસ આવા બુટલેગરો ને મુદ્દામાલ સાથે પકડી પાડવા માટેના તમામ પ્રયત્નો કરી રહેલ છે.ઝાલોદ પોલિસ યેનકેન પ્રકારે દારૂનો જથ્થો મોકલવા માટે અલગ અલગ નાના નાના રસ્તાઓનો ઉપ યોગ કરનાર દરેક જગ્યાએ નાકાબંધી કરી રહેલ છે અને પોલીસ દ્વારા ગાંધીના ગુજરાતમાં દારૂ ન આવે તેવા તમામ પ્રયત્નો કરી રહેલ છે. ઝાલોદ પોલિસ અવારનવાર નગરમાં તેમજ હવે ચેક પોસ્ટો પર પણ ડ્રોન કેમેરાનો ઉપયોગ કરી અસામાજિક પ્રવૃત્તિ કરનારા લોકો પર નજર રાખી રહેલ છે.

# ૨૦મી ડિસેમ્બરની વડનગર-વલસાડ એક્સપ્રેસ આંશિક પરિવર્તિત માર્ગ પર ચાલશે

| અમદાવાદ, તા.૧૯ |

પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝનના અમદાવાદ-પાલનપુર સેક્શનના ઝુલાસણ-કલોલ સ્ટેશન વચ્ચે આવેલ બ્રિજ નં. ૧૦૨૮ કિમી ૭૫૨/૩૫-૭૫૩/૦૯ પર એન્જિનિયરિંગ કાર્ય માટે પ્રસ્તાવિત બ્લોકને કારણે, વડનગર-વલસાડ સુપરફાસ્ટ એક્સપ્રેસ આંશિક ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડશે અને ગાંધીનગર કેપિટલ સ્ટેશન જશે નહીં. જેની વિગતો નીચે મુજબ છે.

૨૦ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ વડનગરથી દોડતી ટ્રેન નંબર ૨૦૯૬૦ વડનગર-વલસાડ સુપરફાસ્ટ એક્સપ્રેસ તેના નિર્ધારિત રૂટ કલોલ-ગાંધીનગર કેપિટલ-ખોડિયારને બદલે ડાયવર્ટ રૂટ કલોલ-ખોડિયાર થઈને દોડશે અને ગાંધીનગર કેપિટલ સ્ટેશન પર જશે નહીં.

આ સમયગાળા દરમિયાન, મુસાફરોની સુવિધા માટે, આ ટ્રેનને કલોલ સ્ટેશન પર ૨ મિનિટનું વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે. ટ્રેનોના સ્ટોપેજના સમય અને રચના અંગેની વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# મેક્રોપ્રપોગેશન પદ્ધતિથી ઓછા ખર્ચે કેળના રોપાઓ તૈયાર કરવા અંગે ખેડૂતોને સમજણ આપતા કૃષિ નિષ્ણાંત ડો. એ. પી. પટેલ

| (માહિતી) નર્મદા, તા.૧૯ |

નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકાના વેલછંડીના જે. કે. ફ્રુટ ખાતે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી દ્વારા "નિકાસલક્ષી કેળ ઉત્પાદન પરીસંવાદ'' કાર્યક્રમ યોજાયો હતો. જ્યાં મોટી સંખ્યામાં ઉપસ્થિત પ્રગતિશીલ ખેડૂતોને સંબોધતા ફળ સંશોધન કેન્દ્ર ગણદેવીના વિષય નિષ્ણાંત ડો. એ. પી. પટેલે જણાવ્યું કે, કેળ એક્સપોર્ટ સંદર્ભ તેમજ નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા બહાર પાડેલ મેક્રોપ્રપોગેશન પદ્ધતિથી તૈયાર કરવામાં આવેલ કેળના રોપાની નવી તકનીક સમજાવીને ખેડૂત ઓછા ખર્ચે જાતે જ રોપાઓ બનાવી શકે તે માટે ખેડૂતોને સમજણ પુરી પાડીને આધુનિક ખેતી પદ્ધતિ વિશે વિસ્તૃત માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું હતું. સાથે ડો.પી.ડી.સોલંકી દ્વારા આધુનિક ફ્રુટ અનાનસ ખેતી પદ્ધતી અને નવીનતમ ફળપાકો વિશે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. આ પ્રસંગે નાયબ બાગાયત નિયામક શ્રી એન. વી. પટેલે જણાવ્યું કે, ખેડૂતો સાથેના એક દિવસીય આ પરિસંવાદમાં જિલ્લાના ખેડૂતોના ખેત



ઉત્પાદનમાં મહત્તમ વધારો થાય તેવા આશય સાથે વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ વિશે વિષય નિષ્ણાંતો દ્વારા કૃષિ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. જિલ્લાના પ્રગતિશીલ ખેડૂત શ્રી ઉપેન્દ્રસિંહ ગોહિલ દ્વારા એક એકરમાં ૧૬ હજાર રોપાઓ એવી જ રીતે ૧૬ એકરમાં પાઈનેપલનું વાવેતર કર્યું છે. જે રોપા ખાસ પશ્ચિમ બંગાળથી મંગાવવામાં આવ્યા છે, તે અંગે ખેડૂતોને નવીનતમ ખેતી પદ્ધતિ વિશે જાણકારી આપીને બાગાયતી પાકો અંગે પ્રોત્સાહિત કરવા માટે ખેતર મુલાકાત અને પરિસંવાદ થકી ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવ્યું હતું. આ પરિસંવાદમાં જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતોએ પોતાના પ્રાકૃતિક અને નવીનતમ ખેતી અંગે પોતાના જાત અનુભવો અન્ય ખેડૂતો સમક્ષ મુક્યા હતા.

## પંચસ્તરીય ખેતીને પ્રોત્સાહન આપતાં નિશાણા ગામના નટવરભાઈ

# નટવરભાઈ પ્રાકૃતિક ખેતીમાં જોડાતા જમીનની ફળદ્રુપતા, ઉત્પાદન, આવક અને વેચાણમાં વધારો

| (માહિતી) સુરત, તા.૧૯ |

નિશાણા ગામમાં જઈને બાળકોને પણ પૂછવામાં આવે તો તે પણ કહેશે કે જમણી બાજુ મોટા મોટા સરગવાના છોડ આવશે તે ખેતર એમનું. ખેતરના ખૂણે એક સરસ મજાનું બોર્ડ, જેમાં લખ્યું હતું કે, નટવરભાઈ હોમજીભાઈ ગામીત વર્ષ ૨૦૨૦ થી પ્રાકૃતિક ખેતી કરે છે. નટવરભાઈ પંચ સ્તરીય બાગાયતી ખાદ્ય જંગલ મોડેલ પ્રકારની મિશ્ર ખેતી કરે છે. એમના ખેતરમાં તેમણે ૧૫૦ આંબા, ૨૨૦ સરગવા, ૪૦ લીંબુડી, ૪૦ જમરૂખ, ૧ નારીયેલ, ૬ ફણસ, ૨ કમરક તેમજ ઘરે ઉપયોગ લેવા માટેની શાકભાજી તેમજ અન્ય પાકો એક સાથે રોપેલા છે. પ્રાકૃતિક ખેતી કરીને પ્રગતિશીલ ખેડૂત બનેલા નટવરભાઈની જીવનશૈલીમાં ગુણાત્મક પરિવર્તનો આવ્યાં છે. તેઓ જણાવે છે કે, પ્રાકૃતિક ખેતી આજે સમયની માંગ છે. પ્રાકૃતિક ખેતીથી માત્ર જમીનની ફળદ્રુપતામાં જ નહીં, ઉત્પાદન, આવક અને વેચાણમાં પણ વધારો થાય છે.



પંચ સ્તરીય ખેતી પ્રાકૃતિક ખેતીની શ્રેષ્ઠ ખેતી પદ્ધતિ છે. તેઓએ પોતાના ખેતરમાં અત્યારે સરગવો રોપેલો છે. પોતાની જમીનમાં પાંચ આયામ બીજામૃત, જીવામૃત- પ્રવાહી- ઘન, આચ્છાદાન, વાપસા આ તમામ આયામનો પ્રયોગ કર્યો છે. આ ખેતી કરીને તેઓ વર્ષે-દહાડે ૨ લાખ રૂપિયા જેટલી આવક મેળવે છે. એક સફળ અને પ્રાકૃતિક ખેતી કરતા હોય તેવા ખેડૂતના બધા લક્ષણો તેમનામાં છે. એક એક કામ તેઓ સમજીને ચીવટપૂર્વક કરે છે અને આપણને પણ સમજાવે છે. તેઓ આત્મા પ્રોજેક્ટના માસ્ટર ટ્રેનર તરીકે પણ સેવા આપે છે.

# ભારત સરકારના ઉર્જા સંરક્ષણ બ્યુરો એનર્જી, મિનિસ્ટ્રી ઓફ પાવર દ્વારા આયોજીત રાષ્ટ્રીય ચિત્રકલા પ્રતિયોગીતામાં વેડરોડ ગુરૂકુલના વિદ્યાર્થી મકવાણા ક્રિષ્નાએ ચોથો ક્રમ પ્રાપ્ત કર્યો



| ગાંધીનગર, તા.૧૯ |

વેડ રોડના વિદ્યાર્થી મકવાણા ક્રિષ્નાને પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને તેની રાષ્ટ્રીયકક્ષાની સ્પર્ધા માટે પસંદ થયા હતા. જેમાં ભારતકક્ષાએ મકવાણા ક્રિષ્નાને ટોપ ટેનમાં ચોથું સ્થાન પ્રાપ્ત કરવાથી ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી જયદીપ ધનખરના વરદ્ હસ્તે ટેબલેટ તથા રૂા.૧૫ હજારનું ઈનામ એનાયત થયું હતું. તેમને મળેલ આ વિશિષ્ટ સિધ્ધિ બદલ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલના મહંત સ્વામી પ. પૂ. સદગુરુ ધર્મવલ્લભદાસજી સ્વામી, તૈયારી કરાવનાર ચિત્રશિક્ષક પ્રજાપતિ પ્રવીણભાઈ અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે શાળા પરિવાર વતી આચાર્ય શ્રી અરવિંદભાઈ ઠેસિયા, ધર્મેશભાઈ સલિયા તેમજ શાળાના તમામ શિક્ષકોએ મકવાણા કૃષ્ણને અને તેમના પરિવારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

# રેશનકાર્ડ ધારકોને સમયસર અનાજ પહોચાડવા રાજ્ય સરકાર કટીબદ્ધ ગુજરાતમાં FCI દ્વારા ઓગસ્ટ-૨૦૨૨થી જુલાઇ-૨૦૨૩ સુધીમાં

| (માહિતી) ગાંધીનગર, તા.૧૯ |

રાજ્યના જરૂરીયાતમંદ નાગરિકોને ગુણવત્તા યુક્ત અનાજ આપવાની નેમ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી શરૂ કરી છે. જેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સુપેરે આગળ ધપાવી રહ્યા છે. અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાના નેતૃત્વમાં રાજ્યના રેશનકાર્ડ ધારકોને સમયસર અનાજ પહોચાડવાનો ઉમદા કાર્ય નિરંતર કરવામાં આવી રહ્યું છે. રાજ્યમાં વસવાટ કરતા રેશનકાર્ડ ધારકોને સમયસર અને પૂરતા પ્રમાણમાં અનાજ મળે તેવા શુભાશયથી ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા- FCI દ્વારા ઓગસ્ટ-૨૦૨૨ થી જુલાઈ-૨૦૨૩ સુધીમાં કુલ ૨૧.૬૨ લાખ મે.ટન અનાજ આપવામાં આવ્યું છે. જેમાં ૯.૬૧ લાખ મે.ટન ઘઉં અને ૧૨.૦૧ લાખ મે.ટન ચોખાનો સમાવેશ થાય છે, જે પૈકી કુલ ૨૧.૧૩ લાખ મે.ટન અનાજનું રાજ્ય સરકાર દ્વારા લાભાર્થીઓને સમયસર વિતરણ કરવામાં આવ્યું હતું.

# EMRI ગ્રીન હેલ્થ સર્વિસિસ દ્વારા સુરતની વેસુ ૧૦૮ની ટીમને શ્રેષ્ઠ જીવનરક્ષક સેવાના રાષ્ટ્રીય એવોર્ડથી સન્માનિત કરાઈ

| (માહિતી) સુરત, તા.૧૯ |

EMRI ગ્રીન હેલ્થ સર્વિસિસ દ્વારા આંધ્રપ્રદેશના હૈદરાબાદ ખાતે સુરતની વેસુ લોકેશનની ૧૦૮ ટીમને શ્રેષ્ઠ જીવનરક્ષક સેવાના એવોર્ડથી સન્માનિત કરવામાં આવી હતી. ગત તા.૧૪/૦૬/૨૦૨૪ ના રોજ સુરત જિલ્લાના ગિરીશભાઈ પટેલ વેસુ થી ૧૭ કિલોમીટર દૂર હજીરા નજીક મોરા ટેકરા ગામમાં ઝેરી દવા પી લીધી હતી. ૧૦૮ને કોલ મળતા ફરજ પરના ઈમરજન્સી મેડિકલ ટેકનિશિયન સરિતાબેન અને પાઈલોટ કરણભાઈએ ઝડપી સારવાર આપી દર્દીનો જીવ બચાવ્યો હતો. તેમને ૧૦૮ મારફતે પરિતોષ હોસ્પિટલ,અડાજણ ખાતે વધુ સારવાર માટે શિફ્ટ કર્યા હતા. આ કેસમાં ઉત્કૃષ્ટ સેવા બદલ વેસુ ૧૦૮ને શ્રેષ્ઠ જીવનરક્ષક સેવા એવોર્ડ ૧૦૮ના ઈએમટી સરિતાબેન અને પાઈલોટ કરણભાઈને ગ્રીન હેલ્થ સર્વિસીસના ચેરમેન ડૉ.જી.વી.કે. રેડ્ડીના હસ્તે સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે EMRI 108 સેવા ડાયરેક્ટર કૃષ્ણમ રાજુ એન વેંકટેશમ, એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર રામ શેખર અને ગુજરાતના ૧૦૮ સેવાના સીઓઓ જશવંત પ્રજાપતિ તથા અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે આજે તમારો આત્મવિશ્વાસ વધશે તથા તમારૂં આગળ વધવું નિશ્ચિત છે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. દીકરીની બીમારી તમારો મિજાજ ખરાબ કરી મુકશે. તેને આ બીમારીમાંથી બહાર નીકળવા માટે તમારો પ્રેમ અને લાગણી આપી તેનો મિજાજ બદલવામાં મદદ કરો પ્રેમમાં લોકોને સાજા કરવાની ગજબની શક્યતા રહેલી છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટેન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટેન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે જીવન તરફ ઉદાર અભિગમ કેળવો. તમે જે પરિસ્થિતિમાં જીવો છો તે વિશે ફરિયાદ કરવાનો અથવા તે અંગે નિરાશ થવાનો કોઈ અર્થ નથી. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. તમારા બાળકને તમારી અપેક્ષાઓ પ્રમાણે કામ કરવા માટે પ્રેરણા આપજો. પણ તે પ્રયાસ કરી રહ્યું છે ત્યારે કોઈ ચમત્કારની અપેક્ષા રાખશો નહીં.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશબોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારૂં કાર્ય પ્રેમ અને હકારાત્મક દ્દષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે લાંબા ગાળાની બીમારીમાંથી તમે સાજા થશો. પણ સ્વાર્થી તથા ઝટ ગુસ્સે થઈ જાય એવી વ્યક્તિને ટાળજો કેમ કે એ તમારી તાણ વધારી શકે છે-જ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. જે લોકોએ લોન લીધું હતું તે લોકો ને લોન ની રાશિ ચૂકવવા માં સમસ્યાઓ આવી શકે છે. સ્કૂલ પ્રૉજેક્ટ પૂરો કરવા બાળકો તમારી મદદ માગી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારૂં ઝઘડાખોર વર્તન તમારા શત્રુઓની યાદીમાં વધારો કરશે. કોઈને પણ તમને એટલા ગુસ્સે કરવા ન દો કે જેનો પસ્તાવો તમને પછીથી થાય. દિવસ ની શરૂઆત ભલે સારી હોય પરંતુ સાંજે કોઈ કારણસર તમારા પૈસા ખર્ચાઈ શકે છે જેના લીધે તમે પરેશાન થયી શકો છો? તમારા ઉદાર સ્વભાવનો લાભ તમારા મિત્રોને ન લેવા દો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે મિત્ર તરફથી પ્રસંશાના ખાસ શબ્દો તમારી ખુશીનું સબબ બનશે. આવું થવાનું કારણ એ કે તમે તમારા જીવનને વૃક્ષ જેવું બનાવ્યું છે-જે અન્યોને છાંયડો આપે છે અને પોતે તડકામાં ઊભા રહી સૂરજનો તાપ સહે છે. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. લોકો તથા તેમના આશય વિશે ઝડપી અભિપ્રાય બાંધશો નહીં.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. ટપાલ દ્વારા આવેલો સંદેશ સમસ્ત પરિવાર માટે આનંદ લાવશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે મોટી ઉંમરના લોકોએ તેમના સ્વાસ્થ્યની દરકાર લેવાની જરૂર. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. આજના તમારા વર્તનને કારણે તમારી સાથે રહેતી વ્યક્તિ તમારાથી અત્યંત નારાજ થશે. આજે તમારા પ્રિયપાત્ર સાથે સારી રીતે વર્તજો. તમારા પ્રયાસ માટે લોકો કામના સ્થળે તમારી નોંધ લેશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે, તે તમારી આર્થિક સ્થિતિ ને પણ ખરાબ કરે છે. તબિયત સારી ન હોય એવા સંબંધીની મુલાકાત લેજો.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. કુટુંબ ના સભ્યો સાથે તમારી સમસ્યાઓ શેર કરી ને, તમે હળવાશ અનુભવો છો, પરંતુ ઘણી વાર તમે તમારા અહમ ને આગળ રાખી ને તમારા પરિવાર ના સભ્યો ને મહત્વપૂર્ણ બાબતો કહેતા નથી.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે આનંદમય દિવસ માટે માનસિક તાણ અને તણાવ ટાળો. આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. આજ નો દિવસ પ્રેમ ના રંગો માં ડૂબી જશે, પરંતુ રાત્રિ દરમિયાન તમે કોઈ જૂની બાબતે ઝઘડો કરી શકો છો. કામના સ્થળે આજે પરિસ્થિતિ તમારી તરફેણમાં જણાય છે.



નવી દિલ્હીમાં ઈન્ડિયન નેશનલ એકેડમી ઓફ એન્જિનિયરિંગના વાર્ષિક અધિવેશનમાં કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહ દ્વારા દીપ પ્રગટાવી સંબોધન કરવામાં આવ્યું.

### નાસાએ સુનીતાની અંતરીક્ષમાંથી વાપસી અંગે મહત્વનું અપડેટ આપ્યું

# સુનિતા વિલિયમ્સ માર્ચ સુધી પૃથ્વી પર પાછી નહીં આવી શકે

### આ મિશન માત્ર આઠ દિવસ માટે હતું પરંતુ ત્યાં પહોંચતા પહેલા જ સ્ટારલાઈનરમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી અને તેમનું પરત ફરવાનું મુલતવી રાખવામાં આવ્યું

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૯ ।

નાસાએ ભારતીય મૂળની અવકાશયાત્રી સુનીતા વિલિયમ્સની વાપસીને લઈને એક નવું અપડેટ જારી કર્યુ છે. આ મુજબ અવકાશમાં ફસાયેલી સુનીતા વિલિયમ્સની વાપસી વધુ એકવાર મુલતવી રાખવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે સુનીતા વિલિયમ્સ અને તેના પાર્ટનર બૂચ વિલ્મોર છેલ્લા ઘણા મહિનાઓથી ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં અટવાયેલા છે. અગાઉ તે ફેબ્રુઆરીમાં પૃથ્વી પર પરત ફરવાના હતા. જોકે, નાસાએ મંગળવારે જણાવ્યું હતું કે તેમને પાછા લાવવાનું મિશન વધુ વિલંબિત થશે. હવે તેઓએ ઓછામાં ઓછા માર્ચના અંત સુધી ત્યાં રહેવું પડશે.ઉલ્લેખનીય છે કે વરિષ્ઠ અવકાશયાત્રીઓ સુનિતા વિલિયમ્સ અને બૂચ વિલ્મોર જૂનમાં બોઈંગના સ્ટારલાઈનર અવકાશયાનમાં ISS પર પહોંચ્યા હતા.આ મિશન માત્ર આઠ દિવસ માટે હતું પરંતુ ત્યાં પહોંચતા પહેલા જ સ્ટારલાઈનરમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી અને તેમનું પરત ફરવાનું મુલતવી રાખવામાં આવ્યું. હવે નાસાએ એક બ્લોગ પોસ્ટમાં પરત ફરવાની વધુ રાહ વિશે માહિતી શેર કરી છે જે મુજબ આઠ દિવસનું આ મિશન ૯ મહિનાથી વધુ લંબાઈ ગયું છે. સુનિતા વિલિયમ્સ અને બૂચ વિલ્મોરને પરત કરવા માટે બીજું યાન અવકાશમાં મોકલવામાં આવ્યું હતું.

## દુષ્કર્મના ગુનેગારોને નપુંસક બનાવવાની અરજી કરાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

નિર્ભયા સામુહિક દુષ્કર્મ-હત્યાની ૧૨મી વરસી પર સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી, જેમાં દુષ્કર્મના ગુનેગારોને નપુંસક બનાવવાની માંગ કરવામાં આવી હતી. અરજીમાં આ ઉપરાંત મહિલાઓની સુરક્ષા અંગે માર્ગદર્શિકા બનાવવા અને કાયદામાં સુધારો કરવા સહિતની ૨૦ માંગણીઓ કરાઈ હતી. જસ્ટિસ સૂર્યકાંત અને ઉજ્જવલ ભુયાનની બેંચે આ અરજી પર કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગોને નોટિસ જારી કરીને તેમનો જવાબ માંગ્યો છે.મહિલા વકીલોના સંગઠન સુપ્રીમ કોર્ટ વુમન લોયર્સ એસોસિએશન (SCWLA)એ અરજીમાં જાહેર ઈમારતો અને સ્થળોએ સીસીટીવી કેમેરા લગાવવા, ઓનલાઈન પોર્નોગ્રાફિક અને ઓટીટી અશ્લીલ સામગ્રી પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી છે.

### ભારત જે પ્રમાણે ટેરિફ લાદશે, અમે પણ તે જ પ્રમાણે લાદીશું: ટ્રમ્પ

# ડોનાલ્ડ ટ્રમ્પે ફરીથી ભારત પર ટેરિફ વધારવાની ધમકી આપી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૯ ।

અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ભારત પર ટેરિફ વધારવાની ધમકી આપી છે. ટ્રમ્પે મંગળવારે કહ્યું હતું કે જો ભારત અમેરિકા પર ટેરિફ લાદશે તો તેના જવાબમાં અમે પણ ભારત પર સમાન ટેરિફ લગાવીશું. ટ્રમ્પે વધુમાં કહ્યું હતું કે ભારત અને બ્રાઝિલ એવા દેશોમાં સામેલ છે જે અમેરિકન સામાન પર સૌથી વધુ ટેરિફ લાદે છે.ટ્રમ્પે કહ્યું હતું કે જો અમે તેમને કોઈ સામાન મોકલીએ છીએ તો તેઓ તેના પર ૧૦૦% અને ૨૦૦% ટેરિફ લાદે છે. જો તેઓ ટેરિફ લાદવા માંગતા હોય તો ઠીક છે, અમે તેમના પર સમાન ટેરિફ પણ લગાવીશું.



ટ્રમ્પ સિવાય તેમના વહીવટીતંત્રમાં વાણિજ્ય સચિવ હોવર્ડ લુટનિકે કહ્યું હતું કે તમે અમારી સાથે જે રીતે વર્તન કરશો તે જ રીતે તમારી સાથે પણ વર્તન કરાશે. સત્તામાંથી વિદાય લઈ રહેલા બાઈડેન પ્રશાસને કહ્યું હતું કે તે ભારત સાથેના અમેરિકાના સંબંધોને વધુ મજબૂત સ્થિતિમાં છોડી રહ્યું છે. બાઈડેન સરકારમાં રાજ્યના ડેપ્યુટી સેક્રેટરી કર્ટ કેમ્પબેલે મંગળવારે એક કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું કે અમે આશા રાખીએ છીએ કે ડોનાલ્ડ ટ્રમ્પના પ્રમુખપદ દરમિયાન પણ આ સંબંધો મજબૂત રહેશે. ટ્રમ્પ ભારત સાથેના સંબંધોને આગળ વધારશે. તેમણે કહ્યું હતું કે અમે છેલ્લા કેટલાક મહિનામાં ભારત સાથે સંબંધોને મજબૂત કરવા માટે કામ કર્યું છે. તાજેતરના ભૂતકાળમાં બંને દેશો વચ્ચે ઉચ્ચ સ્તરીય વાતચીત થઈ છે. તેમાં ડેલાવેરમાં યોજાનારી ક્વાડ સમિટનો પણ સમાવેશ થાય છે.કેમ્પબેલે કહ્યું હતું કે અમે ઉદ્યોગ, ટેકનોલોજી અને સંરક્ષણ ક્ષેત્રે ભારતના સંબંધોને અત્યાર સુધીની સૌથી મજબૂત સ્થિતિમાં લઈ ગયા છીએ.

### NCPના નેતાના પોતાની જ પાર્ટીના વડા પર પ્રહારો

# હું મંત્રી ના બનું તે માટે અજિત પવારે ફાચર મારી : ભુજબળ

। (એજન્સી) મુંબઈ, તા.૧૯ ।

મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના મંત્રીમંડળના વિસ્તરણ પછી મહાયુતિના ત્રણેય સહયોગી પક્ષોમાં આંશિક પણે નારાજગી જોવા મળી રહી છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી(અજિત જૂથ)ના દિગ્ગજ નેતા અને મહારાષ્ટ્ર સરકારના પૂર્વ મંત્રી છગન ભુજબળ ચોખ્ખા શબ્દોમાં કહ્યું કે, 'હું કોઈના હાથનું રમકડું નથી.'આ સાથે છગન ભૂજબળે મંગળવારે એનસીપીના પ્રમુખ અજિત પવાર પર આક્ષેપ કર્યો છે કે, ‘‘મને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ મંત્રીમંડળમાં સામેલ કરવા ઈચ્છતા હતા, પરંતુ અજિત પવારે મારી અવગણના કરી છે, એટલા માટે મને મંત્રીમંડળમાં સામેલ કરવામાં આવ્યો નથી.’’ આ બાબતને લઈને એનસીપી તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી.એક તરફ ભૂજબળે મંત્રીમંડળમાં સ્થાન નહીં મળવાને લઈને અજિત પવાર પર નિશાન તાક્યું છે. જ્યારે બીજી તરફ શિવસેના -યુબીટીના ચીફ અને પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ પણ નિશાન તાક્યું છે. ઉદ્ધવ ઠાકરેએ નાગપુરમાં કહ્યું કે, ‘‘એવા સમયે જ્યારે ચર્ચા હતી કે તેમને(ભૂજબળ)ને મંત્રીમંડળમાં સ્થાન મળશે, પરંતુ ભૂજબળને હટાવી દીધા, આ કારણોસર છગન ભૂજબળ ચોક્કસપણે પરેશાન છે.’’છગન ભૂજબળ મંત્રીમંડળમાં સ્થાન નહીં મળવાને લઈને નારાજ થઈને નાસિક જતા રહ્યા છે.

## વૃદ્ધ વ્યક્તિને રાહ જોવડાવવાની સજા કર્મચારીઓને મળી

। (એજન્સી) મુંબઈ, તા.૧૯ ।

નોઈડાના એક વરિષ્ઠ નાગરિકને તેના દસ્તાવેજો કરાવવા માટે નોઈડા ઓથોરિટીના રહેણાંક પ્લોટ વિભાગમાં જવું પડ્યું પરંતુ કલાકો સુધી ઉભા રહેવા છતાં તેમને કોઈ મદદ મળી ન હતી. આ દરમિયાન એક કર્મચારી પોતાની સીટ પર આરામથી બેઠો રહ્યો. જ્યારે નોઈડા ઓથોરિટીના સીઈઓને આ ઘટનાની જાણ થઈ, ત્યારે તેમણે કર્મચારીઓને આ સમસ્યાને પ્રાથમિકતાના આધારે ઉકેલવા માટે નિર્દેશ આપ્યો. આમ છતાં સ્ટાફે તેની મદદ કરી ન હતી.

# ગગન ગિલ, અને ગુજરાતી કવિ દિલીપ ઝવેરીને સાહિત્ય અકાદમી એવોર્ડ

### આ વર્ષના વિજેતાઓને આઠમી માર્ચ-૨૦૨૫ના રોજ એક સમારોહમાં એવોર્ડથી સન્માનિત કરાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

દેશના પ્રતિષ્ઠિત સાહિત્ય અકાદમી પુરસ્કાર-૨૦૨૪ની આજે જાહેરાત કરવામાં આવી છે. આ પ્રમાણે, હિન્દીની પ્રતિષ્ઠિત કવયિત્રી ગગન ગિલ અને અંગ્રેજીમાં ઈસ્ટરિન કિરે સહિત ૨૧ ભારતીય ભાષાઓના સર્જકોને વર્ષ ૨૦૨૪ના સાહિત્ય અકાદમી એવોર્ડ દ્વારા પુરસ્કૃત કરવાની જાહેરાત કરાઈ છે. આ સંદર્ભમાં સાહિત્ય અકાદમીના સચિવ કે.શ્રીનિવાસ રાવે જણાવ્યું કે, ગગન ગિલને તેમના કાવ્યસંગ્રહ ‘મૈં જબ તક આયી બહાર’ માટે, અંગ્રેજીમાં ઈસ્ટરિન કિરેને તેમની



નવલકથા ‘સ્પરિટ નાઈટ્સ’ માટે, મરાઠીમાં સુધીર રસાલને વિવેચનસંગ્રહ ‘વિંદાંચે ગુદ્યરુપ’ માટે અને ગુજરાતી કવિ દિલીપ ઝવેરીને ‘ભગવાનની વાતો’(કવિતા) માટે સન્માનિત કરાશે.સચિવ કે.શ્રીનિવાસ રાવે વધુમાં જણાવ્યું કે, સંસ્કૃતમાં દીપક કુમાર શર્મા(કાવ્યસંગ્રહ), રાજસ્થાનીમાં મુકુટ મણિરાજ(કવિતાસંગ્રહ), પંજાબીમાં પોલ કૌર(કવિતા સંગ્રહ), કાશ્મીરીમાં સોહન કૌલ(નવલકથા) અને ગુજરાતીમાં દિલીપ ઝવેરી(કાવ્યસંગ્રહ)ને પુરસ્કૃત કરવામાં આવશે. સાહિત્ય અકાદમીએ હાલ ૨૧ ભાષાઓ માટે એવોર્ડની જાહેરાત કરી છે, જેમાં આઠ કવિતાસંગ્રહ, ત્રણ નવલકથા, બે વાર્તાસંગ્રહ, ત્રણ નિબંધસંગ્રહ, ત્રણ સાહિત્યિક વિવેચન, એક નાટક અને એક સંશોધનનું પુસ્તક સામેલ છે.

### ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીનો ૧૪ મો પદવીદાન સમારોહ : ૫૫૩૦ વિદ્યાર્થીઓ દીક્ષિત થયા : ૩૭ છાત્રોને ગોલ્ડમેડલ અપાયા

# ‘વિકસિત ભારત’ના સંકલ્પને સાકાર કરવા યુવાનો જીવનમાં અધિકાર ભાવના કરતાં કર્તવ્યપરાયણતાને સ્થાન આપે : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

। (માહિતી) ગાંધીનગર ।

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીનો ૧૪મો પદવીદાન સમારોહ આજે રાજ્યપાલશ્રી અને યુનિવર્સિટીના કુલાધિપતિશ્રી આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં ભુજ ખાતે યોજાયો હતો. ૫૫૩૦ વિદ્યાર્થીઓને અનુસ્નાતક અને સ્નાતકની પદવી એનાયત કરાઈ હતી. ૩૭ વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક સિદ્ધિ માટે ગોલ્ડમેડલ એનાયત કરાયા હતા.

આ દીક્ષાંત સમારોહમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ શ્રેષ્ઠ કર્મને જીવનની પુંજી ગણાવીને ભારતના વિકાસમાં સહયોગ આપવા યુવાઓને ઈમાનદારી, કર્તવ્યભાવના સાથે રાષ્ટ્રધર્મ, સમાજધર્મ, પરિવારધર્મ નિભાવવા અનુરોધ કર્યો હતો. તેમણે સત્ય અને કર્તવ્યભાવનાને સુખનો આધાર ગણાવીને છાત્રોને જીવનમાં સત્યનું પાલન કરવા, અન્યો સાથે સદવ્યવહાર કરવા, ધર્મની ખરી વ્યાખ્યા સમજાવીને આજીવન વિદ્યાર્થી બની રહેવા, તથા અર્જિત જ્ઞાનનો સમાજના કલ્યાણમાં ઉપયોગ કરવા શીખ આપી હતી.

દીક્ષાંત સમારોહનું મહત્વ સમજાવતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુરૂની કમજોરી નહીં પણ ગુણોને ગ્રહણ કરી પોતાના વાણી, વ્યવહાર, કર્મ તથા ધર્મથી આસપાસ સુખપ્રદાન કરવા જણાવ્યું હતું. રાજ્યપાલશ્રીએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ





મોદીની દેશ પ્રત્યેની કાર્યનિષ્ઠા, સકારાત્મક વિચાર સાથેની કર્તવ્યભાવનાને આદર્શરૂપ ગણાવીને સમગ્ર વિદ્યાર્થીઓને તેમનામાંથી પ્રેરણા મેળવી ભારતના વિકાસમાં આવી જ કર્તવ્યનિષ્ઠા દર્શાવવા જણાવ્યું હતું.

રાજ્યપાલશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારત વિશ્વમાં પાંચમી અર્થવ્યસ્થા બન્યું છે અને હવે ત્રીજી અર્થવ્યવસ્થા બનવા તરફ આગળ વધી રહ્યું છે. દરેકક્ષેત્રે વિકાસમાં અગ્રેસર ભારત આત્મનિર્ભર બની વધુ વિકાસ કરી રહ્યું છે. આજે દેશની સીમાઓ વધુ સુરક્ષિત બની છે, ત્યારે વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા યુવાધન જીવનમાં અધિકાર ભાવના કરતાં કર્તવ્યપરાયણતાને વિશેષ સ્થાન આપે તેવો અનુરોધ કર્યો હતો.

શ્રી આચાર્ય દેવવ્રતજીએ વિદ્યાર્થીઓને આજે ડિગ્રી મેળવવાની સાથે પર્યાવરણ સંરક્ષણ, જળ વ્યવસ્થાપન, ભારતીય સંસ્કૃતિને અપનાવી વિશ્વમાં તેનો સંદેશ પાઠવવા, નશામુક્ત જીવન અપનાવવા તથા લોકોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવા સંકલ્પ બધ્ધ થવા અપીલ કરી હતી. આ પ્રસંગે અતિથિપદે વૈદિક મિશન ટ્રસ્ટના સ્વામી ધર્મબંધુજીએ પ્રાસંગિક પ્રવચનમાં યુવાઓને જીવનમાં આવનારા ભવિષ્યના પડકારો જેવા કે, વસતી વધારો, પાણીની તંગી, દરિયાની સપાટીમાં વધારો, ફુડ ઈનસિક્યોરીટી, કલાઈમેટ ચેન્જ તથા એઆઈથી ઉભી થનારી સંભવિત સમસ્યાઓ તથા તેના પરિણામથી અવગત કરીને તેના સમાધાનમાં શું કરી શકાય તેનાથી છાત્રોને અવગત કર્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને સારા જીવનના ઘડતર માટે આરોગ્ય જતન, જ્ઞાન, શિસ્ત, આત્મચિતંન, સેલ્ફ લર્નિંગ, કર્મઠતા, સારી સંગત, સ્વયં સાથે જ સ્પર્ધા તથા અસામાજિક તત્વોનો નિડરતાપૂર્વક સામનો કરવાની શીખ આપી હતી. દીક્ષાંત સમારોહમાં ૩૭ ગોલ્ડ મેડાલીસ્ટોને રાજ્યપાલશ્રીના હસ્તે ડિગ્રી સાથે મેડલ એનાયત કરાયા હતા. તેમજ પીએચડી થયેલા છાત્રોને પ્રોત્સાહિત કરાયા હતા. આ પ્રસંગે યુનિવર્સિટીના કુલપતિ ડો. મોહનભાઈ પટેલે યુનિવર્સિટીના વિકાસકામોની છણાવટ સાથે યુનિવસિર્ટીમાં થનારા આગામી આયોજનમાં મ્યુઝિયમ, ભારતીય જ્ઞાન પરંપરા કેન્દ્ર, મોલ, જીમ, કાફેટેરીયા વગેરેના નિમાર્ણ તથા પ્રગતિ હેઠળના વિકાસકામો જેવા કે સભાગૃહ, નવા પરીક્ષા ભવન વગેરે માહિતી પૂરી પાડી હતી. તેમણે કચ્છ યુનિવર્સીટીને ગુજરાતમાં જ નહીં પરંતુ ભારતમાં વિશેષ ઓળખ અપાવવાની નેમ વ્યકત કરી હતી. કાર્યક્રમના પ્રારંભે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીને કચ્છ યુનિવસિર્ટી ખાતે ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે સામાજિક કાર્યકર શ્રી આર.આર.પટેલ, કલેકટરશ્રી અમિત અરોરા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ. કે.પ્રજાપતિ, પશ્ચિમ કચ્છ એસ.પી. શ્રી વિકાસ સુંડા, ભુજ પ્રાંત અધિકારીશ્રી અનિલ જાદવ, રજિસ્ટ્રાર ડો. અનિલ ગોર, ઈસી સભ્યો, ફેકલ્ટી ડીન, કોલેજના આચાર્યશ્રીઓ, અધ્યાપકો, કર્મચારીગણ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સિવિલ મેડિસીટી ડેવલપમેન્ટના જોયેલા સ્વપ્નનું નિર્માણકાર્ય હવે પૂર્ણતાના આરે : ઋષિકેશ પટેલ

| અમદાવાદ, તા.૧૯ |

અમદાવાદની ૧૨૦૦ બેડ હોસ્પિટલ ખાતે આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં અમદાવાદ સિવિલ મેડિસિટીના ડેવલપમેન્ટના માસ્ટર પ્લાનની સમીક્ષા બેઠક યોજાઈ હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સિવિલ મેડિસીટીના ડેવલપમેન્ટના જોયેલા સ્વપ્નનું નિર્માણકાર્ય હવે પૂર્ણતાના આરે છે. સિવિલ મેડિસિટીમાં ઉપલબ્ધ તમામ તબીબી અને સુપર-સ્પેશ્યાલિસ્ટ સેવાઓ રાજ્ય અને દેશની અન્ય હોસ્પિટલ માટે પણ ઉદાહરણીય બની છે. સિવિલ મેડિસિટીમાં ઉપલબ્ધ વિવિધ સુપર સ્પેશ્યાલિસ્ટ સેવાઓના પરિણામે ગુજરાતના મેડિકલ ટુરિઝમમાં વધારો થઈ રહ્યો છે તેમ મંત્રી શ્રી ઋષિકેશ પટેલ એ કહ્યું હતું. મેડિસિટીમા પ્રવેશતા, બહાર જતા અને અંદર વિવિધ હોસ્પિટલ અને સેવાઓ માટે આવતા દર્દીઓ, તેમના સગાઓ માટે કેમ્પસ સિમલેશ મોબિલિટી,



સાયનેજ(હોર્ડીંગ્સ)ના આધારે માહિતી મળે તેવી વ્યવસ્થાનું આયોજન. સમગ્ર કેમ્પ સમા એલ શેપ પાર્કિંગની વ્યવસ્થા થાય તે માટેના માસ્ટર પ્લાન અંગે વિગતવાર સમીક્ષા કરાઈ હતી. હાલ સમગ્ર કેમ્પસમા કુલ ૮ પ્રવેશ દ્વાર છે,જેમાં ૨ ગેટ વધારવાનું આયોજન હાથ ધરવામાં આવશે. સિવિલ મેડિસિટી કેમ્પસની પાસેના મેન્ટલ કંપાઉન્ડ અને મણીબેન હોસ્પિટલ કેમ્પસનું પણ આગામી જરૂરીયાત આધારે માસ્ટર પ્લાન તૈયાર કરવાની સૂચના મંત્રી શ્રી ઋષિકેશ પટેલ દ્વારા સમીક્ષા બેઠકમાં આપવામાં આવી હતી.



કેરળનાં મહિલા પત્રકાર પ્રતિનિધિમંડળે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની શુભેચ્છા મુલાકાત લીધી.

## ન્યૂઝ બ્રિફ

### રખિયાલમાં લુખ્ખા તત્વોએ પોલીસ પર તલવારથી હુમલાની ધમકી

| અમદાવાદ, તા.૧૯ |

અમદાવાદમાં લુખ્ખા તત્વો બેફામ બન્યા છે અને પોલીસ જાણે પાંગળી બની ગઈ છે. અમદાવાદ પોલીસની આબરૂના ધજાગરા ઉડાવતા હોય એમ રખિયાલમાં બેખૌફ બનેલા લુખ્ખાઓની દાદાગીરીએ પોલીસને નિચાજોણું કર્યું છે. જુઓ આ વીડિયો કે જેમાં લુખ્ખાઓ તલવાર સાથે પોલીસને આપી રહ્યા છે ધમકી. રખિયાલમાં જાણે તેમનું રાજ ચાલતું હોય એમ આ લુખ્ખાઓ પોલીસની કાર પાસે ઉભેલા પોલીસ કર્મચારીઓને ધમકાવી રહ્યા છે. ઓન ડ્યુટી પોલીસ કર્મચારીને મારવાની ધમકી આપે છે. ખાખીનો કોઈ ડર ન હોય એમ લુખ્ખા પોલીસને કહી રહ્યા છે ''બહોત મારુંગા સાહેબ'' અને પોલીસ પણ જાણે તેમનાથી ડરતી હોય એમ કોઈપણ પ્રતિકાર કર્યા વગર મુંગા મોઢે તમાશો જુએ છે. લુખ્ખાઓ પોલીસને તેમની જ વાનમાં બેસાડી દરવાજો બંધ કરી ઘટનાસ્થળ છોડી જતા રહેવા કહે છે અને પોલીસ પણ જાણે કે તેમની વાત માનતી હોય એમ આવા લુખ્ખાઓ સામે પગલા ભરવાને બદલે ત્યાંથી જતી રહે છે. પોલીસનું આ વલણ જોતા તો લાગે છે કે પોલીસ ખુદ પોતાની સુરક્ષા માટે પાંગળી છે. અમદાવાદની આવી પોલીસને પાવર આપવાની જરૂર છે.

### મહેમદાવાદમાં પતરાના શેડ નીચે ધમધમી રહી છે વેદ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ

| અમદાવાદ, તા.૧૯ |

અમદાવાદના ખ્યાતિકાંડ બાદ નસબંધી કાંડ હોય કે પછી સુરતમાંથી ઝોલા છાપ ડોકટરો ઝડપાયા હોવાની ઘટના સામે આવી હતી. લોકોના આરોગ્ય સાથે ચેડાં થતી હોય તેવી અનેક ઘટનાઓ સતત બહાર આવી રહી છે. ત્યારે ખેડાના મહેમદાવાદમાં આવેલી વેદ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ પતરાના શેડ નીચે ચાલતી હોવાનું સામે આવ્યુ છે. અમદાવાદના ખ્યાતિકાંડ બાદ નસબંધી કાંડ હોય કે પછી સુરતમાંથી ઝોલા છાપ ડોકટરો ઝડપાયા હોવાની ઘટના સામે આવી હતી. લોકોના આરોગ્ય સાથે ચેડાં થતી હોય તેવી અનેક ઘટનાઓ સતત બહાર આવી રહી છે. ત્યારે ખેડાની એક હોસ્પિટલ વિવાદમાં આવી છે. ખેડાના મહેમદાવાદમાં ખાત્રજ ચોકડી પાસે વેદ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ આવેલી છે. નવાઈના વાત એ છે કે આ હોસ્પિટલ પતરાના શેડ નીચે ધમધમી રહી છે. છતાં અહીં દર્દીઓને PMJAY યોજનાનો લાભ મળતો હોવાનો દાવો કરાઈ રહ્યો છે. મુદ્દો એ હતો કે આવી હોસ્પિટલની PMJAY યોજનામાં પસંદગી કેવી રીતે થઈ ? હોસ્પિટલ ના કેમ્પસમાં જ જોખમી મેડિકલ વેસ્ટના ઢગલા જોવા મળ્યા હતા.

## નાણાકીય વ્યવસ્થાપનમાં ગુજરાત અગ્રેસર

# રાજ્યનું જાહેર દેવું GSDPના ૨૩.૮૬ ટકાથી ઘટીને હવે ૧૫.૩૪ ટકા થયું

### મહેસૂલી આવકની સાપેક્ષમાં જાહેર દેવા પરનું વ્યાજ વર્ષ ૨૦૦૧-૦૨માં ૨૫.૧૭ ટકાની સામે વર્ષ ૨૦૨૨ ૨૩માં માત્ર ૧૧.૭૬ ટકા થયું

| (એજન્સી) ગાંધીનગર, તા.૧૯ |

નાણાકીય વ્યવસ્થાપનમાં છેલ્લા બે દાયકાથી સમગ્ર દેશમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. ગુજરાત દેશનું રોલ મોડલ તેમજ આર્થિક એન્જિન રહ્યું છે ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને નાણા મંત્રી કનુભાઈ દેસાઈના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા વિકાસલક્ષી સહિત ખર્ચ નિયત મર્યાદામાં રહીને જ કરવામાં આવી રહ્યો છે.

ગુજરાત સરકાર દ્વારા ઉંચો વૃદ્ધિદર હાંસલ કરવા માટે મૂડી ખર્ચમાં ઉત્તરોત્તર વધારો કરવામાં આવી રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવતું જાહેર દેવું રાજ્યના વિકાસને વધુ વેગવંત બનાવવા તેમજ મૂડી ખર્ચ કરવા માટે ઉપયોગ કરવામાં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૨ ૨૩ની સરખામણીમાં, નાણાકીય વર્ષ ૨૦૨૩ ૨૪માં ૬૫ ટકાનો અને નાણાકીય વર્ષ ૨૦૨૪ ૨૫માં ૪૦ ટકાનો મૂડી ખર્ચમાં વધારો કરવામાં આવ્યો છે તેમ, નાણા વિભાગની યાદીમાં જણાવાયું છે. વધુમાં, વર્ષ ૨૦૦૫માં ગુજરાત નાણાકીય જવાબદારી અધિનિયમને રાજય સરકારે અમલી બનાવ્યો છે. જે અન્વયે રાજયના ઘરગથ્થુ ઉત્પાદનના પ્રમાણમાં જાહેર દેવું ૨૭.૧૦ ટકાથી નીચે રહેવું જોઈએ. વર્ષ ૨૦૦૦ ૦૧માં તે સમયનું જાહેર દેવું GSDP ના ૨૩.૮૬ ટકા હતું. જેમાં ઉત્તરોત્તર ઘટાડો લાવીને નાણાકીય વર્ષ:૨૦૨૩ ૨૪ના સુધારેલા અંદાજોમાં ૧૫.૩૪ ટકા તેમજ નાણાકીય વર્ષ: ૨૦૨૪ ૨૫ના અંદાજોમાં ૧૫.૨૭ ટકા સૂચવવામાં આવ્યું છે. રાજ્યના અસરકારક નાણાકીય સંચાલનના પરિણામે, COVID ૧૯ના વર્ષને બાદ કરતા, આ પ્રમાણ સતત ઘટતું રહ્યું છે. GSDPના પ્રમાણમાં જાહેરદેવાના ગુણોત્તર મુજબ ગુજરાત સમગ્ર દેશમાં બીજા સૌથી નીચા સ્થાને છે જે રાજ્ય સરકારનું યોગ્ય નાણાકીય વ્યવસ્થાપન દર્શાવે છે.

ગુજરાત નાણાકીય જવાબદારી અધિનિયમ, ૨૦૦૫ અનુસાર રાજ્યવિત્તીય ખાદ્યનું પ્રમાણ રાજ્યના એકંદર ઘરગથ્થુ ઉત્પાદનના ૩ ટકાની મર્યાદામાં રાખવાનું હોય છે. ગુજરાતે અસરકારક રાજવિત્તીય વ્યવસ્થાપન દ્વારા રાજ્યવિત્તીય ખાદ્યને નિયંત્રિત રાખવામાં સફળતા મેળવી છે અને નાણાકીય વર્ષ ૨૦૨૪ ૨૫માં રાજ્યવિત્તીય ખાદ્ય માત્ર ૧.૮૬ ટકા અંદાજવામાં આવી છે. મહેસૂલી આવકની સાપેક્ષે જાહેર દેવાં પરનું વ્યાજ જે નાણાકીય વર્ષ ૨૦૦૦ ૦૧ માં ૨૫.૧૭ ટકા જેટલું ઊંચું હતું તે ઘટીને નાણાકીય વર્ષ ૨૦૨૨ ૨૩માં ૧૧.૭૬ ટકા જેટલું થયું છે અને નાણાકીય વર્ષ ૨૦૨૩ ૨૪ના સુધારેલ અંદાજ મુજબ આ પ્રમાણ ૧૧.૬૮ ટકા જેટલું અંદાજવામાં આવ્યું છે.

આ ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવતી વગર વ્યાજની ૫૦ વર્ષના લાંબા સમયગાળાની લોન લેવામાં પણ ગુજરાત અગ્રેસર છે. ગત નાણાકીય વર્ષમાં ગુજરાત દ્વારા લેવામાં આવેલ કુલ જાહેર દેવામાંથી ૨૦ ટકા કરતાં પણ વધારે હિસ્સો આવી વગર વ્યાજની કે ઓછા દરની લોનનો છે. નાબાર્ડ દ્વારા ગ્રામિણ આંતરમાળખાકીય સુવિધાઓના નિર્માણ માટે કન્શેસનલ દરે લોન આપવામાં આવે છે. આ ઓછા દરની લોન લેવામાં ગુજરાત સમગ્ર દેશમાં સૌથી અગ્રેસર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જાહેર દેવું કોઈ પણ સરકાર કે સંસ્થા માટે નાણાકીય સંસાધનનું માન્ય અને સ્વીકાર્ય સ્રોત બને છે. કોઈ પણ સરકાર નાગરિકોના લાભદાયી વિકાસના કામો હાથ પર લેવા માંગતી હોય અને વિકાસની ગતિને વધુ વેગવંતી બનાવવા માંગતી હોય તો સરકારે મહેસૂલી આવક ઉપરાંત દેવાની આવક પણ ઉભી કરવી જરૂરી બને છે. પરંતુ, દેવાકીય જવાબદારીઓ મર્યાદિત રહે અને વ્યાજનો ખર્ચ મહેસૂલી આવકના પ્રમાણમાં સિમિત રહે તે માટે ગુજરાત સરકારે સ્વયં શિસ્તના અનેક પગલાઓ ભૂતકાળમાં પણ લીધા છે અને ભવિષ્યને ધ્યાને રાખીને પણ લેવામાં આવી રહ્યા છે. જાહેર દેવામાં જાહેર બજારની લોનનો ફાળો મુખ્ય રહેલ છે. સુદ્રઢ રાજ્યવિત્તીય વ્યવસ્થાપનના પરિણામે મુક્ત બજારમાંથી લેવામાં આવતા કરજની બાબતમાં રાજય કોઇ પણ પ્રકારની બાંહેધરીનો આશરો લીધા વગર ખૂબ જ સ્પર્ધાત્મક દરે કરજ લઇ શકયું છે જેના કારણે રાજયના વ્યાજમાં નોંધપાત્ર બચત થઇ છે તેમ, નાણા વિભાગ દ્વારા વધુમાં જણાવાયું છે.

## કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય પાસેથી પૈસા ઓળવી લેવાતા

# અમદાવાદ શહેરની ખ્યાતિ હોસ્પિટલ કાંડ : ૧૫ મિનિટમાં PMJAY કાર્ડ બનતા

### અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે સરકારને ચૂનો લગાવવાના સૌથી મોટા દેશવ્યાપી કૌભાંડનો પર્દાફાશ કર્યો

| (એજન્સી) અમદાવાદ, તા.૧૯ |

અમદાવાદ શહેરની ખ્યાતિ હોસ્પિટલમાં થઈ રહેલા બોગસ ઓપરેશનની ફરિયાદની તપાસમાં ક્રાઈમ બ્રાન્ચે વધુ એક કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. હોસ્પિટલો તો બોગસ ઓપરેશન કરી રહી છે પણ દર્દીઓને કે સમાન્ય લોકોને પણ PMJAY યોજનાનું કાર્ડ સરળતાથી અને ખોટી રીતે અપાવવા અનેક દલાલો સક્રિય બન્યા છે. એટલું જ નહીં પણ PMJAY યોજનામાં સમાવેશ નહીં થઈ રહેલા દર્દી કે લોકો પાસેથી પણ અમુક રૂપિયા લઈને ૫ મિનિટમાં કાર્ડ બનાવી આપતા હોવાનો પર્દાફાશ થયો છે. ખ્યાતિ હોસ્પિટલ કાંડની ચાલી રહેલી તપાસમાં એક બાદ એક મોટા ઘટસ્ફોટ થઈ રહ્યા છે. આ તપાસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા PMJAYમાં ચાલી રહેલા સૌથી મોટા દેશવ્યાપી કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. અત્યાર સુધીની તપાસમાં ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા હાથ લાગી છે. આ તપાસમાં જાણવા મળ્યુ છે કે, કાર્તિક પટેલ અને ચિરાગ રાજપૂત નામના યુવકો PMJAY અંતર્ગત ઓપરેશન કરવા માટે ગેરકાયદે રીતે આયુષ્યમાન કાર્ડ કઢાવી આપતા હતા. હોસ્પિટલમાં સારવાર માટે આવેલા કેટલાક દર્દીઓ પાસે PMJAY કાર્ડ નહતુ. આ દર્દીઓનું ઓપરેશન કરવાનું હોવાથી માત્ર ૧૫ મિનિટમાં જ તેમના આયુષ્યમાન કાર્ડ બનાવી આપવામાં આવ્યા હતા. આ અંગે પોલીસે PMJAY ડેસ્ક પર કામ કરતા મેહુલ પટેલની પૂછપરછ કરી તો બહાર આવ્યું કે, હોસ્પિટલના ડાયરેક્ટર કાર્તિક પટેલ અને CEO ચિરાગ રાજપૂતના કહેવાથી નિમેષ ડોડિયા નામના શખ્સ પાસે કાર્ડ તૈયાર કરાવવામાં આવતા હતા. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના JCP શરદ સિંઘલના જણાવ્યા મુજબ, આ દેશવ્યાપી ચાલી રહેલા મોટા કૌભાંડમાં અત્યાર સુધીમાં ગેરકાયદે રીતે કાર્ડ બનાવી આપનારા શખ્સોમાં નિમેષ ડોડિયા, મોહમ્મદ ફઝલ શેખ, નરેન્દ્રસિંહ ગોહિલ, મોહંમદ અસ્ફાક શેખ, ઈમ્તિયાઝ અને ઈમરાન જાબીર હુસૈનની કાર્ડ બનાવવાના કૌભાંડમાં ધરપકડ કરવામાં આવી છે. ખ્યાતિ હોસ્પિટલમાં બે દર્દીઓના મૃત્યુ કેસમાં શરૂ કરેલી તપાસમાં ક્રાઈમ બ્રાન્ચે PMJAY યોજનાનો લાભ લેવા ગામમાં કેમ્પ કરીને દર્દીઓની સર્જરી કરી હોવાના કાંડનો ખુલાસો કર્યો હતો. આ કેસની તપાસમાં ક્રાઈમ બ્રાન્ચે ડેટા મેળવવા બે કોમ્પ્યુટર તથા એનજીઓગ્રાફી કરેલા દર્દીઓના ડેટાની તપાસ કરવા ખ્યાતિ હોસ્પિટલમાં PMJAY યોજનાનું કામ સંભાળતા કર્મચારી મેહુલ પટેલની પૂછપરછ કરી હતી, જેમાં PMJAY યોજનાના કાર્ડ બનાવવાના કૌભાંડનો પર્દાફાશ થયો હતો. ખ્યાતિ હોસ્પિટલના ડાયરેક્ટર કાર્તિક પટેલ, રાહુલ જૈન અને ચિરાગ રાજપૂત અમદાવાદના અમદુપુરામાં રહેતા નિમેષ ડોડીયા દ્વારા ૧૫૦૦ રૂપિયામાં દર્દીઓના PMJAY યોજનાના આયુષ્યમાન કાર્ડ બનાવતા હતા.

## ડોક્ટરની બેદરકારી કે પછી PMJYની લાલચ?

# મહિલાને જે પગમાં તકલીફ નહોતી ત્યાં હવે કાયમી ખોડ થઈ

### આ ઘટનાને લઈને દર્દીએ ડો.જીગીશ દોશી સામે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી

| (એજન્સી) રાજકોટ, તા.૧૯ |

રાજકોટના જામનગર રોડ પર નાગેશ્વર વિસ્તારમાં આવેલી યુનિકેર હોસ્પિટલમાં પગનાં દુઃખાવાની સારવાર માટે ગયેલી ૨૦ વર્ષીય સપના પટોડિયાના ડાબા પગની સાથે જમણા પગનું પણ ઓપરેશન કરી દેવાયું હતું. આ ઘટના વિશે દર્દીએ ડો.જીગીશ દોશી સામે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

નાગેશ્વર વિસ્તારમાં સ્થિત યુનિકેર હોસ્પિટલનાં ડો.જીગીશ દોશી સામે સપના પટોડિયાએ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. સપનાએ પોલીસને જણાવ્યું હતું કે, 'આશરે ૧૦ વર્ષ અગાઉ જૂનાગઢમાં ગણેશ વિસર્જન સમયે ટ્રક પલટી ખાઈ જતા મને ડાબા પગે સામાન્ય ઈજા પહોંચી હતી. પરંતુ જે-તે વખતે તેની સારવાર લીધી ન હતી. ધીમે-ધીમે ડાબા પગે ગોઠણથી નીચેના ભાગે સખત દુઃખાવો થતો હોવાથી જૂનાગઢમાં તબીબને બતાવતા સોનોગ્રાફી સહિતના તમામ રીપોર્ટ કરાવ્યા હતા. જે રીપોર્ટ જોઈ તબીબે ડાબા પગે લોહીની ગાંઠ થઈ ગઈ છે. તમારે સારવાર માટે સર્જનને બતાવવું પડશે. ત્યારબાદ મે ઈન્ટરનેટ પર સર્ચ કર્યું હતું. જેમાં રાજકોટની યુનિકેર હોસ્પિટલનું સરનામું મળ્યું હતું. મે રાજકોટ રહેતા ફુવાને ફોન કરી આયુષ્યમાન કાર્ડ દ્વારા તે હોસ્પિટલમાં ઓપરેશન કરી આપે છે કે કેમ? તેની માહિતી લીધી હતી.' સપનાએ પોલીસને જણાવ્યું હતુ કે, 'ફુવાએ તપાસ કરી મને હા કહ્યું હતું. ત્રીજી એપ્રિલ ૨૦૨૪નાં સપના યુનિકેર હોસ્પિટલ પહોંચી હતી. જ્યા ડો. જીગીશ દોશીએ મને દવાથી શારૂ થતું ન હોય તો ઓપરેશન કરાવવું પડશે તેમ પણ જણાવ્યું હતું. મને પગનો દુઃખાવો વધુ થતો હોવાથી ૨૪-૪-૨૦૨૪ના યુનિકેર હોસ્પિટલમાં દાખલ થઈ હતી. જ્યા જરૂરી ટેસ્ટ અને રીપોર્ટ કરીને ડો. દોશીએ તા.૨૫-૪-૨૦૨૪નાં મારા ડાબા પગનું ઓપરેશન કર્યુ હતું. બાદમાં તેમણે મારા પિતાને જણાવ્યું હતું કે,તમારી દિકરીને જમણા પગમાં પણ નાની ગાંઠ હતી. તેનું પણ ઓપરેશન કરી દીધું છે.' પીડિતે વધુમાં જણાવ્યું હતું કે, 'મને હોસ્પિટલમાંથી ૨૬મી એપ્રિલનાં રજા અપાતા હું ઘરે ગઈ હતી. ઓપરેશન બાદ ડાબા પગમાં સારૂ થઈ ગયું હતું. પરંતુ જમણાં પગમાં દુઃખાવો થતો હોવાથી હું ફરી હોસ્પિટલ પહોંચી હતી. ઠીક ન થતા મે ફરી જૂનાગઢમાં તબીબને પણ બતાવ્યું હતું. એમ.આર.આઈ. કરાવતાં તબીબે ઓપરેશન વખતે જમણા પગમાં કોઈ ભુલ થવાથી ગોઠણનાં નીચેના ભાગે આવતી નસ થોડી દૂર જતી રહી છે. જેથી તમને દુઃખાવો થાય છે. આ બાબતે મને ફરી ડો. દોશીએ આરામ કરવાની સલાહ આપી હતી.

### વટવામાં બહેનો માટે મહિલા કલ્યાણકારી યોજનાઓની માહિતી આપતો જાગૃતિ કાર્યક્રમ યોજાયો



| (માહિતી) અમદાવાદ, તા.૧૯ |

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારીની કચેરી હેઠળ કાર્યરત 'સંકલ્પ: હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વિમન', સખી વન સ્ટોપ સેન્ટર અને મહિલા સહાયતા કેન્દ્ર ટીમ દ્વારા અમદાવાદમાં વટવા સ્થિત આજીવિકા મિશન બ્યુરો સંસ્થા ખાતે મહિલાઓ માટે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ અમલીકૃત મહિલા કલ્યાણકારી યોજનાઓ અને સુરક્ષાના વિવિધ પ્રકલ્પોની માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. 'સંકલ્પ: હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વિમન' યોજનાના જેન્ડર સ્પેશિયાલિસ્ટ શ્રી જીતેશ સોલંકી અને સ્પેશિયાલિસ્ટ ઈન ફાઈનાન્સ લિટરસી સુશ્રી હેમલ બારોટ દ્વારા આ કાર્યક્રમમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ અમલીકૃત મહિલા કલ્યાણકારી યોજનાઓની માહિતી આપવામાં આવી હતી, જેમાં રાજ્ય પુરસ્કૃત વ્હાલી દીકરી યોજના, મહિલા સ્વાવલંબન યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના વિશે માહિતી અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે મહિલા સહાયતા કેન્દ્ર, વસ્ત્રાપુરના કાઉન્સેલર શ્રી ભૂમિબહેન ડોડિયાએ પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર યોજના અને સખી વન સ્ટોપ સેન્ટર, અસારવાના કેન્દ્ર સંચાલક શ્રી ચેતનાબહેન નાઈએ કેન્દ્ર પુરસ્કૃત સખી વન સ્ટોપ સેન્ટર યોજનાની પૂરતી માહિતી આપી વટવા વિસ્તારની બહેનોને જાગૃત કર્યા હતા.

## ૧૧ વર્ષમાં ૧૮૬૯નાં મોત

# રિવરફ્રન્ટ : અનેક તાકીદ છતાં આત્મહત્યાના કેસ યથાવત

### રિવરફ્રન્ટ ઉપર મુકાયેલાં સિક્યોરિટી ગાર્ડ પૈકી કેટલાને તરવાનુ અને નાગરિકોને બચાવવાનો અનુભવ છે

| (એજન્સી) અમદાવાદ, તા.૧૯ |

શહેરની મધ્યમાથી વહેતી સાબરમતી નદીના બન્ને કિનારે રિવરફ્રન્ટ પ્રોજેક્ટ હાથ ધરાયા પછી પણ આત્મહત્યાનાં કેસ યથાવત જણાઈ રહ્યાં છે અને છેલ્લા ૧૧ વર્ષમાં મહિલા, પૂરૂષ અને બાળકો સહિત કુલ ૧૮૬૯ લોકોનાં મરણ નીપજ્યાં છે.મ્યુનિ. સૂત્રોનાં જણાવ્યા અનુસાર, સાબરમતી નદી ઉપર રિવરલન્ટ પ્રોજેક્ટ હાથ ધરાયો તે પહેલાં નદીમાં ફક્ત ચોમાસા સમયે પાણી વહેતુ જણાતુ હતુ, બાકીનાં મહિનાઓ સાબરમતી નદી સુકી ભઠ જ રહેતી હતી અને ત્યારે આત્મહત્યાનાં સૌથી વધુ બનાવ કાંકરીયા તળાવમાં બનતાં હતા. રિવરફ્રન્ટ પ્રોજેક્ટ અમલી બન્યો ત્યારબાદ વાસણા બરાજનાં દરવાજા બંધ રાખીને નદીમાં પાણી ભરી રાખવામાં આવે છે, તેના કારણે બ્રિજ ઉપરથી આત્મહત્યા કરનારા કરતાં રિવરફ્રન્ટનાં વોક-વે ઉપરથી આત્મહત્યા કરનારાની સંખ્યા વધી જવા પામી છે.આ મામલે આરટીઆઇ કરી માહિતી માંગી હતી. તેમણે વોક-વે ઉપરથી નદીમાં કૂદકો મારી આત્મહત્યા કરનારની સંખ્યા માંગી હતી. તેમજ ફાયરબ્રિગેડ દ્વારા કેટલા લોકોને બચાવાયા તેની વિગત માંગી હતી.તેના જવાબમાં રિવરફ્રન્ટ તરફથી ૨૦૧૪થી ઓક્ટોબર ૨૦૨૪ સુધીમાં નદીમાં કૂદી આત્મહત્યા કરનારની વિગત આપવામાં આવી હતી, જેમા જણાવાયુ છે કે, છેલ્લા ૧૧ વર્ષમાં નદીમાં પડ્યાનાં ૨૭૬૨ કોલ મળ્યા હતા, તેમાંથી ૨૪૭ મહિલા, ૧૫૮૬ પૂરૂષ અને ૩૬ બાળકને બચાવી શકાયા નહોતા. જ્યારે ૧૯૨ મહિલા, ૨૫૮ પૂરૂષ અને ૧૬ બાળકોને બચાવી લેવાયા હતા.આ સિવાય રિવરફ્રન્ટનાં વોક વે ઉપર કેટલા સિક્યોરિટી ગાર્ડ ગોઠવવામાં આવ્યા છે તેવી માહિતીનાં જવાબમાં રિવરફ્રન્ટ તરફથી એવુ જણાવાયુ છે કે, પૂર્વ કાંઠે પ્રથમ શિફ્ટમા ૧૯, બીજી શિફ્ટમાં ૧૬ અને ત્રીજી શિફ્ટમાં ૯ તથા પશ્ચિમમાં પ્રથમ શિફ્ટમાં ૨૦, બીજી શિફ્ટમાં ૨૦ તથા ત્રીજી શિફ્ટમાં ૧૩ ગાર્ડ ગોઠવવામાં આવ્યા છે. આ તમામ ગાર્ડ એક બીજાથી એક કિલોમીટર દૂર હોય છે તેવુ પણ રિવરફ્રન્ટનાં જવાબમાં જણાવાયુ છે.રિવરફ્રન્ટ ઉપર મુકાયેલાં સિક્યોરિટી ગાર્ડ પૈકી કેટલાને તરવાનુ અને નાગરિકોને બચાવવાનો અનુભવ છે તેવા સવાલનાં જવાબમાં એવુ જણાવાયુ છે કે, અમુકને તરવાનો અનુભવ છે.રિવરફ્રન્ટ તરફથી જવાબો મળ્યા બાદ વ્યવસાયે એડવોકેટ સૈયદે જણાવ્યું હતુ કે, રિવરફ્રન્ટ મનોરંજનનુ સ્થળ બન્યુ છે કે, આત્મહત્યા કરવાનુ સ્થળ બન્યુ છે તે નદીમાં આત્મહત્યાનાં આંકડા જોઇ સમજી શકાય તેમ છે. નદીમા કૂદકો મારનારને બચાવવા માટે ફાયર બ્રિગેડનાં ભરત માંગેલ નામનાં એક ફાયરમેનની નિમણૂંક રિવરલન્ટ ખાતે કરવામાં આવી છે.